BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

## બેચલર ઑફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ (BLIS)



## BLIS - 104P

## જ્ઞાન સંગઠન અને માહિતી વ્યવસ્થાપન વર્ગીકરણ પ્રાયોગિક

## 1 ગ્રંથાલય વર્ગીકરણ (ડયુઈ દશાંશ વર્ગીકરણ પધ્ધતિ DDC 19th Ed. Part-1)

BAOU
Education
for all

## સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય **ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**ની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડી રોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારણામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણવિષયક દર્શન યાદ આવે છેઃ **'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે તેવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળના ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનો પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

**'સ્વાધ્યાયઃ પરમં તપઃ'** ધ્યાનમંત્રને કેન્દ્રમાં રાખીને આ ઓપન યુનિવર્સિટી અહીં પ્રવેશ મેળવતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવા ગુણવત્તાલક્ષી અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિદ્યાર્થીને પ્રત્યેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને તેમની રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવાની ખેવના રાખતા કોઈપણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદ્ સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી અભ્યાસ સામગ્રીને પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં અપાય છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ જ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસર્સ દ્વારા તેનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવાં દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમનાં ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમ રત યુનિવર્સિટીના જ્ઞાનની પરબસમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

અસ્તુ.

**કુલપતિશ્રી ડૉ. અમીબહેન ઉપાધ્યાય**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય પરિસર',

સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.

**નિદર્શન :**

પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય — નિયામકશ્રી, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સિઝ , ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સંપાદન :**

ડૉ. પ્રિયાંકી વ્યાસ — એસોસિયેટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.

ડૉ. ચેતના શાહ — ગ્રંથપાલ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સહ – સંપાદન :**

કિંજલ પરમાર — આસિસ્ટન્ટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

**વિષય સમિતિ:**

**(2020-2022)**

ડૉ. પ્રિયાંકી વ્યાસ — એસોસિયેટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

ડૉ. પ્રયત્કર કાનડીયા — એસોસિયેટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ.

ડૉ. અતુલ ભટ્ટ — એસોસિયેટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**(2017-2019)**

ડૉ. વૈશાલી ભાવસાર — ગ્રંથપાલ, આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ.

ડૉ. વૈદેહી પંડ્યા — ગ્રંથપાલ, હિંમતનગર લો કૉલેજ, હિંમતનગર.

ડૉ. યોગેશ પારેખ — ગ્રંથપાલ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**લેખન:**

ડૉ.લવજી ઝાલા — આસિસ્ટન્ટ પ્રોફેસર, એસ.પી.યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.

ડૉ. બાબુલાલ જે.અંકુયા — ઈ/ચા ગ્રંથપાલ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

**વિષય પરામર્શન:**

ડૉ. બટુક ગોહિલ — પૂર્વ ગ્રંથપાલ, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.

**ભાષા પરામર્શન:**

ડૉ. અજય રાવલ — એસોસિયેટ પ્રોફેસર,ગુજરાતી વિભાગ, ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, એસ.વી. કેમ્પસ પથ્થરકુવા, અમદાવાદ.

પ્રિ. ધનશ્યામ કે. ગઢવી — નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કૉલેજ, મહેસાણા

**પ્રકાશક**: કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**ISBN :** 978-93-91468-32-3

**પ્રકાશન વર્ષ : 2021**

**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

# BLIS -104

## જ્ઞાન સંગઠન અને માહિતી વ્યવસ્થાપન : વર્ગીકરણ પ્રાયોગિક

**Knowledge Organization and Information Management : Classification Practical**

વિભાગ

# 1

## ગ્રંથાલય વર્ગીકરણ (ડ્યુઈ દશાંશ વર્ગીકરણ પધ્ધતિ DDC 19th Ed. Part-1)

---

એકમ-1: પ્રસ્તાવના , માળખું અને વ્યવસ્થાપન

---

**એકમ-2:** વ્યાખ્યાઓ, નોંધો અને સૂચનો

---

**એકમ-3:** પ્રલેખો , વર્ગીકૃત કરવાના સોપાનો

---

**એકમ-4:** સાપેક્ષ અનુક્રમણિકા

---

# BLOCK- 1

## ગ્રંથાલય વર્ગીકરણ

## (ડ્યુઈ દશાંશ વર્ગીકરણ પધ્ધતિ

## DDC 19th Ed. Part-1)

## **પ્રસ્તાવના :**

ગ્રંથાલય વર્ગીકરણની સૈદ્ધાંતિક માહિતી જાણ્યા પછી વર્ગીકરણનો પ્રાયોગિક અભ્યાસ કરવો ખુબ જરૂરી છે. સૈદ્ધાંતિક માહિતીના આધારે પ્રાયોગિક કાર્ય કરવું સરળ બને છે. ગ્રંથાલય વર્ગીકરણ પ્રયોગીકમાં જુદી જુદી પદ્ધતિથી વર્ગ કેવી રીતે બનાવવા તેની જાણકારી પ્રાપ્ત થાય છે. જેમાં DDC, CC, UDC જેવી પદ્ધતિનો ઉપયોગ કરીને જુદા-જુદા પુસ્તકના મથાળાના વર્ગ આપવામાં આવે છે. દરેક પદ્ધતિના મુખ્ય વર્ગની સાથે સંબંધિત સારાણીઓનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રાયોગિક વર્ગમાં મુખ્ય DDC અને CC પદ્ધતિનો અભ્યાસ BLISમાં કરવામાં આવ્યો છે. DDCમાં ૧૯મી આવૃત્તિના બે ભાગના આધારે વર્ગ નંબર તૈયાર કરવામાં આવે છે. કોલન ક્લાસીફિકેશન રંગનાથન દ્વારા આપવામાં આવેલ વર્ગીકરણની બહુધા મુકત મુખકીય પદ્ધતિઓમાંની એક પદ્ધતિ છે. જેમાં વિષયોના નકશા, મૂળભૂત શ્રેણીઓ, પદ્ધતિઓ અને વિશિષ્ટ વર્ગો, સામાન્ય વર્ગોને સમાવી લેવામાં આવ્યા છે.

BLIS-104 **જ્ઞાન સંગઠન અને માહિતી વ્યવસ્થાપન: વર્ગીકરણ પ્રાયોગિક** વિષય કુલ 16 એકમોમાં વહેંચવામાં આવ્યા છે જેમાં 16 એકમો કુલ ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યા છે.

વિભાગ:૧ **ગ્રંથાલય વર્ગીકરણ (ડ્યુઈ દશાંશ વર્ગીકરણ પદ્ધતિ DDC 19th Ed. Part-1)** કુલ ૪ એકમ છે જેમાં પ્રસ્તાવના, માળખું અને વ્યવસ્થાપન; વ્યાખ્યાઓ, નોંધો અને સૂચનો; પ્રલેખો, વર્ગીકૃત કરવાના સોપાનો ‘સાપેક્ષ સૂચિનો ઉપયોગ; સાપેક્ષ સુચિના ઉપયોગો વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. DDCના માળખા અને વ્યવસ્થાપનનો, વ્યાખ્યાઓ, નોંધો અને ખાસ સૂચનોથી પરિચિત કરાવે છે.

વિભાગ:૨ **ગ્રંથાલય વર્ગીકરણ (ડ્યુઈ દશાંશ વર્ગીકરણ પદ્ધતિ DDC 19th Ed. Part-૨)**માં સારણી અને અનુસૂચિનો અભ્યાસ; સહાયક સરાણીઓ અને યુક્તિઓ; પ્રાયોગિક વર્ગાંક; ઉદાહરણનો સમાવેશ કરવામાં આવ્યો છે. મુખ્ય વર્ગની સાથે સારણીનો ઉપયોગ કેવી રીતે કરવો, તેમજ પ્રાયોગિક વર્ગાંકમાં અનુસૂચિ, સહાયક સરાણીઓ અને યુક્તિઓનો નિયમો પ્રમાણે ઉપયોગ કરવામાં આવે છે.

વિભાગ:3 **કોલન ક્લાસીફિકેશન પદ્ધતિ CCC 6th ed.**-2માં પરિચય માળખું અને સંગઠન, અનુસૂચિઓ, વર્ગીકરણના અહેવાલો, જૈવિક વિજ્ઞાનનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ વિભાગમાં

અલગ અલગ એકમમાં કોલન ક્લાસીફિકેશનનો પરિચય, માળખું અને સંગઠન સમજાવવામાં આવ્યા છે. આ ઉપરાંત અનુસૂચિઓ અને વર્ગીકરણના અહેવાલો સાથે જૈવિક વિજ્ઞાનનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વિભાગ: **૪ કોલન ક્લાસીફિકેશન પદ્ધતિ CCC 6th ed.-૨** માં સર્વ સામાન્ય વર્ગ, ભૌતિક વિજ્ઞાનો, માનવીય વિદ્યાઓ, સામાજિક શાસ્ત્રોનો સમાવેશ થાય છે. કોલન ક્લાસીફિકેશનમાં વિવિધ સામાન્ય વર્ગોનો સમાવેશ કરવામાં આવ્યો છે. માનવવિદ્યાઓ સાથે સામાજિક શાસ્ત્રો જેવા વર્ગોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. બંને આવૃત્તિના ત્રણ ભાગ વિષે પરિચિત કરાવવામાં આવ્યા છે.આ ઉપરાંત વિવિધ મુખકીય સબંધો, પાશ્વ સબંધો, વિશિષ્ટ વર્ગો અને સામાન્ય વર્ગોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે વિદ્યાર્થીઓને કોલન ક્લાસીફિકેશનની વિસ્તૃત અને ઊંડાણપૂર્વકની માહિતી આપે છે.

એકમ 1

# પ્રસ્તાવના, માળખું અને વ્યવસ્થાપન

## રૂપરેખા

1.0 ઉદ્દેશો
1.1 પ્રસ્તાવના
1.2 ડી.ડી.સી.ની 19મી આવૃત્તિ
1.3 ડ્યૂઈ દશાંશ વર્ગીકરણ પદ્ધતિનો વૃદ્ધિ અને વિકાસ
1.4 બંધારણ/માળખું
1.5 દશાંશ/અપૂર્ણાંકના ગુણધર્મો
1.5.1 દશાંશ અપૂર્ણાંકમાં અંકોનું સ્થાન મૂલ્ય સ્થિર હોય છે
1.5.2 દશાંશ અપૂર્ણાંકમાં જમણી બાજુના વધારાના શૂન્યનું મૂલ્ય :
1.5.3 અંકોનું કર્મવાચક મૂલ્ય
1.6 સંજ્ઞા
1.7 સારાંશ
1.8 તમારી પ્રગતિ ચકાશો
1.9 ચાવીરૂપ શબ્દો
1.10 સંદર્ભ અને વિશેષ વાંચન

## 1.0 ઉદ્દેશો (Objectives)

આ યુનિટમાં અમો તમોને ડ્યૂઈ ડેસીમલ ક્લાસિફિકેશન (ડી. ડી. સી.)ની 19મી આવૃત્તિ, તેની મૂળભૂત યોજના, સંજ્ઞાના વિશિષ્ટ લક્ષણો અને ત્રણ ખંડોની રચના જેમ કે ખંડ 1 : કોઠા, ખંડ 2 : અનુસૂચિઓ અને ખંડ 3 : સાપેક્ષ સૂચિની ઓળખ કરાવીશું.

આ યુનિટ વાંચ્યા પછી તમો :

- આ યોજના વિશેના મુખ્ય લાક્ષણિકતાઓ સમજાવી શકશો.
- દશાંશ અપૂર્ણાંક તથા આ યોજનામાં ઉપયોગમાં લેવાયેલ સંજ્ઞાત્મક પદ્ધતિના ગુણધર્મોનું વર્ણન કરી શકશો.
- આ યોજનાની મૂળભૂત રચના વિષે વર્ણન કરી શકશો.
- ડી.ડી.સી.ના ત્રણ ખંડોની વિશેષતા વિષે વર્ણન કરી શકશો.

## 1.1 પ્રસ્તાવના (Introduction)

વર્ગીકરણનો અર્થ વસ્તુઓ, પદાર્થો, કે સત્વો (entities)ને એક કરતા વધારે વર્ગોમાં વિભાજીત કરવું તેવો થાય છે. વસ્તુઓ, વ્યક્તિઓ, પદાર્થોને તેમની કોઈ એક લાક્ષણિકને આધારે અન્ય વસ્તુઓ, વ્યક્તિઓ અને પદાર્થોથી અલગ તારવવા એટલે વર્ગીકરણ. આમ વર્ગીકરણનો મુખ્ય હેતુ એક સરખી લાગતી વસ્તુઓને એક જૂથમાં રાખવી અને અલગ લાગતી વસ્તુઓને જુદી રાખવી.

આપણી રોજિંદી કામગીરીમાં જાણે અજાણે આપણે વર્ગીકરણનો ઉપયોગ કરીએ છીએ અને તેનો અનુભવ કરતા હોઈએ છીએ. જેમ કે હાઈપર માર્કેટ કે સુપર માર્કેટમાં તમામ ચીજ વસ્તુઓને તેની લાક્ષણિકતાને આધારે ગોઠવવામાં આવે છે. જેમ કે ખાદ્ય ચીજો, શાકભાજી, ફળ–ફળાદી, ધાન્ય ચીજો, ખાદ્ય તેલ, ઈલેક્ટ્રોનિક્સ વગેરે. એવી જ રીતે આપણા ઘરમાં રસોડાની વસ્તુઓ પણ તેના ગુણધર્મ પ્રમાણે ગોઠવવામાં આવે છે. દવાની દુકાનમાં દવાઓને રોગની લાક્ષણિકતા કે બ્રાન્ડ કે કંપનીના નામ પ્રમાણે ગોઠવવામાં આવે છે. પોસ્ટ ઓફિસ અથવા કુરિયર કંપની પણ જુદા જુદા વિસ્તારના પિનકોડ નંબર પ્રમાણે પત્રો કે પાર્સલની ગોઠવણી કરે છે. આમ વર્ગીકરણ આપણા રોજિંદા વ્યવહારમાં એક યા બીજી રીતે વણાયેલ છે.

ગ્રંથાલયોમાં પણ પ્રલેખો એટલે કે પુસ્તકો અને અન્ય વાંચન સામગ્રીને વિષય પ્રમાણે ચોક્કસ જગ્યાએ ગોઠવવામાં આવે છે જેથી જ્યારે કોઈ પ્રલેખની જરૂર પડે તો તેને ત્વરિત શોધી શકાય અને પુનઃ તેના સ્થાને ગોઠવી શકાય. આમ આ માટે વૈશ્વિક ખ્યાતનામ અને અધિકૃત વર્ગીકરણ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે ડ્યૂઈ દશાંશ વર્ગીકરણ, લાઈબ્રેરી ઓફ કોંગ્રેસ વર્ગીકરણ, યુનિવર્સલ ડેસિમલ વર્ગીકરણ, રંગનાથનની દ્વી બિંદુ વર્ગીકરણ, બ્લિસની બિબ્લીઓગ્રાફિક વર્ગીકરણ વગેરે જેવી ઘણી વર્ગીકરણ પદ્ધતિઓ છે.

## 1.2 ડી.ડી.સી.ની 19મી આવૃત્તિ (19th Edition of D.D.C.)

ડ્યૂઈ દશાંશ વર્ગીકરણ પદ્ધતિના રચયિતા મેલ્વિલ લુઈસ કોસુંથ ડ્યૂઈનો જન્મ 10 ડિસેમ્બર 1851ના રોજ ન્યુયોર્કના આદમ્સ સેન્ટરમાં થયો હતો. જન્મથી તેમને વિવિધ વસ્તુઓને વ્યવસ્થિત ક્રમમાં ચોક્કસ જગ્યાને ગોઠવવાનો શોખ હતો. તેથી તેઓ નાનપણમાં તેમની માતાને ઘરમાં આ કામમાં મદદ કરતા હતા. એટલે બીજા શબ્દોમાં કહીએ તો મેલ્વિલ ડ્યૂઈમાં ગ્રંથપાલના ગુણો બાળ અવસ્થાથી જોવા મળતા હતા. તેમના પિતા એક ડિપાર્ટમેન્ટલ સ્ટોર ચલાવતા હતા તથા પગરખાં બનાવવાની કામગીરી કરતા હતા.

મેલ્વિલ ડ્યૂઈએ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન અભ્યાસક્રમમાં 1870માં આમહર્સ્ટ કોલેજમાં પ્રવેશ મેળવ્યો. ઈ. સ. 1872માં તેમને આમહર્સ્ટ કોલેજમાં ગ્રંથાલય વિદ્યાર્થી (Library Student) તરીકે ગ્રંથાલય મદદનીશ તરીકે હંગામી ધોરણે સેવામાં જોડાયા. આમહર્સ્ટ કોલેજ ગ્રંથાલયમાં તે સમયે ગ્રંથસંગ્રહને ગોઠવવાની પદ્ધતિ અનુકૂળ ન લગતા ગ્રંથાલયના ગ્રંથસંગ્રહને યોગ્ય ક્રમમાં ગોઠવવા ઈ. સ. 1873માં એક યોજના રજુ કરી. તેમની ઉત્કૃષ્ટ કામગીરીને ધ્યાનમાં લઈ 1874માં આજ ગ્રંથાલયમાં તેમની મદદનીશ કોલેજ ગ્રંથપાલ તરીકે તેમની કાયમી નિમણુંક થઈ. સતત ત્રણ વર્ષના અવિરત પ્રયાસોથી 1876માં તેમણે સૂચીકરણ અને નિર્દેશીકરણની ( ) અનોખી પદ્ધતિ વિકસાવી જેને ડ્યૂઈ ડેસીમલ ક્લાસિફિકેશન (ડી.ડી.સી.) તરીકે વધુ પ્રચલિત થઈ. જો કે 1876ની આ પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના (Preface) માં જણાવવામાં આવ્યું છે કે ડી.ડી.સી.ની રચના સૂચીકરણ અને નિર્દેશીકરણ (Indexing) ના હેતુ માટે કરવામાં આવી હતી પરંતુ ફલક (Shelf) પર પુસ્તકો અને પુસ્તિકાઓ (Pamphlets)ની ગોઠવણી માટે પણ આ પદ્ધતિ એટલીજ ઉપયોગી બનશે. આમ સમય જતા આ પદ્ધતિ વર્ગીકરણ પદ્ધતિ તરીકે ઓળખાવા લાગી.

## 1.3 ડ્યૂઈ દશાંશ વર્ગીકરણ પદ્ધતિનો વૃદ્ધિ અને વિકાસ (Growth & Development of Dewey Decimal Classification)

ડી.ડી.સી.ની પ્રથમ આવૃત્તિ 1876માં કુલ 44 પાનામાં પ્રકાશિત થઈ જેમાં 1 પાનું મુખપૃષ્ઠ માટે, 1 પાનું શીર્ષક માટે, 8 પાનાં પ્રસ્તાવના (Preface) માટે, 12 પાનાં કોઠા અને અનુસૂચિ (Tables & Schedules) માટે, 18 પાનાં સૂચિ (Index) માટે, 2 પાનાં સમજૂતી (Explanaory) માટે તથા 2 પાનાં વિષય સૂચિ (Subject Catalogue) સમાવેશ થાય છે. આ પ્રથમ આવૃત્તિમાં અરેબિક અંકો 0 થી 9 નો શુદ્ધ સંજ્ઞા તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે.

| વિગત | પાનાની સંખ્યા |
|---|---|
| મુખપૃષ્ઠ | 1 |
| શીર્ષક | 1 |
| પ્રસ્તાવના | 8 |
| કોઠા અને અનુસૂચિ (Tables & Schedules) | 12 |
| સૂચિ (Index) | 18 |
| સમજૂતી (Explanatory) | 2 |
| વિષય સૂચિ | 2 |
| **કુલ** | **44** |

| આવૃત્તિ | પ્રકાશન વર્ષ | કુલ પાના | ખંડોની સંખ્યા | શિર્ષક |
|---|---|---|---|---|
| 1 | 1876 | 44 | 1 | સૂચીકરણ માટે અને ગ્રંથાલયના પુસ્તકો અને પુસ્તિકાઓની ગોઠવણી માટેની વર્ગીકરણ અને વિષય સૂચિ |
| 2 | 1885 | 314 | 1 | દશાંશ વર્ગીકરણ અને સાપેક્ષ સૂચિ |
| 3 | 1888 | 416 | 1 | દશાંશ વર્ગીકરણ અને સાપેક્ષ સૂચિ |
| 4 | 1891 | 466 | 1 | દશાંશ વર્ગીકરણ અને સાપેક્ષ સૂચિ |
| 5 | 1894 | 467 | 1 | દશાંશ વર્ગીકરણ અને સાપેક્ષ સૂચિ |
| 6 | 1899 | 511 | 1 | દશાંશ વર્ગીકરણ અને સાપેક્ષ સૂચિ |
| 7 | 1911 | 792 | 1 | દશાંશ વર્ગીકરણ અને સાપેક્ષ સૂચિ |
| 8 | 1913 | 850 | 1 | દશાંશ વર્ગીકરણ અને સાપેક્ષ સૂચિ |
| 9 | 1915 | 856 | 1 | દશાંશ વર્ગીકરણ અને સાપેક્ષ સૂચિ |
| 10 | 1919 | 940 | 1 | દશાંશ વર્ગીકરણ અને સાપેક્ષ સૂચિ |
| 11 | 1922 | 988 | 1 | દશાંશ વર્ગીકરણ અને સાપેક્ષ સૂચિ |
| 12 | 1927 | 1243 | 1 | દશાંશ વર્ગીકરણ અને સાપેક્ષ સૂચિ |
| 13 | 1932 | 1647 | 1 | દશાંશ વર્ગીકરણ અને સાપેક્ષ સૂચિ |
| 14 | 1942 | 1927 | 1 | દશાંશ વર્ગીકરણ અને સાપેક્ષ સૂચિ |
| 15 | 1951 | 716 | 1 | ડ્યૂઈ દશાંશ વર્ગીકરણ અને સાપેક્ષ સૂચિ |
| 15 (પુનઃ મુદ્રિત) | 1952 | 927 | 1 | ડ્યૂઈ દશાંશ વર્ગીકરણ અને સાપેક્ષ સૂચિ |
| 16 | 1958 | 2439 | 2 | ડ્યૂઈ દશાંશ વર્ગીકરણ અને સાપેક્ષ સૂચિ |
| 17 | 1965 | 2153 | 2 | ડ્યૂઈ દશાંશ વર્ગીકરણ અને સાપેક્ષ સૂચિ |
| 18 | 1971 | 2718 | 3 | ડ્યૂઈ દશાંશ વર્ગીકરણ અને સાપેક્ષ સૂચિ |
| 19 | 1979 | 3385 | 3 | ડ્યૂઈ દશાંશ વર્ગીકરણ અને સાપેક્ષ સૂચિ |

ઉપરોક્ત કોષ્ટક પરથી જાણી શકાય છે કે ડી.ડી.સી. પ્રથમ આવૃત્તિથી સોળમી આવૃત્તિ સુધી સમયાંતરે ત્રણ અલગ અલગ શીર્ષકથી ઓળખાતી હતી. જેમકે પ્રથમ આવૃત્તિ (1876) ''સૂચીકરણ માટે અને ગ્રંથાલયના પુસ્તકો અને પુસ્તિકાઓની ગોઠવણી માટેની વર્ગીકરણ અને વિષય સૂચિ'' શીર્ષક નામે તથા બીજી આવૃત્તિ (1885) થી ચૌદમી આવૃત્તિ (1942) ''દશાંશ વર્ગીકરણ અને સાપેક્ષ સૂચિ'' શીર્ષક નામે ઓળખાતી જ્યારે પંદરમી આવૃત્તિ (1951, પુનઃ મુદ્રિત 1952)થી ઓગણીસમી આવૃત્તિ (1979) ''ડ્યૂઈ દશાંશ વર્ગીકરણ અને સાપેક્ષ સૂચિ'' શીર્ષક નામે ઓળખાય છે. પ્રથમ આવૃત્તિથી પંદરમી આવૃત્તિ (1951, પુનઃ મુદ્રિત 1952) માત્ર એક જ ખંડમાં પ્રકાશિત થતી હતી જ્યારે સોળમી આવૃત્તિ (1958) અને સત્તરમી આવૃત્તિ (1965) બે ખંડમાં જ્યારે અઢારમી આવૃત્તિ (1971) અને ઓગણીસમી આવૃત્તિ (1979) ત્રણ ખંડો સાથે પ્રકાશિત થઈ છે.

ડી.ડી.સી.ની ઓગણીસમી આવૃત્તિ નીચે પ્રમાણે ત્રણ ખંડોમાં પ્રકાશિત થઈ છે.

| ખંડ | ખંડનું શીર્ષક | ખંડની વિશેષતા | ખંડના પાના |
|---|---|---|---|
| 1 | પ્રાસ્તાવિક : કોષ્ટકો (Introduction : Tables) | કુલ સાત કોષ્ટકો<br>**પ્રથમ કોષ્ટક :** સામાન્ય પેટા વિભાગો (Standard Subdivisions)<br>**બીજુ કોષ્ટક :** ભૌગોલિક વિસ્તારો (Areas)<br>**ત્રીજુ કોષ્ટક :** વૈયક્તિક સાહિત્ય માટેના પેટા વિભાગો (Subdivisions of Individual Literatures)<br>**ચોથુ કોષ્ટક :** વૈયક્તિક ભાષાઓના પેટા વિભાગો (Subdivisions of Individual Languages)<br>**પાંચમું કોષ્ટક :** વંશ, જાતિ અને રાષ્ટ્રીય જૂથો (Racial, Ethnic, National Groups)<br>**છઠ્ઠુ કોષ્ટક :** ભાષાઓ (Languages)<br>**સાતમું કોષ્ટક :** વ્યક્તિઓ (Persons) | રોમન અંકો : lxxxvi ભારતીય અરબી અંકો : 482 |
| 2 | અનુસૂચિઓ (Schedules) | મુખ્ય વર્ગો, મુખ્ય વર્ગોના વિભાગો (વિષયો), વિષયોના પેટા વિભાગો વિગેરે (000 થી 999) | રોમન અંકો : x ભારતીય અરબી અંકો : 1574 |
| 3 | સાપેક્ષ સૂચિ (Relative Index) | અનુસૂચિઓ અને કોષ્ટકોમાં સમાવિષ્ટ નોંધપાત્ર પદોની સૂચિ જેમાં વિષય સાથે સંકળાયેલા વિવિધ પાંસાઓને વર્ણાનુક્રમમાં એકબીજાની નજીક ગોઠવવામાં આવે છે. | રોમન અંકો : xiii ભારતીય અરબી અંકો : 1217 |

દરેક કોષ્ટક અને તેના ઉદાહરણોને નીચે પ્રમાણે સરળ રીતે સમજાવવાં આવ્યા છે.

| કોષ્ટક | શીર્ષક | વર્ગાંક |
|---|---|---|
| **પ્રથમ કોષ્ટક :**<br>સામાન્ય પેટા વિભાગો (Standard Subdivisions) | Dictionary of Philosophy | **વિશ્લેષણ :**<br>[100] Philosophy<br>[-03] Dictionary<br>(From Table 1)<br>**સંયોજન :**<br>103 |
| **બીજું કોષ્ટક :**<br>ભૌગોલિક વિસ્તારો (Areas) | Public Libraries in India | **વિશ્લેષણ :**<br>[000] Generalities<br>[020] Library and Information Sciences<br>[027] General Libraries<br>[027.4] Public Libraries<br>[-54] India (From Table 2)<br>**સંયોજન :**<br>027.454 |
| **ત્રીજું કોષ્ટક :**<br>વૈયક્તિક સાહિત્ય માટેના પેટા વિભાગો (Subdivisions of Individual Literatures) | English Poetry | **વિશ્લેષણ :**<br>[800] Literature<br>[820] English Literature<br>[-1] Poetry (From Table 3)<br>**સંયોજન :**<br>821 |
| **ચોથું કોષ્ટક :**<br>વૈયક્તિક ભાષાઓના પેટા વિભાગો (Subdivisions of Individual Languages) | Phonology of Bengali | **વિશ્લેષણ :**<br>[400] Language<br>[490] Other Languages<br>[491] East INd0-European and Celtic Languages<br>[491.4] Modern Indic Language<br>[491.44] Bengali<br>[-15] Phonology (From Table 4)<br>**સંયોજન :**<br>491.441 5 |
| **પાંચમું કોષ્ટક :**<br>વંશ, જાતિ અને રાષ્ટ્રીય જૂથો (Racial, Ethnic, National Groups) | Ceramic Arts of Gujars | **વિશ્લેષણ :**<br>[700] The Arts<br>[730] Plastic Arts Sculpture<br>[738] Ceramic Arts<br>[-089] Treatment among Specific Racial, Ethnic, National Groups (From Table 1)<br>[-9147] Gujars (From Table 5)<br>**સંયોજન :**<br>738.089 914 7 |

| | | |
|---|---|---|
| **છઠ્ઠું કોષ્ટક :**<br>ભાષાઓ (Languages) | Translation of Bible in Gujarati<br><br>Muslim Artists | **વિશ્લેષણ :**<br>[200] Religion<br>[220] Bible<br>[220.5] Modern Versions and Translations<br>[-91471] Gujarati<br>(From Table 6)<br>**સંયોજન :**<br>220.591 471 |
| **સાતમું કોષ્ટક :**<br>વ્યક્તિઓ (Persons) | | **વિશ્લેષણ :**<br>[700] The Arts<br>[704] Special topics of General Applicability in Fine and Decorative Arts<br>[-2971] Islam (Muslims)<br>(From Table 7)<br>**સંયોજન :**<br>704.297 1 |

## 1.4 બંધારણ/માળખું (Structure/Format)

ડી.ડી.સી.ની 19મી આવૃત્તિમાં અરેબિક અંકો 0 થી 9 શુદ્ધ સંજ્ઞાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ અંકોનો દશાંશ અંકો તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે. ડી.ડી.સી.માં જે વર્ગ નંબર બનાવવામાં આવે છે તે ઓછામાં ઓછા ત્રણ અંકોનો હોય છે. વર્ગ નંબરના ત્રણ અંકો પુરા કરવા જરૂર જણાય તેટલા શૂન્ય '0' નો ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે મુખ્ય વર્ગોમાં તત્વજ્ઞાન અને સંબંધિત શાખાઓ (Philosophy and related desciplines) માટે વર્ગ નંબર 1 નક્કી કરવામાં આવ્યો છે. આ વર્ગ નંબર માત્ર એક અંકમાં જ છે પરંતુ ત્રણ અંકો પુરા કરવા આ વર્ગની પાછળ બે શૂન્ય '00' નો ઉપયોગ કરવાથી તત્વજ્ઞાન અને સંબંધિત શાખાઓનો વર્ગ નંબર 100 બને છે.

| મુખ્ય વર્ગો (એક અંક અને દશાંશ) | મુખ્ય વર્ગો (ત્રણ અંકો) | મુખ્ય વર્ગોના નામ |
|---|---|---|
| .0 | 000 | Genetalities (સર્વ સામાન્ય) |
| .1 | 100 | Philosophy and related desciplines (તત્વજ્ઞાન અને સબંધિત શાખાઓ) |
| .2 | 200 | Religion (ધર્મ) |
| .3 | 300 | Social Sciences (સામાજિક વિજ્ઞાનો) |
| .4 | 400 | Language (ભાષા) |
| .5 | 500 | Pure Sciences (શુદ્ધ વિજ્ઞાનો) |
| .6 | 600 | Technology - Applied Sciences (યંત્ર ઉદ્યોગશાસ્ત્ર (વ્યવહારુ વિજ્ઞાનો)) |
| .7 | 700 | Arts (લલિતકળાઓ) |

| | | |
|---|---|---|
| .8 | 800 | Literature (Belles-Letteres (સાહિત્ય (શુદ્ધ સાહિત્યિક લખાણો)) |
| .9 | 900 | General geography and history and their auxiliaries (સામાન્ય ભૂગોળ અને ઇતિહાસ અને તેના સહાયકો) |

યાદ રાખો કે દરેક વર્ગ નંબર દશાંશ છે પરંતુ વ્યવહારિક ઉપયોગમાં વર્ગ નંબરની શરૂઆતમાં દશાંશ ચિહ્ન '.' મુકવામાં આવતું નથી. જોકે વર્ગ નંબરનો ત્રીજા અને ચોથા અંકની વચ્ચે દશાંશનું ચિહ્ન ડોટ મુકવામા આવે છે પરંતુ છઠ્ઠા અને સાતમા અંકની વચ્ચે દશાંશ ચિહ્ન ડોટ ના મુકતા બન્ને વચ્ચે એક અંક જેટલી જગ્યા રાખવામાં આવે છે. જેમ કે 110.356 921

પ્રત્યેક મુખ્ય વર્ગને વિભાજીત કરવાથી દરેક મુખ્ય વર્ગના 9 વિભાગો (divisions) મળે છે જેને વિષયો તરીકે પણ ઓળખવામાં આવે છે. જેમ કે :

| **વિભાગો/વિષયો (બે અંકો/દશાંશ અંક)** | **વિભાગો/વિષયો (ત્રણ અંકો)** | **વિભાગો/વિષયોના નામ** |
|---|---|---|
| .11 | 110 | Metaphysics |
| .12 | 120 | Epistemology, causation, humankind |
| .13 | 130 | Paranormal phenomena & arts |
| .14 | 140 | Specific philosophical viewpoints |
| .15 | 150 | Psychology |
| .16 | 160 | Logic |
| .17 | 170 | Ethics (Moral philosophy) |
| .18 | 180 | Ancient, medieval, oriental |
| .19 | 190 | Modern Western philosophy |

ઉપરોક્ત ટેબલ પરથી જાણી શકાય છે કે મુખ્ય વર્ગના વિભાગોનો વર્ગ નંબર બે અંકોમાં હોવા છતાં ત્રણ અંકો પુરા કરવા માટે એક શૂન્ય '0' નો ઉપયોગ કરવામાં આવે છે. આમ દરેક મુખ્ય વર્ગને વિભાજીત કરતા કુલ 90 વિભાગો અથવા વિષયો મળે છે.

મુખ્ય વર્ગના દરેક વિભાગને પુનઃ વિભાજીત કરતા પ્રત્યેક વિભાગના 9 ખંડો (Sections) મળે છે જેને પેટા–વિષયો તરીકે પણ ઓળખવાં આવે છે જેમ કે :

| **ખંડો/ પેટા-વિષયો (દશાંશ અંક)** | **ખંડો/ પેટા-વિષયો (ત્રણ અંકો)** | **ખંડો/ પેટા-વિષયોના નામ** |
|---|---|---|
| .111 | 111 | Ontology |
| .112 | 112 | |
| .113 | 113 | Cosmology |
| .114 | 114 | Space |
| .115 | 115 | Time |
| .116 | 116 | Evolution |

| | | |
|---|---|---|
| .117 | 117 | Structure |
| .118 | 118 | Force & energy |
| .119 | 119 | Number & quantity |

ઉપરોક્ત ટેબલ પરથી જાણી શકાય છે પ્રત્યેક ખંડ ઓછામાં ઓછા ત્રણ અંકોનો હોવાથી અહીં વર્ગાકની પાછળ શૂન્ય ઉમેરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**નોંધ :** વર્ગ નંબર 112 નો ઉપયોગ કોઈ પણ ખંડ કે પેટા–વિષય માટે કરવામાં આવ્યો નથી પરંતુ તેને અનામત રાખવામાં આવ્યો છે. વર્ગ નંબર 110 એટલે કે અધ્યાત્મવિદ્યા અંતર્ગત ભવિષ્યમા જ્યારે કોઈ પેટા–વિષય ઉદભવે ત્યારે તે વર્ગ નંબર (112)નો ઉપયોગ કરવામાં આવશે.

ખંડ અથવા પેટા–વિષયને વિભાજીત કરતા ઉપખંડ (Sub–Section) મળે છે. જોકે પ્રત્યેક ઉપખંડનો વર્ગ નંબર ઓછામાં ઓછા 4 અંકોનો હોય છે તેથી શરૂઆતના ત્રીજા અને ચોથા અંકની વચ્ચે દશાંશ (.)ની સંજ્ઞા મુકવામાં આવે છે જેમ કે :

| ઉપખંડો (દશાંશ અંક) | ઉપખંડો | ઉપખંડોના નામ |
|---|---|---|
| .111.1 | 111.1 | Existence, essence, substance, accidents |
| .111.2 | 111.2 | Universal |
| .111.5 | 111.5 | Nonbeing, nothingness |
| .111.6 | 111.6 | Finite and infinite |
| .111.8 | 111.8 | Classical properties of being |

ઉપખંડને વિભાજીત કરતા ઉપ–ઉપખંડ (Sub-Sub-Section) મળે છે. જોકે પ્રત્યેક ઉપ–ઉપખંડનો વર્ગ નંબર ઓછામાં ઓછા 5 અંકોનો હોય છે તેથી શરૂઆતના ત્રીજા અને ચોથા અંકની વચ્ચે દશાંશ ( . )ની સંજ્ઞા મુકવામાં આવે છે જેમ કે રાજકીય પક્રિયાનો વર્ગ સંમક 324.6 છે. જો તેને પુનઃ વિભાજિત કરવામાં આવે તો નીચે પ્રમાણેના ઉપ–ઉપખંડો મળશે.

| ઉપ-ઉપખંડો (દશાંશ અંક) | ઉપ-ઉપખંડો | ઉપ-ઉપખંડોના નામ |
|---|---|---|
| .324.62 | 324.62 | Suffrage |
| .324.63 | 324.63 | Electoral systems |
| .324.64 | 324.64 | Registration and enumeration of voters |
| .324.65 | 324.65 | Polling |
| .324.66 | 324.66 | Electoral frauds |
| .324.68 | 324.68 | Recall |

આમ જ્ઞાનવિશ્વને વિભાજિત કરતા મુખ્ય વર્ગો, મુખ્ય વર્ગોને વિભાજિત કરતા વિભાગો/વિષયો, વિભાગો/વિષયોને વિભાજિત કરતા ખંડો, ખંડોને વિભાજિત કરતા ઉપખંડો, ઉપખંડોને વિભાજિત કરતા ઉપ-ઉપખંડો મળે છે. આમ સ્થૂળ વર્ગસંમકથી સૂક્ષ્મ વર્ગસંમક એટલે કે વિષયોની સ્થિતિ અંકિત કરવા માટે સામાન્યથી વિશિષ્ટ તરફ જવાની આ પ્રક્રિયા અનંત છે.

## 1.5 દશાંશ અપૂર્ણાંકના ગુણધર્મો (Feature of Dewey Decimal)

યાદ રાખો કે તમામ દશાંશ અપૂર્ણાંક પૂર્ણ સંખ્યાને અનુસરે છે અને આ અપૂર્ણાંક સંખ્યા પહેલા દશાંશ બિંદુ હોય છે. જેમ કે 25.5 તેને પચીસ ડોટ પાંચ વાંચી શકાય જેમાં 5 એ દશાંશ અપૂર્ણાંક છે અને તેની આગળ દશાંશ બિંદુ છે.. એવી જ રીતે, 025 ને શૂન્ય પોઈન્ટ બે પાંચ વાંચવામાં આવે છે અથવા સરળ શબ્દો માં દશાંશ બે પાંચ એમ વાંચવામાં આવે છે. દશાંશ અપૂર્ણાંકની કેટલીક લાક્ષણિકતા નીચે પ્રમાણે વર્ણવી છે.

### 1.5.1 દશાંશ અપૂર્ણાંકમાં અંકોનું સ્થાન મૂલ્ય સ્થિર હોય છે :

જો કોઈ સંખ્યા દશાંશ અપૂર્ણાંકની જમણી બાજુ ઉમેરવામાં આવે તો જે સંખ્યા પહેલેથી ઉપલબ્ધ છે તેની સ્થાન કિંમતમાં કોઈ ફેરફાર થતો નથી. જેમ કે દશાંશ સંખ્યા 25 ની પાછળ 2 ઉમેરવામાં આવે તો નવી દશાંશ સંખ્યા 252 બને છે પરંતુ પહેલેથી જે સંખ્યા ઉપલબ્ધ હતી તે 25 ની સ્થાન કિંમતમાં કોઈ ફેરફાર થશે નહિ. આમ થવાનું કારણ એ છે કે દશાંશ અપૂર્ણાંકની કુલ સંખ્યા ગમે તેટલી હોય પરંતુ જે તે દશાંશ અપૂર્ણાંકની સ્થાન કિંમતમાં કોઈ ફેરફાર થતો નથી.

### 1.5.2 દશાંશ અપૂર્ણાંકમાં જમણી બાજુના વધારાના શૂન્યનું મૂલ્ય :

આપણે એ પણ જાણીએ છીએ કે દશાંશ અપૂર્ણાંકમાં અંતે ગમે તેટલા શૂન્ય ઉમેરવામાં આવે તો પણ દશાંશ અપૂર્ણાંકનું મૂલ્ય સરખું રહે છે. દા. ત. 7.5, 7.50, 7.500માં દરેક દશાંશ અપૂર્ણાંક સમાન મૂલ્ય ધરાવે છે. જ્યારે દશાંશ અપૂર્ણાંકોને તેના મૂલ્ય પ્રમાણે ગોઠવાતી વખતે ખુબ જ સાવચેતી રાખવી જરૂરી છે. દાઃ ત. બે દશાંશ અપૂર્ણાંકો 25 અને 1125 માં પ્રથમ દશાંશ અપૂર્ણાંક 25નું બીજા દશાંશ અપૂર્ણાંક 1125 કરતા વધારે મૂલ્ય છે.આ સમજવા સરળ સૂત્ર એ છે કે બે કે વધારે દશાંશ અપૂર્ણાંકોમાં કોઈ દશાંશ અપૂર્ણાંક સંખ્યાનો પ્રથમ અંક બીજી દશાંશ અપૂર્ણાંક સંખ્યાના પ્રથમ અંક કરતા મોટો હોય તો પ્રથમ દશાંશ અપૂર્ણાંક બીજા દશાંશ અપૂર્ણાંક કરતા મોટો ગણાય પછી ભલે બીજી દશાંશ અપૂર્ણાંક ગમ તેટલી સંખ્યાનો હોય. જેમ કે ઉપરોક્ત ઉદાહરણમાં જોઈ શકાય છે પ્રથમ દશાંશ અપૂર્ણાંક બે સંખ્યા (25)નો છે અને આ દશાંશ અપૂર્ણાંકની પ્રથમ સંખ્યા 2 છે જ્યારે બીજો દશાંશ અપૂર્ણાંક ચાર સંખ્યા (1125)નો છે પરંતુ આ દશાંશ અપૂર્ણાંકની પ્રથમ સંખ્યા 1 છે તેથી પ્રથમ દશાંશ અપૂર્ણાંક (25) બીજો દશાંશ અપૂર્ણાંક (1125) કરતા મોટો ગણાય તેથી આ બંને દશાંશ અપૂર્ણાંકોને તેના મૂલ્યને આધારે ક્રમ મુજબ પ્રમાણે નીચે પ્રમાણે ગોઠવી શકાય.

1125

25

### 1.5.3 અંકોનું કર્મવાચક મૂલ્ય :

આ પદ્ધતિમાં સંજ્ઞા માટે જે અંકોનો ઉપયોગ કરવામાં આવે છે તેનું ક્રમવાચક મૂલ્ય છે એટલે કે એ અંકો માત્ર ક્રમ દર્શાવે છે, સંખ્યાત્મક મૂલ્ય નહિ. જેમકે દશાંશ વર્ગીકરણ પદ્ધતિમાં 530 વર્ગાંક ભૌતિકશાસ્ત્ર માટે છે. અહીં 530 વર્ગાંક ક્રમવાચક મૂલ્ય સૂચવે છે એટલે કે તેને દશાંશ પાંચ, ત્રણ, શૂન્ય એમ વાંચવું જોઈએ, નહી કે પાંચશો ત્રીસ કારણકે આ અંકો માત્ર ક્રમ દર્શાવે છે સંખ્યા નહિ. જો કે આ પધ્ધિતીમાં તમામ સંજ્ઞા માટે દશાંશ અંકનનો ઉપયોગ થતો હોવાથી વર્ગાંક વાંચતી વખતે દરેક વખતે દશાંશ શબ્દ ન બોલતા માત્ર વર્ગાંકની કર્મવાચક મૂલ્ય બોલવામાં આવે છે.

### 1.5.4 સંજ્ઞા દ્વારા પદાનુક્રમનું ચિત્રણ :

કોઈ પણ વિષયનું મૂલ્ય અથવા મહત્ત્વ શું છે તે માત્ર સંજ્ઞા દ્વારા જાણી શકાતું નથી પરંતુ સંજ્ઞા આપણને જ્ઞાન વિશ્વના અન્ય વિષયોની સબંધિત સ્થિતિ અને સ્થાન નક્કી કરવામાં મદદ કરે છે. કોઈપણ વિષય કેટલો વ્યાપક છે અને કેટલો ગહન છે તે જાણવા સંજ્ઞા આપણને મદદ કરે છે. આ ઉપરાંત કોઈ વિષયનું અન્ય વિષય સાથેનું સંયોજન (Coordination) તથા જે તે વિષય

કયા બીજા વિષયનો ભાગ (Subordination) છે તે સંજ્ઞા દ્વારા પણ જાણી શકાય છે. જેમ કે એક વિષયની સંજ્ઞા 3 છે, બીજી વિષયની સંજ્ઞા 33 અને ત્રીજી વિષયની સંજ્ઞા 331 છે. અહીં જે વિષયની સંજ્ઞા 33 છે તે વિષય સંજ્ઞા 3 સાથે સંયોજન ધરાવે છે જ્યારે જે વિષયની સંજ્ઞા 331 છે તે વિષય સંજ્ઞા 33 સાથે સંયોજન ધરાવે છે. આને બીજા શબ્દોમાં એવું કહી શકાય કે વિષય સંજ્ઞા 331 એ વિષય સંજ્ઞા 33 નો ભાગ છે અને વિષય સંજ્ઞા 33 એ વિષય સંજ્ઞા 3 નો ભાગ છે. આમ આ સંજ્ઞાઓ કે વિષયોનો પદાનુક્રમ (Heirarchy) નીચે પ્રમાણે હશે અને આવો પદાનુક્રમ ત્યારે જ શક્ય બને જ્યારે સંજ્ઞા દશાંશ અપૂર્ણાંકમાં હોય.

3

33

331

## 1.6 સંજ્ઞા (Notation) :

વિષયોના વર્ગો અને ઉપવર્ગોના નિર્દેશ માટે સંજ્ઞાનો ઉપયોગ કરવામાં આવે છે. સંજ્ઞા એ ચિહ્નો અને પ્રતીકોની કૃત્રિમ ભાષા કે જેનો ઉપયોગ શાબ્દિક સ્તરે રચાયેલ શબ્દો, પદો અને વર્ગોને સંક્ષિપ્ત સ્વરૂપે કૃત્રિમ ભાષામાં સુચાવવામાં આવે છે. સંજ્ઞા એ ગ્રંથાલયના પુસ્તકોના સંચાલન કે ગોઠવણીને મિકેનાઈઝ બનાવે છે. દશાંશ વર્ગીકરણ પદ્ધતિમાં સંજ્ઞા તરીકે ભારતીય અરબી અંકોની શુદ્ધ સંજ્ઞા એટલે કે 0 થી 9 અંકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**તમારી પ્રગતિ ચકાસો**

**નોંધ : i. નીચે આપેલ જગ્યામાં તમારો ઉત્તર લખો.**

**ii. એકમના અંતે આપેલ ઉત્તર સાથે તમારો ઉત્તર ચકાસો.**

1. ડી.ડી.સી.ની 19મી આવૃત્તિ કુલ કેટલા ખંડોમાં પ્રકાશિત થઈ છે ? દરેક ખંડની વિશેષતા જણાવો.

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

2. સંજ્ઞા એટલે શું ? ડી.ડી.સી.માં કેવા પ્રકારની સંજ્ઞાનો ઉપયોગ કરવામાં આવ્યો છે ?

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

3. ડી.ડી.સી.માં ઉપયોગમાં લેવામાં આવતા ઈન્ડો–એરેબિક અંકોનું મૂલ્ય કેવા પ્રકારનું છે ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

4. ડી.ડી.સી.ની પ્રથમ આવૃત્તિ કયા વર્ષમાં પ્રકાશિત થઈ ?

**(a) 1876** (b) 1979 (c) 1985 (d) 1971

5. ડી.ડી.સી.ની 19મી આવૃત્તિમાં કુલ કેટલા ખંડોમાં પ્રકાશિત થઈ છે ?

**(a) 3** (b) 2 (c) 4 (d) 1

6. ડી.ડી.સી.ની 19મી આવૃત્તિમાં કેટલા કોષ્ટકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે ?

(a) 5 **(b) 7** (c) 6 (d) 9

7. ડી.ડી.સી.માં જ્ઞાનવિશ્વને કેટલા મુખ્ય ભાગોમાં વિભાજીત કરવામાં આવ્યું છે ?

**(a) 10** (b) 9 (c) 90 (d) 1000

8. ડી.ડી.સી.ની 19મી આવૃત્તિ કયા વર્ષમાં પ્રકાશિત થઈ ?

(a) 1976 **(b) 1979** (c) 1985 (d) 1971

## 1.7 સારાંશ (Summary)

આ એકમમાં આપણે ડ્યૂઈ ડેસિમલ દશાંશ વર્ગીકરણ પદ્ધતિમાં 19મી આવૃત્તિની માહિતી મેળવી. આ ઉપરાંત DDCની વૃદ્ધિ અને વિકાસ કેવી રીતે થયો, તેની જાણકારી મેળવી. DDC પદ્ધતિમાં 19મી આવૃત્તિનું માળખું, તેના ગુણધર્મો અને સંજ્ઞાની માહિતી મેળવી. આ ઉપરાંત આપણે DDCની શરૂઆતની માહિતી, માળખાથી અવગત થઈએ છીએ.

## 1.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (Answer of Self-check Exercise)

**(1)** ડી.ડી.સી.ની ઓગણીસમી આવૃત્તિ કુલ ત્રણ ખંડોમાં પ્રકાશિત થઈ છે. દરેક ખંડ તેની આગવી ખાસિયત ધરાવે છે. પ્રથમ ખંડ પ્રાસ્તાવિક અને કોષ્ટકોનો છે. આ ખંડમાં એડિટરની પ્રસ્તાવનાની મુખ્યત્વે ત્રણ ભાગમાં ચર્ચા કરવામાં આવી છે જેમ કે પ્રથમ ભાગમાં ડી.ડી.સી.ની ઓગણીસમી આવૃત્તિની લાક્ષણિકતા, બીજા ભાગમાં મૂળભૂત પ્લાન એટલે કે માળખું એટલે કે બંધારણ અને ત્રીજા ભાગમાં વર્ગીકરણના ઉપયોગ માટેની પ્રાયોગિક માર્ગદર્શિકા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત ગ્લોસરી (પારિભાષિક શબ્દોનો કોશ), ઈન્ડેક્સ અને કોષ્ટકોનો પણ આ ખંડમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ ખંડમાં કુલ સાત કોષ્ટકોની સમજૂતી અને ઉપયોગ કરવાની પદ્ધતિ દર્શાવવામાં આવી છે. પ્રથમ કોષ્ટક સામાન્ય પેટા વિભાગો, બીજું કાષ્ટક ભૌગોલિક વિસ્તારો, ત્રીજુ કોષ્ટક વૈયક્તિક સાહિત્ય માટેના પેટા વિભાગો, ચોથું કોષ્ટક વૈયક્તિક ભાષાઓના પેટા વિભાગો,પાંચમું કોષ્ટક વંશ, જાતિ અને રાષ્ટ્રીય જૂથો, છઠ્ઠું કોષ્ટક ભાષાઓ અને સાતમું કોષ્ટક વ્યક્તિઓ આમ દરેક કોષ્ટકના નિયમો, વિવિધ પદોની

સંજ્ઞાઓ અને વિષય અનુસૂચિઓ સાથે દરેક કોષ્ટકનો ઉપયોગ અંગેના નિયમોની આ ખંડમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

**(2)** વિષયોના વર્ગો અને ઉપવર્ગોના નિર્દેશ માટે સંજ્ઞાનો ઉપયોગ કરવામાં આવે છે. સંજ્ઞા એ ચિહ્નો અને પ્રતીકોની કુત્રિમ ભાષા કે જેનો ઉપયોગ શાબ્દિક સ્તરે રચાયેલ શબ્દો, પદો અને વર્ગોને સંક્ષિપ્ત સ્વરૂપે કુત્રિમ ભાષામાં સુચાવવામાં આવે છે. સંજ્ઞા એ ગ્રંથાલયના પુસ્તકોના સંચાલન કે ગોઠવણીને મિકેનાઇઝ બનાવે છે. દશાંશ વર્ગીકરણ પદ્ધતિમાં સંજ્ઞા તરીકે ભારતીય અરબી અંકોની શુદ્ધ સંજ્ઞા એટલે કે 0 થી 9 અંકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**(3)** આ પદ્ધતિમાં સંજ્ઞા માટે જે અંકોનો ઉપયોગ કરવામાં આવે છે તેનું ક્રમવાચક મૂલ્ય છે એટલે કે એ અંકો માત્ર ક્રમ દર્શાવે છે, સંખ્યાત્મક મૂલ્ય નહિ. જેમકે દશાંશ વર્ગીકરણ પદ્ધતિમાં 530 વર્ગાંક ભૌતિકશાસ્ત્ર માટે છે. અહીં 530 વર્ગાંક ક્રમવાચક મૂલ્ય સૂચવે છે એટલે કે તેને દશાંશ પાંચ, ત્રણ, શૂન્ય એમ વાંચવું જોઈએ, નહી કે પાંચશો ત્રીસ કારણકે આ અંકો માત્ર ક્રમ દર્શાવે છે સંખ્યા નહિ. જો કે આ પદ્ધતિમાં તમામ સંજ્ઞા માટે દશાંશ અંકનનો ઉપયોગ થતો હોવાથી વર્ગાંક વાંચતી વખતે દરેક વખતે દશાંશ શબ્દ ન બોલતા માત્ર વર્ગાંકની કર્મવાચક મૂલ્ય બોલવામાં આવે છે.

## 1.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

- **વર્ગીકરણ :** વસ્તુ, પદાર્થો, કે સત્વોને એક કર્તા વધારે વર્ગોમાં વિભાજીત કરવું તેવો થાય છે.
- **સંજ્ઞા :** સંજ્ઞા એ ચિહ્નો અને પ્રતીકોની કુત્રિમ ભાષા કે જેનો ઉપયોગ શાબ્દિક સ્તરે રચાયેલ શબ્દો, પદો અને વર્ગોને સંક્ષિપ્ત સ્વરૂપે કુત્રિમ ભાષામાં સુચાવવામાં આવે છે.

## 1.10 સંદર્ભ અને વિશેષ વાંચન (Reference and Further Reading)

Dewey, Melvil (1979) Dewey Decimal Classification and Relative index 3 vol 19th ed. Albany: Forest Pres

★ ★ ★

# એકમ 2 વ્યાખ્યાઓ , નોંધ અને સૂચનો

## રૂપરેખા

2.0 ઉદ્દેશ્ય

2.1 પ્રસ્તાવના

2.2 વ્યાખ્યાઓ

2.3 સ્કોપ નોંધ

2.4 બીજો ભાગ : અનુસૂચિઓ

2.5 વિવિધ પ્રકારની નોંધ (નિર્દેશ)

- (1) વ્યાખ્યા નિર્દેશ (નોંધ)
- (2) સમાવિષ્ટ નિર્દેશ (નોંધ)
- (3) 'અહીં વર્ગીકૃત કરો' નિર્દેશ (નોંધ)
- (4) 'અન્યત્ર વર્ગીકૃત કરો' નિર્દેશ (નોંધ)
- (5) 'પૂર્વ વર્ગાંક' નિર્દેશ (નોંધ)
- (6) વર્ગાંક તૈયાર કરવાના નિર્દેશ (નોંધ)
  - (અ) એકલ 'યોજક' નિર્દેશ (નોંધ)
  - (બ) સામૂહિક 'યોજક' નિર્દેશ (નોંધ)
  - (ક) ''પાયાના વર્ગાંકમાં ઉમેરો'' નિર્દેશ (નોંધ)
- (7) મધ્યવર્તી શીર્ષક
- (8) બિન્દુ અને ખાલી જગ્યા
- (9) પ્રતિ નિર્દેશ (નોંધ)
  - (અ) ''જુઓ'' નિર્દેશ
  - (બ) ''માટે... જુઓ'' નિર્દેશ

2.6 સૂચનો

2.7 સારાંશ

2.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

2.9 ચાવીરૂપ શબ્દો

2.10 સંદર્ભો અને વિશેષ વાંચન

## 2.0 ઉદ્દેશો (Objectivise)

- ડી.ડી.સી. ની 19 મી આવૃત્તિમાં દર્શાવવામાં આવેલ વિભિન્ન પ્રકારની નોંધથી વિદ્યાર્થીઓને માહિતીગાર કરવા.
- ડી.ડી.સી. પદ્ધતિની અંદર ઉપલબ્ધ વ્યાખ્યાઓ, નોંધો અને સૂચનોથી માહિતીગાર કરવા.

- નોંધોની સાથે દર્શાવેલ વિવિધ પ્રકારની નોંધો અને સૂચનાઓનો અર્થ સમજવા.
- વિષય માટે Classification Number તૈયાર કરતી વખતે સૂચનોનો ઉપયોગ કરવો.
- Schedule માં કેન્દ્રીય મથાળાઓની સંકલ્પનાઓ અને તેનો ઉપયોગ ઉદાહરણ સહિત સમજણ.

## 2.1 પ્રસ્તાવના (Introduction)

ડી.ડી.સી. ની 19 મી આવૃત્તિને અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવેલ છે. ડી.ડી.સી.ની 19 મી આવૃત્તિ 1979માં ત્રણ ભાગોમાં એટલે કે 3361 પૃષ્ઠોમાં પ્રકાશિત થઇ હતી.

વર્ગીકરણ પદ્ધતિના કોઠાગત અને મુખકીય એમ બે પ્રકાર છે. કોઠાગત વર્ગીકરણ પદ્ધતિમાં Subject ના અંગઉપાંગ તેમ જ Subject ના સંયોજનોના તૈયાર નંબર આપેલાં હોય છે. તેના પણ બે વિભાગ છે (1) સંપૂર્ણ કોઠાગત અને (2) અંશતઃ કોઠાગત. ડી.ડી.સી. પદ્ધતિ એ અંશતઃ કોઠાગત પદ્ધતિ છે, કારણ કે તેમાં કેટલાંક વધારાના કોઠાઓ પણ આપેલાં છે.

Classification માટે સામાન્ય રીતે Subject ને જ મહત્ત્વ આપવામાં આવે છે. ડી.ડી.સી. અનુસાર કોઈપણ Subject ના Classification Number તૈયાર કરવા માટે ત્રણ અંકો (Digit)નો પ્રયોગ કરવાનું જરૂરી છે. ત્રણથી વધુ અંકો હોય તો ત્રણ અંક પૂર્ણ થયા પછી ચોથો અંક મૂકતાં પહેલા બિંદુ મુકવામાં આવે છે અને સાતમો અંક મૂકતાં પહેલા એક અંક જેટલી જગ્યા ખાલી રાખવામાં આવે છે. સંજ્ઞા (notation) માં સ્વાગતશીલતા લાવવા માટે અંકોને દશાંશમાં ફેરવવામાં આવે છે, તેથી આ પદ્ધતિ દશાંશ વર્ગીકરણ પદ્ધતિ તરીકે પ્રસિદ્ધ થઇ છે. પરંતુ દશાંશ ચિહન કોઈપણ Classification Number માં સૌપ્રથમ દર્શાવતા તે સામાન્ય બનતું હોઈ તેનો પ્રયોગ કરવામાં આવ્યો નથી.

Classification Number ને સૂક્ષ્મ અને વિસ્તારશીલ બનાવવા માટે ડી.ડી.સી.માં મુખ્ય કોઠાઓ ઉપરાંત સાત સહાયક કોઠાઓ પણ આપવામાં આવેલ છે. આ સહાયક કોઠાઓનો ઉપયોગ મૂળ કોઠાના પ્રતીક સાથે તે માટેના નિયમોને આધીન રહીને કરવામાં આવે છે.

ડી.ડી.સી. પદ્ધતિ કોઠાગત અથવા ગણનાક્ષમ પ્રકારની એટલે કે તૈયાર Classification Number આપતી વર્ગીકરણ પદ્ધતિ છે. સાથે જ જેમાં આપવામાં આવેલી સાપેક્ષ અનુસૂચિ Classification Number નો તાળો મેળવવા માટે કે Classification Number ની શોધ માટે ખૂબ જ ઉપયોગી નીવડે છે. આ માટે ડી.ડી.સી.માં વ્યાખ્યા, નોંધો અને સૂચનો પણ આપવામાં આવેલાં છે.

આમ, આ પ્રકરણના સંબંધમાં 'નોંધો' એટલે પ્રાયોગિક કક્ષાએ વર્ગીકરણ કરવા માટે જરૂરી સૂચનો અને સમજ.

વર્ગ કે તેના પેટાવિભાગોમાં શું સમાવાયું છે તેનું વ્યાખ્યાંકન. આ વ્યાખ્યા નોંધો 19 મી આવૃત્તિમાં મહત્તમ પ્રમાણમાં આપવામાં આવી છે. જ્યારે 20 મી આવૃત્તિમાં તેનું પ્રમાણ ઘટાડવામાં આવ્યું છે.

## 2.2 વ્યાખ્યાઓ (Definition)

વ્યાખ્યા એ નિયમ નથી. જો કે જયાં વ્યાખ્યા દર્શાવેલ નથી, ત્યાં વ્યાખ્યા માટે શબ્દકોશને ધ્યાને લેવો પડે છે.

- **વ્યાખ્યા નોંધો (DEFINITION NOTES) :**

(1) ડી.ડી.સી.માં વિવિધ જગ્યાએ વ્યાખ્યા નોંધો આપવામાં આવેલી છે. આ એક નોંધના સ્વરૂપમાં દેખાય છે અને Classification Number અને તેમના દ્વારા રજૂ કરેલા Subjectsને વ્યાખ્યાયિત કરે છે.

(2) જો કોઈ Subject ની વિશેષતા વિશે કોઈ ચોક્કસ Classification Number હેઠળ વર્ગીકૃત કરવામાં આવે તો ધ્યાનપૂર્વક અભ્યાસ અને વ્યાખ્યા નોંધોનો વ્યાપક વ્યાપ મૂંઝવણને દૂર કરે છે.

(3) આ નોંધો તેથી પુસ્તકને હાથમાં લેવાની વર્ગની શુદ્ધતા વિશે નિર્ણય લેવામાં વર્ગ તૈયાર કરવા માટે મદદ કરે છે.

વર્ગીકરણ પદ્ધતિમાં વિષયવિશ્વના વિવિધ વર્ગોનો ક્રમ અને સંખ્યામાં વૈવિધ્યપૂર્ણ જોવા મળે છે. ડી.ડી.સી. પદ્ધતિમાં મુખ્યવર્ગો અને તેના પેટાવિભાગોના શાબ્દિક શબ્દોની વ્યાખ્યાઓ આપવામાં આવેલી છે. આ વ્યાખ્યા જે તે Subject ના Headings હેઠળ નાના ટાઈપના અક્ષરોમાં પ્રસ્તુત કરવામાં આવેલી છે.

દા.ત. 410 = Linguistics ની નીચે "Science and structure of spoken and written language". વ્યાખ્યા આપવામાં આવેલી છે. આ પ્રકારની ટિપ્પણીમાં શીર્ષકોના હેતુને સ્પષ્ટ કરવામાં આવેલ છે. જેમાં એ સ્પષ્ટ કરવામાં આવે છે કે કઈ રીતે Subject અથવા વિષયાત્મક સંકલ્પનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વર્ગ એ ગણતરીમાં લીધેલા બધા પેટા વિભાજનોનો કુલ સરવાળો છે. ડી.ડી.સી.માં કેટલાંક વર્ગો અને તેના પેટાવિભાગોની વ્યાખ્યાઓ શાબ્દિક વ્યાખ્યામાં સ્પષ્ટ રીતે આપવામાં આવેલી છે. દા.ત. "330 Economic" માં તેની વ્યાખ્યા "માનવીય વર્તનનું વિજ્ઞાન છે જે ઉત્પાદન, વહેંચણી અને ઉપભોગ દ્વારા જરૂરિયાતો અને ઇચ્છાઓ સંતોષવા માટે વપરાતા અપર્યાય ઉપકરણો સાથે સંબંધિત છે".

આપણે 020 = Library and information science ની વ્યાખ્યા શોધીએ. વ્યાખ્યા : 020 – "The science and art utilized in identification, collection, organization, dissemination, use of books, other printed and written records, audio visual materials, information".

આમ, ડી.ડી.સી.ના દશ Main Classes અને તેના પેટાવિભાજનમાં કેટલાંક, Main Classes અને તેના પેટાવિભાગોના Subject ની વ્યાખ્યા કોઠાઓમાં પ્રસ્તુત કરેલી છે. દા.ત. 200=Religion ની કોઠાની 93 પૃષ્ઠ સંખ્યા પર વ્યાખ્યા આપવામાં આવેલી છે.

ડી.ડી.સી. ના કોઠામાં Subject ના Classification Numbers પૈકી થોડાંક Subjectsનો વ્યાપ દર્શાવવામાં આવેલ છે. આવી નોંધથી અર્થ વધારે સ્પષ્ટ બને છે અને ગ્રંથનું Classification કાર્ય વધુ સ્પષ્ટ થાય છે.

ડી.ડી.સી.ના કોઠાનું આ અગત્યનું લક્ષણ એ ડી.ડી.સી. પદ્ધતિની ખાસ વિશેષતા છે. Classificationના બધાજ કોઠાઓ એટલે કે Tablesમાં Subjectsની વ્યાખ્યા અને Subjectનો વ્યાપ મોટાભાગે પ્રસ્તુત કરવામાં આવેલ છે. પણ કોઠામાંના દરેક Classification Numbers હેઠળ વ્યાખ્યા આપવી મુશ્કેલ કાર્ય છે. એટલે કે માન્ય શબ્દકોશનો સહારો લેવા ઉચિત છે.

કેટલાક Subject ની વ્યાખ્યાને બદલે Subject નો વ્યાપ દૃષ્ટાંત સહિત સમજાવવામાં આવેલ છે.

વ્યાખ્યા નોંધોનાં ઉદાહરણ નીચે પ્રમાણે છે :

**330 Economic**

માનવીય વર્તનનું વર્તન, કારણ કે તે જરૂરિયાતને સંતોષ માટે બીજાં માધ્યમોના ઉપયોગ સાથે સંબંધિત છે અને ઉત્પાદન વપરાશ દ્વારા મેળવે છે.

**400 Language**

વ્યવસ્થિત પ્રતીકવાદ દ્વારા વિચારોની અભિવ્યક્તિ અને સમજણ.

**410 Linguistics**

બોલાયેલી અને લેખિત ભાષાનું વિજ્ઞાન અને બંધારણ.

**546 Inorganic Chemistry**

અકાર્બનિક સંયોજનો અને મિશ્રણોના તત્વોનું રસાયણશાસ્ત્ર.

**334 Cooperatives**

સમર્થન અથવા ભાગીદારીના આધારે કમાણીના વિતરણ સાથે આર્થિક માલના ઉત્પાદન અને વહેંચણીમાં જોડવા માટે વ્યક્તિઓના જૂથો દ્વારા સ્થાપિત સ્વૈચ્છિક સંસ્થાઓ.

**351.86 Housing and public works**

જાહેર બાંધકામો અને આનંદ માટેની શાળાઓ, ધોરીમાર્ગ, ગોદી જેવાં બાંધકામો, ખાસ કરીને જ્યારે નાણાકીય અને સરકારી માલિકીની હોય ત્યારે.

**340.109 Legal Theories and Schools Law**

જીવનચરિત્ર, વ્યક્તિગત સિદ્ધાંતોના કાર્યો અને વર્ણનનું મહત્ત્વપૂર્ણ મૂલ્યાંકન.

## 2.3 અવકાશ નોંધો (Scope Notes)

વિવિધ સ્થળોએ વ્યાખ્યા ઉપરાંત, સંબંધિત Classification Number હેઠળના Scheduleમાં પણ અવકાશ નોંધો આપવામાં આવી છે. અવકાશ નોંધો Classification Number ને નક્કી કરવામાં વર્ગીકરણ કરનારને મદદ કરે છે. અને પછી તે ચોક્કસ Classification Number આપવા માટે પુસ્તક માટે યોગ્ય છે કે કેમ ? તે અંગે નિર્ણય લેવા માટેની અસ્પષ્ટતા દૂર કરે છે.

જો કોઈ વિષયના ક્ષેત્ર (Scope) ની માહિતી ન હોય તો તે અંતર્ગત આપવામાં આવેલી માહિતીનો અભ્યાસ કરવો જોઈએ. કારણ કે કેટલાંક Titles ને ઉત્તમ રીતે સમજવા માટે તેની નીચે વ્યાખ્યાત્મક ટિપ્પણી (નોંધ) આપવામાં આવેલી હોય છે તથા ક્યાંક ક્યાંક Title ને વ્યાખ્યાયિત પણ કરવામાં આવેલ હોય છે.

## 2.4 બીજો ભાગ : અનુસૂચિઓ (Schedule)

વિષયાનુરાગી અથવા સાપેક્ષ એટલે શું ? સાપેક્ષ સૂચિમાં વિષયસૂચક શબ્દ, તેના પર્યાયો તેમ જ શબ્દ સાથે સંબંધ ધરાવતા અન્ય શબ્દો બધાને એક મુખ્ય મથાળાં નીચે દર્શાવવામાં આવે છે.

દા.ત. (ડી.ડી.સી. 19 મી આવૃત્તિ અનુસાર)

| | |
|---|---|
| કળા, આવિર્ભાવ | 720 |
| કળા, ચિત્રકામ | 704.994 |
| બાઈબલ | 220.872 |

| | |
|---|---|
| અભ્યાસક્રમો | 375.72 |
| લેખસંદર્ભ | 025.0672 |
| ગ્રંથવર્ગીકરણ | 025.4672 |
| વહાણ—તકનીક | 623.81 |
| વિષયમથાળાં | 025.4972 |

19 મી આવૃત્તિમાં ડી.ડી.સી.ને ત્રણ ભાગમાં વિભાજીત કરવામાં આવેલ છે. ડી.ડી.સી.ના બીજાં ભાગ Schedule માં વિવિધ પ્રકારની નોંધોને સામેલ કરવામાં આવેલ છે જેમાં 1574 પૃષ્ઠોમાં 001 થી 999 સુધીના વર્ગાંકોની અનુસૂચિઓ એટલે કે Schedule આપવામાં આવેલ છે, જેને ડી.ડી.સી. ની 17 મી આવૃત્તિ સુધી Tables કહેવામાં આવતું હતું.

અનુસૂચિઓ (Schedules) નું તાત્પર્ય 'આંકડાઓની એવી શૃંખલાથી છે, જે ડી.ડી.સી.ના દસ મુખ્ય વર્ગો એટલે કે Main Classes તથા તેના બધા જ પેટા—વિભાજનો માટે આંકડાઓનું કાર્ય કરે છે. હકીકતમાં તે દશ મુખ્ય વર્ગોના શબ્દનુક્રમમાં સંપૂર્ણ વિસ્તારને દર્શાવે છે. ડી.ડી.સી. પદ્ધતિથી વર્ગીકરણના અભ્યાસ માટે આ ખંડ કે ભાગનો ઉપયોગ તથા તેની વિવિધ જોગવાઈઓની માહિતી ખૂબ જ જરૂરી છે.

ડી.ડી.સી. ના નિર્ધારિત અભ્યાસ અનુસાર આ પ્રકરણમાં ડી.ડી.સી.ની અનુસૂચિમાં વિભિન્ન પ્રકારની નોંધ પ્રસ્તુત કરવામાં આવેલ છે તેની નોંધોને વિસ્તૃત રીતે આપણે સમજીએ.

## 2.5 વિવિધ પ્રકારની નોંધ (નિર્દેશ) (Different types of notes)

**ડી.ડી.સી. માં આપવામાં આવેલી અગત્યની જોગવાઈઓ અને નોંધો :**

(1) ડી.ડી.સી. માં આપવામાં આવેલી મહત્ત્વપૂર્ણ જોગવાઈઓ અને નોંધોથી વર્ગીકરણ કરનાર માટે સૌપ્રથમ પોતાને ઓળખવા માટે ઉપયોગી થશે.

(2) સફળ વિભાગોમાં કેટલીક નોંધો અને જોગવાઈઓની ચર્ચા કરવામાં આવી છે.

(3) આ જોગવાઈઓ સાથે પરિચિતતા વર્ગીકરણ કરનારને વધુ Class Number ને જોવા માટે Schedule માંથી Class Number તૈયાર કરવા માટે વર્ગીકરણ કરનારને વધુ સક્ષમ કરશે.

અનેક વર્ગાંકો હેઠળ અલગ—અલગ પ્રકારના 'સ્પષ્ટીકરણ અને સૂચનો અનુસાર'ની નોંધ આપવમાં આવેલ છે. કોઈ યોગ્ય અને સાચા Classification Number ને નક્કી કરવા તથા તૈયાર કરવા માટે આ ખૂબ જ મહત્ત્વનું છે.

વર્ગીકરણ કરનાર માટે અનેક પ્રકારની સૂચના નોંધો (instruction notes) નો પ્રયોગ અનુસૂચિ (Schedule) માં કરવામાં આવ્યો છે જે નીચે મુજબ છે :

**(1) વ્યાખ્યા નિર્દેશ (નોંધ) (Definition Notes) :**

આ નોંધ કોઈ Classification Number ના વિષયક્ષેત્ર અથવા ક્ષેત્ર અધિકારને વ્યાખ્યાયિત કરે છે. જેમ કે :

Classification Number 379.11 Financial administration in public education હેઠળ નોંધ આપવામાં આવેલ છે કે : "Costs, Expenditure, Allocation and Management of Funds, Budgeting, Financial Reports".

આ વિષયક્ષેત્ર વિસ્તાર નોંધ એવા ક્ષેત્રોને પણ સ્પષ્ટ કરે છે જે Classification Number નંબરની સામે આપવામાં આવેલ Title થી સ્પષ્ટ થતું નથી. કેટલીક જગ્યાઓ પર Subject ની સીધી અને ઔપચારિક વ્યાખ્યા આપવામાં આવેલ છે.

Classification Number 020 ' Library and Information Science' અંતર્ગત એ વ્યાખ્યા આપવામાં આવેલ છે કે : "The Science and Arts utilized in identification, collection, organization, dissemination, use of books, other printed and written records, audio–visual materials, information."

કેટલીક વ્યાખ્યા નોંધોને ઉદાહરણ સહિત રજૂ કરવામાં આવેલ છે જેમ કે :

Classification Number 343.0742 Specific kinds of assistance (Law of – ) હેઠળ નીચે પ્રમાણે નોંધ છે:

**ઉદાહરણ :** Loans, Price, Supports, Mortgage Insurance

અલગ – અલગ વ્યાખ્યાત્મક નોંધોના મુખ્ય બે ઉદ્દેશ્ય છે : કેટલાંક અસ્પષ્ટ અથવા વિષય સિવાય પેટા–વિષયોને સ્પષ્ટ કરવા તથા ડી.ડી.સી. પદ્ધતિમાં, વિષયની મર્યાદાઓને નિર્ધારિત કરવી.

**(2) સમાવેશ નિર્દેશ (નોંધ) (Inclusion Notes) :**

Inclusion note : "An enumeration of subordinate topics under a headings, not obviously part of it, that have not yet been given separate provision. Such notes do not apply to subdivisions of the topic."

કેટલાંક એવા પેટા–વિષય હોય છે જેના પર પર્યાય સાહિત્ય પણ ઉપલબ્ધ હોતું નથી તથા અનુસૂચિ (Schedule) માં તેના માટે અલગથી Classification Numbers ની પણ વ્યવસ્થા હોતી નથી પરંતુ આ પેટા–વિષયોને એવા Subject હેઠળ રાખવા માટે જોગવાઈ કરવામાં આવેલી છે, જે તે શીર્ષકોના વિષયક્ષેત્ર હેઠળ આવતાં નથી.

એટલે કે કેટલાક પેટા–વિષયોને વર્ગનો ભાગ નહિ હોવા છતાં તે વર્ગમાં કામચલાઉ ધોરણે રાખવામાં આવે છે.

દા.ત. 331.813 704 2 = Technological unemployment including unemployment due to automation.

361.827 = Foreign Commerce

Including tourism by foreigners

સમાવેશ નોંધ હેઠળ એવા અધીનસ્થ પેટા–વિષયોને દર્શાવવામાં આવેલ છે જે નિર્દિષ્ટ શીર્ષકનો ભાગ નથી, પરંતુ આ શીર્ષકના Classification number માં વર્ગીકૃત કરવામાં આવશે.આ પેટાવિષયો પર હાલના સમયમાં ઘણું જ ઓછું સાહિત્ય હોવાના લીધે તેને જુદો Classification number આપવામાં આવતો નથી. અસ્થાયી રીતે એક નિર્દિષ્ટ શીર્ષકના Classification number માં જ તેનો સમાવેશ કરવામાં આવે છે. જેમ કે,

Classification Number 530.41 Solid State Physics ની હેઠળ આપવામાં આવેલ નોંધ "Including thin films, electron theory of metals".

આ નોંધનો અર્થ એ છે કે thin films એટલે કે 'સૂક્ષ્મ ફિલ્મ્સ' જેવા માટે પેટા–વિષય, Solid State Physics નો વિષય નહિ હોવા છતાં તેને Classification Number હેઠળ વર્ગીકૃત કરવામાં આવશે. એવું એટલા માટે કરવામાં આવે છે કે Thin Films એટલે કે 'સૂક્ષ્મ ફિલ્મસ' માટે ડી.ડી.સી.ની 19 મી આવૃત્તિમાં કોઈ વિશિષ્ટ Classification Number આપવામાં આવેલો નથી. તેનું વ્યવસ્થાપન ફક્ત તે સમય સુધી જ છે સમય સુધી આ પેટા–વિષયને કોઈ વિશિષ્ટ Classification number ન મળી જાય.

સમાવેશ નોંધમાં આપવામાં આવેલાં પેટા વિષયની સાથે માનક પેટા વિભાજન (Table—1) એટલે કે સારણી —1 ના આંકડાઓને જોડી શકાતાં નથી. તથા સાથે સાથે એવી ટિપ્પણીઓને નિર્દિષ્ટ શીર્ષકના પેટા—વિભાજનોની સાથે પણ ઉપયોગ કરી શકાતો નથી.

### (3) 'વર્ગ અહી' નિર્દેશ (નોંધ) (Class here notes) :

"Class here note : An instruction under a heading directing that topics broader than the heading, or otherwise not obviously part of the heading, be classed in the given number and by implication, its subdivisions."

કેટલાંક પેટા—વિષયો આપેલ Subject ના ભાગ હોતાં નથી, પરંતુ તે Subject ની સાથે વિસ્તૃત અથવા નજીકના Subject ના સંબંધના પ્રમાણમાં સંકલિત હોય તેવા પેટા—વિષયોને 'વર્ગ અહી' નોંધો દ્વારા રજૂ કરવામાં આવેલ છે.

અહીં 'Class Here Notes' ટિપ્પણીઓની જોગવાઈ Schedule માં ઘણી જગ્યાએ કરવામાં આવેલ છે આ પ્રકારની ટિપ્પણીનો પ્રયોગ એવી પરિસ્થિતિમાં કરવામાં આવે છે કે શીર્ષકને અતિવ્યાપ (Overlap) કરે છે. જેમકે ભૌગોલિક સારણીમાં —54 India ની નીચે 'Class Here Himalaya' શબ્દ મળે છે અહીંયા India and Himalayas બંને છે તેની હદો ભારતથી પણ બહાર ફેલાયેલી છે. આ સંદર્ભમાં વિસ્તૃત છે તથા તેની હદો ભારતના કેટલાંક રાજ્યો સાથે પણ જોડાયેલી છે આ સંદર્ભોમાં તે સંકુચિત છે.

ક્યારેક—ક્યારેક કોઈ Classification Number હેઠળ કેટલાક પેટા—વિષય 'અહીં વર્ગીકૃત કરો' નોંધની સાથે આપવામાં આવે છે. આ પ્રકારના પેટા—વિષય હકીકતમાં જે Classification number ની હેઠળ આપવામાં આવેલ છે. તેનાથી પણ વિસ્તૃત હોય છે. અને ફક્ત કોઈ સુવિધાની દષ્ટીએ આ સ્થાન પર આપવામાં આવે છે. આ નોંધ સામાન્ય રીતે સહાયક ઉપક્રમ ઉપસૂત્રોનું ઉલ્લંઘન પણ કરતા હોય છે.

Classification Number 343.08 Regulation of trade (Law) હેઠળ આ નોંધ આપવામાં આવે છે કે "Class here commodity exchanges, and exchanges transaction".

આ રીતે આ પ્રકારની નોંધોમાં શબ્દ અનુક્રમનું મહત્ત્વ હોય છે.

### (4) 'વર્ગ અન્યત્ર' નિર્દેશ (નોંધ) (Class Elsewhere Notes) :

"Class elsewhere note: An instruction under a headings directing that topics broader than the headings, or otherwise not obviously part of the headings, be classed in the given number and, by implication, its subdivisions."

અનુસૂચિમાં કેટલાંક Classification Number ની નીચે 'અન્યત્ર વર્ગીકરણ કરો' ટિપ્પણી જોઇને વર્ગીકરણ કરનારને એ નિર્દેશ આપવામાં આવેલ છે કે તે વિષયના ગ્રંથનું Classification જે શીર્ષકની નીચે આ ટિપ્પણી આપવામાં આવેલી છે ત્યાં વર્ગીકૃત ન કરે પરંતુ તે Classification Number ની નીચે કરે જ્યાં તેને નિર્દેશ આપવામાં આવ્યો છે. દા.ત. જો 361.61 = Social policy ની નીચે નિર્દેશ આપવામાં આવેલો છે કે જો Welfare Reform હોય તો તેને 361.68ની હેઠળ વર્ગીકૃત કરો.

આ નોંધ 'અહીં વર્ગીકૃત કરો' નોંધની વિરૂધ્ધ છે. જ્યારે કોઈ વ્યાપક શીર્ષકના ભાગની જેમ જોવામાં આવતા પેટા—વિષયને એક સ્વતંત્ર Classification Number આપવામાં આવે ત્યારે તેને આ વ્યાપક શીર્ષક હેઠળ આપવામાં આવેલ'.......ની હેઠળ વર્ગીકૃત કરે' નોંધ દ્વારા દર્શાવવામાં આવે છે.

**(5) 'અગાઉની' નિર્દેશ (નોંધ) (Formerly Notes) :**

કેટલાક શીર્ષકોની સામે અથવા નીચે ચોરસ કૌંસ [ ] માં નિર્દેશ Formerly આપવામાં આવેલ હોય તો તેનો અર્થ એ થાય છે કે આ શીર્ષક માટે પૂર્વ ઉપયોગમાં લેવામાં આવેલ Classification Number આ હતો :

જેમ કે – 002 The book [formerly 001 .552]

જ્યારે વિષયનું પુનઃસ્થાન નક્કી કરવાના પરિણામે કોઈ વિષયનો Classification Number ડી.ડી.સી.ની નવીન આવૃત્તિમાં બદલાઈ જય છે ત્યારે નવીન શીર્ષકની સાથે – સાથે તે જ સ્થાને પૂર્વ Classification Number પણ આપવામાં આવે છે. આ 'પૂર્વ વર્ગાંક' ઉપસર્ગની સાથે ચોરસ કૌંસ [ ] માં દર્શાવવામાં આવે છે.

Classification Number 287.5 Methodist churches in British Isles [Formerly 287.97]

આ પ્રકારની નોંધોનો મુખ્ય હેતુ એકી સાથે આવેલી બે આવૃત્તિઓની વચ્ચે પરિવર્તનોને દર્શાવવાનું હોય છે. આ નોંધોથી સંબંધિત Classification Number અનુસૂચિઓમાં પોતાનો ક્રમબધ સ્થાન શબ્દ ચોરસ કૌંસમાં દર્શાવવામાં આવે છે.

જેમ કે : [581.075] Collecting Botanical Specimens. કૌંસ [ ] માં આપવામાં આવેલ Classification Number નો ઉપયોગ (ખાસ કરીને 920 biography ના સંદર્ભમાં) એક વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલ છે. હકીકતમાં આ વિષયોનું પુનઃ સ્થાપન નક્કી કરીને તેને એક નવું તથા વધારે ઉપયોગી સ્થાન આપવામાં આવેલ છે.

આ રીતેના કૌંસ [ ] બધ્ધ Classification Number ની હેઠળ હંમેશાં એક 'અન્યત્ર વર્ગીકૃત કરો' શબ્દોમાં નોંધ દર્શાવવામાં આવેલી હોય છે.

[581.075] Collecting botanical specimens.

Do not use; class in 579.6

સામાન્ય રીતે નવીન Classification Number ની સાથે ચોરસ કૌંસ [ ] માં "પૂર્વ વર્ગાંક" નોંધ તથા પૂર્વ સ્થાન પર વર્ગાંકને ચોરસ કૌંસ [ ] માં આપીને "અન્યત્ર વર્ગીકૃત કરો" નોંધ દ્વારા બંનેની સાથે રહીને યોગ્ય Classification Number સુધી જવા માટે નોંધ આપવામાં આવેલ છે.

"પૂર્વ વર્ગાંક" નોંધોના બે મુખ્ય હેતુ છે. પહેલો હેતુ એ છે કે તે નવીન તથા તેની પહેલાંની પૂર્વ આવૃત્તિઓની વચ્ચે વિભિન્ન પરિવર્તનોનું સ્પષ્ટ વર્ણન કરે છે, તથા બીજું તે પૂર્વ આવૃત્તિના ઉપયોગકર્તાઓની એ શંકાઓને દૂર કરે છે કે ક્યાંક નવીન Classification number મુદ્રણની અસાવધાની એ ભૂલના કારણે તો નથી ને.

આગળના ખાલી ભાગોમાં જે કૌંસ [ ] માં આપવામાં આવેલ છે. તથા આ તથ્ય શીર્ષકના સ્થાને ચોરસ કૌસ [ ]માં આપવામાં આવેલી ટિપ્પણી દ્વારા સ્પષ્ટ કરવામાં આવેલ હોય તો તેને નવીન આવૃત્તિને અન્ય ટિપ્પણી દ્વારા દર્શાવવામાં આવેલ છે.

[005] [Never assigned]

[006] [Unassigned]

Most recently used in Edition 16.

D.D.C. ની 19 મી આવૃત્તિમાં ચોરસ કૌંસ [ ] નો ઉપયોગ એક અન્ય હેતુ માટે પણ કરવામાં આવેલો છે. 920 તથા કેટલીક અન્ય જગ્યાઓ પર વૈકલ્પિક Classification Number પણ ચોરસ કૌંસ [ ] ની અંદર આપવામાં આવેલાં છે. પાછળની આવૃત્તિમાં 920–928 હેઠળ કરવામાં આવતું હતું પરંતુ D.D.C. ની 19 મી આવૃત્તિમાં વિભિન્ન વિષય– વિશેષજ્ઞોની

biography ને તેના વિષય હેઠળ વર્ગીકૃત કરવામાં આવતી હતી. તથા ફક્ત વિવિધ વિષય વિષયો સાથે સંબંધિત વ્યક્તિઓને Biography ના વિભાગ 920 હેઠળ વર્ગીકૃત કરવાની જોગવાઈ આપવામાં આવેલી છે. વિષય–વિશેષજ્ઞોની Biography ના Classification માટે તેના વિષયના Classification Number ની સાથે માનક પેટા–વિભાજન (Table)–092 જોડી દેવામાં આવે છે.

આ નવીન જોગવાઈઓની સાથે એક વૈકલ્પિક વ્યવસ્થાના સ્વરૂપમાં બધા જ Biography literature નો Classification Number 920–928 હેઠળ વર્ગીકૃત કરવાનું ચલણ પણ ચાલુ રાખવામાં આવેલ છે. આ પ્રકારના સ્થાનાંતરિત classification number ચોરસ કૌંસ [ ] માં તેના અનેક વૈકલ્પિક ઉપયોગ કરવા માટેની નોંધની સાથે આપવામાં આવેલ છે તથા અધિકૃત રીત્તે તેની મુખ્ય જોગવાઈનું વર્ણન 920.1–928.3 (ભાગ– 2, પૃષ્ઠ 1445) ની હેઠળ કરવામાં આવેલ છે.

જેમ કે :

એક અર્થશાસ્ત્રીની આત્મકથા 923.3 (વૈકલ્પિક Classification Number)

330.092 (અધિકૃત Classification Number)

આ જ રીતે :

Classification Number [848.99] = French language literature not requiring local emphasis હેઠળ આપવામાં આવેલ નિર્દેશ અનુસાર આ Library of Congress ના દશમલવ વર્ગીકરણ વિભાગ દ્વારા ઉપયોગમાં લેવામાં આવેલ Classification Number પણ આપવામાં આવે છે. યોગ્ય Classification Number [848.99] ની હેઠળ વૈકલ્પિક ઉપયોગના નિર્દેશો પછી, અધિકૃત રીતે આપવામાં આવેલ જોગવાઈની નોંધ પણ દર્શાવવામાં આવેલ છેઃ Prefer 840–848 for Literature of All Countries.

આ રીતે જ્યારે કોઈ વિષયને અન્ય જગ્યાએ પણ વર્ગીકૃત કરવામાં આવે તો તેની પણ એક ટિપ્પણી if preferred, class with......દ્વારા દર્શાવવામાં આવેલ છે. આ પણ એક વિકલ્પ છે પરંતુ તેને D.D.C. વિભાગ દ્વારા ઉપયોગમાં લેવામાં આવેલ નથી. પરંતુ જો તે વિકલ્પ કોઈ પણ ગ્રંથાલયને યોગ્ય લાગે તો તેનો ઉપયોગ કરી શકે છે.

"Classification Number 016 Subject bibliographies and catalogues if preferred, class with the specific discipline or subject, using 'Standard Subdivisions' notation 016 from table 1, e.g. Bibliographies of astronomy 520.16"

**(6) 'વર્ગ નંબરની નોંધની રચના' નિર્દેશ (નોંધ) (Formation of Class Number Notes) :**

આ નોંધ D.D.C. ની સંશ્લેષણાત્મક જોગવાઈઓનો મુખ્ય આધાર માનવામાં આવે છે. સામાન્ય રીતે અનુસૂચિ એટલે કે Schedule થી કોઈ પણ Classification Number ને આગળ વધારી શકાય છે. ભલે તેના માટે તે જોગવાઈ હોય કે ન પણ હોય. સારણી–1 માં આપવામાં આવેલ માનક પેટા–વિભાજનોને કોઈપણ Classification Numberની સાથે નિર્દેશો પણ જોડી શકાય છે. આ જોગવાઈઓ સિવાય વધારાના અનેક Classification Number ની આધાર સંખ્યાની સાથે જોડી શકાય છે. આધાર સંખ્યા આંકડાઓને કોઈ શૃંખલાનો એક એવો ભાગ છે જે પૂરી શૃંખલામાં અપરિવર્તન રહે છે. આ સંખ્યાની આગળ અનુસૂચિ અથવા સારણીમાંથી નિર્દેશ અનુસાર આંકડાઓને જોડી શકાય છે.

આ "જોડો" નોંધ બે પ્રકારની હોય છે :

**(અ) એકલ 'યોજક' નિર્દેશ (નોંધ) :**

અનેક Classification Number હેઠળ તે Classification Number ની આધાર સંખ્યાની આગળ Schedule માંથી કોઈ બીજો સંપૂર્ણ Classification Number અથવા તેનો કોઈ અંશ જોડવા નિર્દેશ કે નોંધ મળે છે.

જેમ કે :

547.35 Quantitative chemistry (Add to base number 547.35 the numbers following 545 in 545.01– 545.89)

આવા નિર્દેશો કે નોંધોની સાથે સામાન્ય રીતે ઓછામાં ઓછું એક ઉદાહરણ આપવામાં આવે છે.

**(બ) સામૂહિક 'યોજક' નિર્દેશ (નોંધ) :**

કેટલાંક Numbers માં તારાંકન (*) નું ચિહન દર્શાવેલું હોય છે. તેની મદદથી તે પૃષ્ઠની સૌથી નીચે દર્શાવવામાં આવેલ નિર્દેશને વાંચવો જોઈએ પછી તે જે કેન્દ્રિત શીર્ષક તરફ ઈશારો કરી રહ્યું હોય તો તેને ત્યાં જરૂરિયાત મુજબ Numbers જોડી શકાય છે તથા આપવામાં આવેલા અન્ય નિર્દેશનું પણ પાલન કરવું જોઈએ.

ક્યારેક–ક્યારેક સજાતીય Classification number ની એક પૂરી શ્રૃંખલાની સાથે બીજા Numbers ની એક પૂરી શૃંખલાની સાથે બીજા number ને જોડી શકાય છે. આ પરિસ્થિતિમાં શૃંખલાના દરેક Classification number માં એકલ 'યોજક' નિર્દેશ આપવાની જગ્યાએ શૃંખલા માટે નિર્દેશ એક જ જગ્યાએ આપવામાં આવે છે. તે નિર્દેશ શૃંખલાના પ્રથમ Classification Number માટે પ્રભાવશાળી હોય છે તેના શીર્ષકની શરૂઆતમાં *ની નિશાની અથવા કટારચિહન લખવામાં આવે છે. આ પ્રકારના ચિહન ધરાવતા શીર્ષકો પ્રત્યેક પૃષ્ઠમાં એક પાદનોંધ (પાદટિપ્પણી) પણ આપવામાં આવે છે જેમાં સામૂહિક 'યોજક' નિર્દેશો સુધી જવા માટે મદદ મળે છે.

દા.ત.

Diagnosis of Lung Disease = 616.24* + 07 [616.07] 5 = 616.240 75

આ ઉદાહરણમાં Numbers 616.24 Disease of lungs માટે ઉપયોગમાં લેવામાં આવ્યો છે તથા તેને * થી નોંધવામાં આવ્યો છે, જે એ નિર્દેશ આપે છે કે Add instructed under 616.1–616.9 એટલે કે કેન્દ્રિત શીર્ષક (Centered Headings) 616.2–616.9 હેઠળ આપવામાં આવેલ નિર્દેશોને તેની સાથે જોડો જ્યાં 07 Pathology માટે ઉપયોગમાં લેવામાં આવેલ છે, જેની હેઠળ એ નિર્દેશ છે કે 616.07 Numbers ને છોડી દેતા 616.071 –616.079 સુધીના Classification Number ને જોડી શકીએ છીએ, જે Schedule માં 616.075 માં 075 Diagnosis ને દર્શાવે છે.

ક્યારેક ક્યારેક શીર્ષકમાં Schedule માંથી Classification Number લઈને તથા * નિશાનીવાળા નિર્દેશ બંનેને એકી સાથે આપવામાં આવેલ હોય છે. તો આ પરિસ્થિતિમાં * નિર્દેશનું પાલન પાછળથી કરવામાં આવશે. જેમ કે–

616.995 * Tuberculosis

Add to base number 616.995 the numbers following 611 in 611.2–611.9

એટલા માટે Calimato therapy for tuberculosis of bones નો Classification number 616.995+[611.]71 +[615.8] 34 તૈયાર કરવામાં આવશે.

616.995 Tuberculosis માં આપવામાં આવેલા નિર્દેશો અનુસાર Number 611 ને છોડતા 71 Bones નો Classification Number જોડવામાં આવશે અને ફરીથી * નિર્દેશનો

ઉપયોગ કરવામાં આવશે. કેન્દ્રિત શીર્ષક 616.1 – 616.9 (Specific disease) માં 06 Therapy માટે યોજવામાં આવેલ number હેઠળ બે પ્રકારના નિર્દેશ આપવામાં આવેલા છે જેવા કે – 061 – Drug therapy and 062 – 069 other therapy માં .06 Number ને જોડતા 615.8 Number ને જોડતા 615.82–89 સુધીના Numbers ને જોડવાની જોગવાઈ કરવામાં આવેલ છે. એટલે કે શીર્ષકનો Classification Number 616.995 710 634 થશે.

ઉપરોક્ત નિર્દેશો અનુસાર અનેક સંશ્લેષિત Classification Numbers ને તૈયાર કરી શકાય છે. આ નિર્દેશો દ્વારા વિભિન્ન પક્ષોનું સ્પષ્ટ ઉધ્ધરણ ક્રમ નક્કી કરવાથી Classification Number ની ક્ષમતામાં વૃધ્ધિ તથા પ્રક્રિયામાં સરળતા લાવી શકાય છે.

**(ક) "પાયાના વર્ગાંકમાં ઉમેરો" નિર્દેશ (નોંધ) :**

Add to Base Number Note (આધાર નોંધ પર ઉમેરો)

"Add Base Number" (આધાર નોંધો પર ઉમેરો) એ ડી.ડી.સી. ની ખૂબ જ ઉપયોગી જોગવાઈ છે. આ એક ખૂબ જ શક્તિશાળી જોગવાઈ છે. અને ડી.ડી.સી. માં ઉદારતાથી વપરાય છે. જો કે ડી.ડી.સી. માં Device નો ઉપયોગ સ્વતંત્રતાથી કરવાનો નથી પરંતુ ત્યારે જ જ્યારે કોઈ સૂચના કોઈ ચોક્કસ Schedule હેઠળ અસ્તિત્વમાં હોય.

"add to" notes બે સ્વરૂપમાં દેખાય છે.

(I) Add to base number, or (આધાર નંબર ઉપર ઉમેરો, અથવા)

(II) Add to from table. (ટેબલમાંથી – આમાં ઉમેરો)

અગાઉ જણાવ્યું તેમ, Add to નોંધ એ ડી.ડી.સી.ની એક મહત્ત્વપૂર્ણ અને ખૂબ જ ઉપયોગી જોગવાઈ છે. આ જોગવાઈને લીધે ડી.ડી.સી. માટે જુદા જુદા Schedule માં એક સમાન કે સરખા ખ્યાલોની ગણતરી કરવી જરૂરી નથી. આ નોંધો મર્યાદિત તેમજ કેટલાક સ્થળોએ વિશાળ સંખ્યામાં ઉપયોગ કરવામાં આવેલ છે. Limited application નો આ સંદર્ભમાં એ અર્થ થાય છે કે "સમાન Schedule" અથવા વર્ગમાંથી અથવા બીજા કોઈ સ્વરૂપમાંથી Base Number ઉમેરવા અને Wide Application દ્વારા 000 to 900 સુધીની કોઈપણ સંખ્યા ઉમેરવા માટે છે.

D.D.C.માં ઘણી જગ્યાએ એવી નોંધ આપવામાં આવી હોય છે કે "પાયાના વર્ગાંકમાં ઉમેરો". ડી.ડી.સી.માં "016" એટલે વિષય સૂચિ. અહીં "પાયાના વર્ગાંકમાં ઉમેરો". એવી નોંધ છે. હવે તત્વજ્ઞાનની સૂચિમાં વર્ગાંક "016.1" થશે. અહીં "1" તત્વજ્ઞાન સૂચવે છે, કારણ કે '100" તત્વજ્ઞાનના મુખ્ય વર્ગની સંજ્ઞા છે. એ પ્રમાણે બીજાં બધા વિષયો માટેના વર્ગાંકો રચી શકાય છે.

દા.ત.

"016.2" ધર્મની સૂચિ (200 ધર્મના મુખ્ય વર્ગની સંજ્ઞા છે.)

"016.82" અંગ્રેજી સાહિત્યની સૂચિ(અહીં "820" અંગ્રેજી સાહિત્ય માટેની સંજ્ઞા છે.) (ડી.ડી.સી.માં વર્ગાંકના અંતમાં આવતા શૂન્યનો લોપ થાય છે એટલે એ લખાતું નથી, સિવાય કે મુખ્ય વર્ગમાં)

**(7) કેન્દ્રિત શીર્ષક (Centered Headings) :**

ક્યારેક ક્યારેક કોઈ Subject ને એક Classification Number આપવાની જગ્યાએ ક્રમિક Classification Numbers ની એક શૃંખલા સુધી વિસ્તૃત કરી દેવામાં આવે છે. તેને દર્શાવવા માટે શૃંખલાનો પ્રથમ તથા છેલ્લું બંને મર્યાદિત Classification Numbers ને હાઈફન (–) દ્વારા જોડી દેવામાં આવે છે. આ મધ્યવર્તી શીર્ષક અથવા Entry Schedule માં અનુભાગ અથવા તેના કોઈ પેટા–વિભાજનના સ્તરે જ થઇ શકે છે. તે હંમેશા પંક્તિના વચ્ચેની બાજુ

આપવામાં આવે છે જેની જમણી બાજુના હાંસિયા પર એક નિર્દેશક ત્રિકોણ ▶ મધ્યવર્તી શીર્ષક તરફ સંકેત કરતા જોવામાં આવે છે.

ઉદાહરણ તરીકે :

- 383–384 Specific Kinds of Communications.
- 384.1–384.7 Telecommunication

આ જોગવાઈ સ્પષ્ટ રીતે શબ્દાનુક્રમના સિદ્ધાંતની ઉપેક્ષા કરે છે. પરંતુ સાથે સાથે અલગ અલગ પેટા–વિભાજનોના વર્ગીકરણ માટે અસામાન્ય સ્થાન પણ પ્રદાન કરે છે. મધ્યવર્તી શીર્ષક અનુસૂચિ હેઠળ એક મુદ્રણ યુક્તિ સાધન છે. એટલે કે પ્રાયોગિક વર્ગીકરણમાં તેનો ઉપયોગ તે રીતે નથી કરી શકાતો જે રીતે તે આપવામાં આવેલું છે. આ વિષય પર વ્યાપક કૃતિઓના વર્ગીકરણ માટે હંમેશા એક વિશિષ્ટ Classification Number નો ઉપયોગ કરવા માટે નિર્દેશ અવશ્ય આપેલા જ હોય છે. ઉપર દર્શાવેલ બીજાં ઉદાહરણમાં મધ્યવર્તી શીર્ષક

- 384.1–384.7 Telecommunication ની પાછળ એ નિર્દેશ આપવામાં આવ્યો છે કે : Class Comprehensive Works in 384

આ રીતે Telecommunication માટે ઉપયોગમાં લેવામાં આવેલ એક Classification Number 384 થશે.

**(8) બિન્દુ અને ખાલી જગ્યા :**

ડી.ડી.સી. પદ્ધતિમાં ઉપયોગમાં લેવામાં આવેલ બધી જ સંખ્યાઓ દશમલવ અંશની જેમ જ માનવામાં આવે છે. પરંતુ અંકન (Notation) ની સરળતાની દષ્ટીએ આવતું દશમલવ બિન્દુ Classification Number ના પ્રથમ અંકની પહેલા લગાવવામાં આવતું નથી. ડી.ડી.સી. પદ્ધતિમાં કોઈપણ Classification number ઓછામાં ઓછો ત્રણ આંકડાઓનો હોય છે. Main Class તથા તેના પેટા–ભાગના સંદર્ભમાં (જેમાં ક્રમશઃ એક તથા બે પ્રભાવશાળી અંક ઉપયોગમાં લેવામાં આવે છે.) આ અંકો પછી શૂન્ય જોડીને ઓછામાં ઓછા ત્રણ અંકોની જરૂરિયાતને પૂરી કરવામાં આવે છે. એટલે કે Main Class 'સામાજિક વિજ્ઞાન' નો Classification Number 300 થશે ન કે 3, આ જ રીતે 'અર્થશાસ્ત્ર' નો Classification number પણ 330 જ થઇ જાય છે. ત્રીજા તથા ચોથા અંકની વચ્ચે એક બિન્દુ (.) જોડી દેવામાં આવે છે. આ બિન્દુ દશમલવ બિન્દુ નથી પરંતુ એક વિરામચિન્હ છે જેનો ઉપયોગ મનોવૈજ્ઞાનિક દષ્ટિકોણથી વધારે સંખ્યાઓમાં એકરસતાને તોડવા માટે કરવામાં આવે છે. તેનો બીજો કોઈ ઉપયોગ અથવા તો હેતુ નથી.

જો કોઈ Classification Number 6 થી વધારે અંકોનો થાય તો છટ્ઠા તથા સાતમા અંકની વચ્ચે એક અંકની ખાલી જગ્યા છોડી દેવામાં આવે છે. આ જ રીતે, જરૂરિયાત મુજબ નવમા તથા દશમા અંકોની વચ્ચે એક ફરીથી બારમા અને તેરમા અંકોની વચ્ચે પણ અંકની ખાલી જગ્યા છોડી દેવામાં આવશે.

આ બિન્દુ તથા ખાલી છોડેલી જગ્યા આપણી આંખોને આરામ પહોંચાડવા માટે અને સૂચિથી ગ્રંથસંગ્રહ કક્ષમાં ગ્રંથ સુધી પહોંચવા માટે ઓછા સમયમાં Classification number ને યાદ રાખવામાં મદદ કરે છે.

**(9) પ્રતિ નિર્દેશ (નોંધ) (Cross references) :**

સંપૂર્ણ સાપેક્ષ અનુક્રમણિકા (Relative Indexes) માં પ્રતિનિર્દેશોનો સૌથી વધારે ઉપયોગ કરવામાં આવ્યો છે. મોટાભાગના વિષયો હેઠળ પ્રતિનિર્દેશાત્મક Entries એક જરૂરી ભાગના સ્વરૂપમાં છે. આટલી બધી વિશાળ સંખ્યામાં પ્રતિ નિર્દેશોનો ઉપયોગ મુખ્યત્વે સ્થાન કે જગ્યાની બચત કરવા માટે ઉપભોક્તાઓને વધારેમાં વધારે માહિતી આપવાના હેતુથી કરવામાં આવ્યો છે.

સાથે સાથે Indexes એટલે કે અનુક્રમણિકામાં આપવામાં આવેલ નિર્દેશ સંબંધિત વિભિન્ન શબ્દ વાંકાચૂંકા એટલે કે Italics માં આપવામાં આવેલ છે.

અનુક્રમણિકામાં આપવામાં આવેલ વિભિન્ન નિર્દેશોને બે વર્ગોમાં વિભાજીત કરવામાં આવેલ છે. "જુઓ" (See), તથા "બીજું" પણ જુઓ" (See also) નિર્દેશ.

**(અ) "સંદર્ભ જુઓ" નિર્દેશ ("See Reference) :**

સાપેક્ષ અનુક્રમણિકા (Relative Indexes) માં યોજવામાં આવેલ "સંદર્ભ જુઓ" નિર્દેશ ના બે પ્રકાર છે :

(1) પ્રત્યક્ષ (Direct) અને (2) સામાન્ય (Generalized)

**(1) પ્રત્યક્ષ (Direct)** ના પણ બે પ્રકાર છે. પ્રથમ જે સમાન સ્તરના બીજા શબ્દની તરફ નિર્દેશ કરે છે, તથા બીજો પ્રકાર– જે વ્યાપક સ્તરના શબ્દોની તરફ નિર્દેશ કરે છે. પ્રથમ પ્રકારના નિર્દેશો હેઠળ પર્યાયવાચી, અલગ લેખન શૈલી, તથા શબ્દોની તરફ નિર્દેશ કરે છે.

દા.ત.

| | | |
|---|---|---|
| Unesco | See | UNESCO |
| Mats | See | table linens |
| Keramic | See | Ceramic |

**(2) સામાન્ય** "સંદર્ભ જુઓ" નિર્દેશો હેઠળ પેટા–વિષયના વિભિન્ન પ્રયોગો, પ્રકારો, ઉપયોગો તથા અભિવ્યક્તિઓ સુધી પહોચવા માટેનો માર્ગ મળે છે.ક્યારેક ક્યારેક કોઈ વિષયના અનેક પક્ષોમાં સ્વયંનો એટલે કે પોતાનો એક વિશિષ્ટ અંક પણ હોય છે. પરંતુ અન્ય પક્ષો માટે તે વિષયને કોઈ અન્ય વ્યાપક સંકલ્પનાની સાથે અંક આપવા પડે છે. આ પરિસ્થિતિમાં, વિષયની સાથે પ્રયોગ કરવામાં આવતાં અંકોને તે Subject ની હેઠળ આવતાં અંકોને તે Subject હેઠળ આપવમાં આવે છે તથા અન્ય પક્ષો માટે સામાન્ય નિર્દેશ આપવામાં આવે છે.

Other aspects see અથવા misc. Aspects See. આ નિર્દેશો પછી સંબંધિત વ્યાપક સંકલ્પનાનો ઉલ્લેખ થાય છે.

**(બ) સંદર્ભ "પણ જુઓ" નિર્દેશ. ("See also references) :**

ડી.ડી.સી.ની 19 મી આવૃત્તિમાં સંદર્ભો "પણ જુઓ" નિર્દેશ. ("See also" references) નો પ્રયોગ અગત્યનો છે. આ નિર્દેશો માટે સંક્ષિપ્ત સ્વરૂપ s.a. શબ્દનો પ્રયોગ કરવામાં આવેલો છે. તે મુખ્યત્વે એવા પક્ષો તરફ નિર્દેશ કરે છે જેની હેઠળ એવા વિષય સાથે સંબંધિત વાચનસામગ્રી મળી શકે છે, તથા જેને વિશિષ્ટ Entry સ્વરૂપમાં અહીં આપવામાં આવેલ નથી.

દા.ત.

Everyday

life

| | |
|---|---|
| Art representation | 704.949 |
| Painting | 754 |
| s. a. other spec. art forms | |
| Lit. and stage trmt. see | |
| Social themes | |

Living

Personal rel. see Conduct

s. a. Daily

ઉપરના ઉદાહરણમાં બે “માટે....જુઓ” નિર્દેશ છે. વિભિન્ન Entries થી એ સ્પષ્ટ થાય છે કે “કલાઓના ક્ષેત્રોમાંના જીવન” ના નિરૂપણ માટે એક જ Entry છે તથા એક અન્ય Entry ‘ચિત્રકલામાં પ્રતિદિનનું જીવન’ ના નિરૂપણ માટે છે. તેના પછી “બીજું પણ જુઓ” નિર્દેશ દ્વારા એ દર્શાવવામાં આવેલ છે કે ‘કલા’અન્ય વિદ્યાર્થીઓમાં પ્રતિદિનના જીવનના નિરૂપણને જોવા માટે એ વિશિષ્ટ વિદ્યા અંતર્ગત જુઓ. આ Subject ની છેલ્લી Entry માં એ નિર્દેશ આપવામાં આવ્યો છે કે ‘પ્રતિદિન’ (Everyday) સાથે સંબંધિત કેટલીક વાચનસામગ્રી ‘દૈનિક’ (Daily) Subjectની હેઠળ મળી શકે છે.

## 2.6 સૂચનો (Suggestions)

**Instruction note :** A note directing the user to take some specific step which is not obvious from the headings and its context or from the general notes.

વર્ગીકરણ કરવા માટે ડી.ડી.સી. માં સૂચનાઓ એટલે કે Instructions આપવામાં આવેલ છે. ડી.ડી.સી. પદ્ધતિમાં સામાન્ય પૃથકો, ભાષા પૃથકો, ભૌગોલિક વિભાગો, વ્યક્તિગત સાહિત્યના શૈલી વિભાગો અને માનવાના નંબરો સ્મરણ સહાયતા દર્શાવે છે. આ વિભાગના કોઠાઓ અલગ રીતે સામેલ છે. અને જે Subject માં જે કોઠાની જરૂર પડે તેને માટે ત્યાં જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. સામાન્ય પૃથકો બધા જ વિષયના એક સરખી રીતે વાપરી શકાય છે. એટલે તેના ઉપયોગ માટેની સૂચના દરેક Subject માં અલગ રીતે આપી નથી. પરંતુ જ્યાં આગળ સામાન્ય પૃથકો એક કરતાં વધારે શૂન્ય (Zero) થી ઉમેરવાના હોય છે જે તે સૂચના આપેલી છે.

સ્મરણ સહાયતા એટલે “કોઈ એક વિચાર માટે સંજ્ઞા એટલે કે Notation નક્કી કર્યા પછી કોઈપણ Subject માં જ્યારે તે વિચાર રજૂ થાય ત્યારે તેને માટે નક્કી કરેલી સંજ્ઞા વાપરવામાં આવે ત્યારે તેને સ્મરણ સહાયતા કહે છે. “સ્મરણ સહાયતાના આધારે વર્ગીકરણના કોઠાના ઉપયોગ સિવાય ઘણા Subjects ની સંજ્ઞા નક્કી કરી શકાય છે.

ડી.ડી.સી.માં પદ્ધતિમાં સામાન્ય પેટા–વિભાગો માટે 1 થી 9 અંકો (Digits)નો ઉપયોગ કરવામાં આવ્યો છે. તથા તેના સંયોજક ચિહન તરીકે (Connecting Symbol) તરીકે 0 (Zero) નો ઉપયોગ કરવાનો રહે છે.

સામાન્ય પેટા વિભાગોના ઉપયોગ માટેના વિષયોઃ

(1) તેના ઉપયોગ માટે સંયોજક ચિહન 0 (Zero) નો ઉપયોગ કરવાનો રહે છે.

(2) Classification number માં ત્રણ અંક પૂરા કરવા માટે 0 (Zero) નો ઉપયોગ થયો હોય તો તેવા શૂન્યને દૂર કરવામાં આવે છે.

દા.ત. Principles of philosophy

100 + 01 = 101

(3) જ્યાં જેટલી સૂચના આપવામાં આવેલી હોય ત્યાં એટલા 0 (Zero) ઉમેરવાના રહે છે.

દા.ત. સરકારના સ્થાનિક એકમોનું સામયિક = 352.000 5

(4) Subject માટે યોગ્ય અને પૂરો Classification Number મળ્યા બાદ જ સામાન્ય પેટા વિભાગનો ઉપયોગ કરી શકાય છે.

(5) ડી.ડી.સી. પદ્ધતિમાં ગમે ત્યાં આપવામાં આવેલ ભૌગોલિક યુક્તિ ઉમેરોની સૂચના પણ ભૌગોલિક યુક્તિ છે, જો કે તેનો ઉપયોગ મર્યાદિત રીતે કરવામાં આવ્યો છે.

(6) ડી.ડી.સી. પદ્ધતિમાં પણ વિષય યુક્તિનો મર્યાદિત રીતે “001 થી 999” મુજબ વિભાગોની સૂચના સાથે કે મર્યાદિત Classification Number ના ઉપયોગની સૂચના સાથે ઉપયોગ કરવામાં આવ્યો છે.

(7) ડી.ડી.સી. પદ્ધતિમાં ભાષા વિભાગ માટે 1 = ઉચ્ચારણ, 2 = વ્યુત્પત્તિશાસ્ત્ર જેવા પ્રતીકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

(8) ડી.ડી.સી. પદ્ધતિમાં સાહિત્યના સ્વરૂપ વિભાગો માટે 1 = કાવ્ય, 2 = નાટક જેવા સ્વરૂપ વિભાગો આપવામાં આવ્યા છે.

(9) ડી.ડી.સી. પદ્ધતિમાં સ્થાનિક ભેદનો સિદ્ધાંતમાં વિકલ્પ તરીકે “વર્ણ”નો પ્રયોગ કરીને સ્થાનિક ભાષાને અગ્રતાક્રમ આપી શકાય છે. દા.ત. 8 = ગુજરાતી 1 = ગુજરાતી કાવ્ય.

(10) પેટાવિભાગોની ગોઠવણી માટે અનુવર્ણક્રમનો સિદ્ધાંત અપનાવવામાં આવેલ છે.

**તમારી પ્રગતિ ચકાસો**

**નોંધ : i. નીચે આપેલ જગ્યામાં તમારો ઉત્તર લખો.**

**ii. એકમના અંતે આપેલ ઉત્તર સાથે તમારો ઉત્તર ચકાસો.**

**1. વર્ગીકરણ પદ્ધતિના કેટલા પ્રકાર છે ? કયા કયા ? ડી.ડી.સી. કયા પ્રકારની વર્ગીકરણ પદ્ધતિ છે ?**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**2. Book Classification માટે સામાન્ય રીતે કોને મહત્ત્વ આપવામાં આવે છે ?**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**3. Classification number ને સુક્ષ્મ અને વિસ્તારશીલ બનાવવા માટે ડી.ડી.સી.માં કઈ બાબતની જોગવાઈ કરવામાં આવેલ છે ?**

.....................................................................

.....................................................................

.....................................................................

..................................................................

..................................................................

..................................................................

4. વર્ગીકરણ સંબંધમાં 'નોંધો' એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

5. વ્યાખ્યા નોંધોની સમજ આપો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

6. વિવિધ પ્રકારની નોંધ (નિર્દેશ) ને ટૂંકમાં દર્શાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

7. વ્યાખ્યા નોંધોના કોઈપણ બે ઉદાહરણ દર્શાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

8. **સ્કોપ નોંધ (અવકાશ નોંધો) ની સમજ આપો.**

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

## 2.7 સારાંશ (Summary)

સાપેક્ષ અનુક્રમણિકામાં વિષયોને શબ્દશઃ વર્ણાનુંક્રમમાં ગોઠવવામાં આવેલ છે. સાથે–સાથે વિષયના સમાન સ્તરને પણ વિભિન્ન પક્ષોમાં પણ વર્ણાનુંક્રમમાં જ ગોઠવવામાં આવેલ છે.આ રીતે સ્પષ્ટ થાય છે કે, અનુક્રમણિકા ડી.ડી.સી.ના બાકીના બે ભાગોની ચાવી છે. જેની મદદ વડે Tables અને Schedule સુધી સરળતાથી જઈ શકાય છે. આ પ્રકરણમાં Notes એટલે કે નોંધોને ઉદાહરણ સહિત સ્પષ્ટ કરવામાં આવેલ છે. Indexes નો યોગ્ય અને ઉચિત ઉપયોગ આપણે કરી શકીએ તો આપણને સાચો Classification Number તૈયાર કરવા માટે મદદ મળી રહે છે.

વર્ગીકરણ કરનાર માટે અનેક પ્રકારની સૂચના નોંધોનો પ્રયોગ અનુસૂચિમાં કરવામાં આવ્યો છે જેનો ઉપયોગ કરીને વર્ગીકાર સાચું વર્ગીકરણ કાર્ય કરી શકે છે.

## 2.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (Answers to Self Check Exercises)

1. વર્ગીકરણ પદ્ધતિના કોઠાગત અને મુખકીય એમ બે પ્રકાર છે. કોઠાગત વર્ગીકરણ પદ્ધતિમાં subject ના સંયોજનોના તૈયાર નંબર આપેલા હોય છે. તેના પણ બે વિભાગ છે (1) સંપૂર્ણ કોઠાગત અને (2) અંશતઃ કોઠાગત . ડી.ડી.સી. પદ્ધતિ એ અંશતઃ કોઠાગત પદ્ધતિ છે, કારણ કે તેમાં કેટલાક વધારાના કોઠાઓ પણ આપેલાં છે.

2. Book Classification માટે સામાન્ય રીતે Subject ને જ મહત્ત્વ આપવામાં આવે છે.

3. Classification Number ને સૂક્ષ્મ અને વિસ્તારશીલ બનાવવા માટે ડી.ડી.સી. માં મુખ્ય કોઠાઓ ઉપરાંત સાત સહાયક કોઠાઓ પણ આપવમાં આવે છે.

4. વર્ગીકરણના સંબંધમાં 'નોંધો' એટલે પ્રાયોગિક કક્ષાએ વર્ગીકરણ કરવા માટે જરૂરી સૂચનો અને સમજ.

5. (1) ડી.ડી.સી. માં વિવિધ જગ્યાએ વ્યાખ્યા નોંધો આપવામાં આવેલી છે. આ એક નોંધના સ્વરૂપમાં દેખાય છે અને Classification Numbers અને તેમના દ્વારા રજૂ કરેલાં Subject ને વ્યાખ્યાયિત કરે છે.

   (2) જો કોઈ Subject ની વિશેષતા વિશે કોઈ ચોક્કસ Classification Number હેઠળ વર્ગીકૃત કરવમાં આવે તો ધ્યાનપૂર્વક અભ્યાસ અને વ્યાખ્યા નોંધો વ્યાપક મૂંઝવણને દૂર કરે છે.

   (3) આ નોંધો તેથી પુસ્તકને હાથમાં લેવાની વર્ગની શુધ્ધતા વિશે નિર્ણય લેવામાં વર્ગ તૈયાર કરવા માટે મદદ કરે છે.

6. (1) વ્યાખ્યાત્મક નિર્દેશ (નોંધ)

   (2) સમાવિષ્ટ નિર્દેશ (નોંધ)

(3) અહી વર્ગીકૃત કરો નિર્દેશ (નોંધ)

(4) 'અન્યત્ર વર્ગીકૃત કરો' નિર્દેશ (નોંધ)

(5) 'પૂર્વ વર્ગાંક' નિર્દેશ (નોંધ)

(6) વર્ગાંક તૈયાર કરવાના નિર્દેશ (નોંધ)

(અ) એકલ 'યોજક' નિર્દેશ (નોંધ)

(બ) સામૂહિક 'યોજક' નિર્દેશ (નોંધ)

(ક) "પાયાના વર્ગાંકમાં ઉમેરો" નિર્દેશ (નોંધ)

(7) મધ્યવર્તી શીર્ષક

(8) બિન્દુ અને ખાલી જગ્યા

(9) પ્રતિ નિર્દેશ (નોંધ)

(અ) "જુઓ" નિર્દેશ

(બ) "માટે....જુઓ" નિર્દેશ

7. 330 Economics

"માનવીય વર્તનનું વર્તન, કારણ કે તે જરૂરિયાતને સંતોષ માટે બીજા માધ્યમોના ઉપયોગ સાથે સંબંધિત છે અને ઉત્પાદન વપરાશ દ્વારા મેળવે છે."

410 Linguistics

"બોલાયેલી અને લેખિત ભાષાનું વિજ્ઞાન અને બંધારણ".

8. વિવિધ સ્થળોએ વ્યાખ્યા ઉપરાંત, સંબંધિત Classification Number હેઠળના Scheduleમાં પણ અવકાશ નોંધો આપવામાં આવી છે. અવકાશ નોંધો Classification Number ને નક્કી કરવામાં વર્ગીકરણ કરનારને મદદ કરે છે. અને તે પછી તે ચોક્કસ Classification Number આપવા માટે પુસ્તક માટે યોગ્ય છે કે કેમ ? તે અંગે નિર્ણય લેવા માટેની અસ્પષ્ટતા દૂર કરે છે.

## 2.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

- **અનુવર્ણ વિષયસૂચિ :** અનુવર્ણ વિષયસૂચિ પણ ગ્રંથવર્ગીકરણની એક અગત્યની જરૂરિયાત છે. અનુવર્ણ વિષયસૂચિ એટલે પદ્ધતિના ક્રમ પરત્વેનો અનુવર્ણ અભિગમ. આવી સૂચિના બે પ્રકાર છે : સાદી અને વિષયાનુરાગી અથવા સાપેક્ષ.
- **કેન્દ્રિત શીર્ષક :** જ્યારે અનુસૂચિમાં કોઈ એક બાજુને દર્શાવવા માટે એકથી વધારે અંકનોનો પ્રયોગ કરવામાં આવે છે ત્યારે કેન્દ્રિત શીર્ષકનો પ્રયોગ કરવામાં આવે છે.
- **કોઠાગત સ્મરણ સહાયક અંકો :** ડેસિમલ ક્લાસીફિકેશન સર્વસામાન્ય પેટાવિભાગો, વિષયયુક્ત, ભૌગોલિક અંકો, ભાષા અને સાહિત્યના અંકો વગેરેને 'કોઠાગત સ્મરણ–સહાયક' અંકો તરીકે ગણાવી શકાય. આવા સ્મરણ સહાયક અંકો ગ્રંથવર્ગીકરણના કદને નાનું
- **ગ્રંથાલય વર્ગીકરણ :** ગ્રંથના વિશિષ્ટ વિષયના નામને અધિકૃત કૃતિમ ભાષામાં અનુવાદ કરવાની કળા એ જ ગ્રંથાલય વર્ગીકરણ છે. (ડો.એસ.આર.રંથનાથન)
- **વિસ્તરણ :** વિશેષ નોંધો, વિશેષ મુદ્દાઓ અંગેની જોગવાઈ.
- **નોંધો :** પ્રાયોગિક કક્ષાએ વર્ગીકરણ કરવા માટે જરૂરી સૂચનો અને સમજ.

- **મૂળ વિષય :** મૂળ વિષય એટલે સ્વતંત્ર રીતે અસ્તિત્વ ધરાવતું સર્વમાન્ય વિષયવર્તુળ.
- **મૂળ તત્વો :** મૂળ તત્વો એટલે અન્ય ઘણા વિકલ્પોનો સમાવેશ કરતી વ્યાપ્ત વિભાવનાઓ અથવા અન્ય વિભાવનાઓના સામૂહિકરણમાં ઉપયુક્ત બને એવું વ્યાપ્ત સંકલન.
- **સંજ્ઞા :** સંજ્ઞા એ વર્ગ દર્શાવતી ચિહનોની એક શ્રેણી છે, જેમાં સાદાઈ અને ટૂંકાણમાં બંને પરસ્પર વિરોધી હોવાની જરૂરી છે.
- **ખાલી અંકયુક્તિ :** આ યુક્તિ તદ્દન સાદી છે. અહી ભવિષ્યમાં જરૂર પડે ત્યારે નવો વર્ગ ઉમેરી શકાય તે માટે સંજ્ઞાના અમુક ભાગને અનામત રાખવામાં આવે છે.
- **વર્ગ :** વર્ગ એ ગણતરીમાં લીધેલાં બધા પેટા વિભાજનોનો કુલ સરવાળો છે.
- **વિષયયુક્તિ :** ડેસિમલમાં ઘણી જગ્યાએ એવી નોંધ આપવામાં આવી હોય છે કે "પાયાના Classification Number માં ઉમેરો". વિષયયુક્તિ દ્વારા વિભાજનમાં ખૂબ સરળતા રહે છે અને બધા જ Classification Numbers અથવા પૃથકો આપવાની જરૂર રહેતી નથી.
- **શીર્ષક :** કોઈ શબ્દને કોઈ વિશિષ્ટ શીર્ષક દ્વારા પ્રગટ કરવામાં આવે છે તે એટલું વિસ્તૃત હોય છે કે પોતાના હાથ નીચેની બધી જ Entries નો સમાવેશ કરી શકે છે.
- **Add note :** An instruction directing the addition to a designated base number of digits derived either from a number sequence in the schedule or from a table. Replaces the former instruction to "divide like." See also Number building.
- **Artificial digit :** A letter or other symbol used in certain cases as a substitute for digits 0–9 to provide a more prominent location or shorter notation for various languages, literature, religions, culture, ethnic groups.
- **Base Number :** (1) In a sequence of numbers, that portion which does not vary but remains the same in each member of the sequence. To this number digits from the tables or from another sequence in the schedule may be added as instructed. (2) The unvarying portion of a sequence from which digits are taken to from another sequences may also be referred to as a base number.
- **Basic Subject :** એટલે મૂળ વિષય. એટલે સ્વતંત્ર રીતે અસ્તિત્વ ધરાવતું સર્વમાન્ય વિષયવર્તુળ. દા.ત. તર્કશાસ્ત્ર.
- **Call :** વાચક દ્વારા કોઇપણ ગ્રંથ કે માહિતીની માંગને વર્ગીકરણ વિશ્વમાં તે પુસ્તકની પ્રાપ્તિ (Call) કહેવાય છે.
- **Call Number :** Call Number નું કર્તવ્ય ઈચ્છિત પુસ્તકનું સ્થાન, અન્ય સામગ્રીમાં ક્યાં છે તે દર્શાવવાનું છે. આ પ્રમાણે જોતા સ્થાન દર્શાવતા સમંક તે 'સ્થાનસમંક' એટલે કે 'ક્રામકસમંક' છે. પુસ્તકોની ગોઠવણીની વ્યવસ્થા તથા તેનો ક્રમ વિષયોની વર્ગીકૃત રચના અનુસાર કરવામાં આવતો હોય, પુસ્તકનું સ્થાન દર્શાવતા સમંકને 'ક્રામકસંમક' કે ક્રમદર્શક સંમક' ના નામે પણ ઓળખવામાં આવે છે.
- **Centered entry :** An entry representing a concept for which Is no specific number in the hierarchy of notation, and which, therefore, covers a span of numbers.

## 2.10 સંદર્ભો અને વિશેષ વાંચન (Reference and Further Reading)

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. બેચલર ઓફ લાયબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ અભ્યાસક્રમ : ગ્રંથાલય વર્ગીકરણ પ્રયોગ –1.

પટેલ, ચંપકલાલ રા. (1994).ગ્રંથવર્ગીકરણના મૂળતત્વો. અમદાવાદ : ગુજરાત પુસ્તકાલય મંડળ.

ભારધ્વાજ, ચંદ્રભાનુ (1984). વર્ગીકરણ : સિદ્ધાંત એવમ વ્યવહાર. જયપુર : પ્રિન્ટવેલ પબ્લિકેશન્સ.

ધ્યાની, પુષ્પા. (1999). પુસ્તકાલય વર્ગીકરણ . ન્યુ દિલ્હી : એસ એસ પબ્લિકેશન્સ.

શર્મા, પ્રહલાદ (–). પ્રાયોગિક પુસ્તકાલય વર્ગીકરણ. જયપુર : યુનિવર્સિટી પબ્લિકેશન્સ.

ચતુર્વેદી, ડી.ડી.(2003). પુસ્તકાલય વર્ગીકરણ કી સૈદ્ધાંતિક વિવેચના. ન્યુ દિલ્હી : એસ એસ પબ્લિકેશન્સ.

ગૌતમ, જે.એન., એવમ સિંહ, નિરંજન.(1996).ડ્યૂવી દશમલવ વર્ગીકરણ : ક્રિયાત્મક વિશ્લેષણ : સંસ્કરણ 19 એવમ 20. આગરા : વાઈ.કે. પબ્લીશર્સ.

સૂદ, એસ.પી. એવમ રાવતાની, એમ.આર. (1986). ક્રિયાત્મક ડ્યૂઈ દશમલવ વર્ગીકરણ. જયપુર : આર.બી. એસ.એ પબ્લીશર્સ.

Dewey Melvil.(1979). Dewey decimal classification and relative index. New York :Forest Press.

Sharma, S.K. (1998). Practical approach to DDC : Dewey decimal classification made easy. New Delhi : Ess Ess Publications.

★ ★ ★

# એકમ 3 પ્રલેખો વર્ગીકૃત કરવાના સોપાનો

**રૂપરેખા**


3.0 ઉદ્દેશો

3.1 પ્રસ્તાવના

3.2 પ્રલેખ એટલે શું ?

3.3 પુસ્તકમાં આવતી બાબતો

3.4 વર્ગીકરણ એટલે શું ?

3.5 પુસ્તક વર્ગીકરણની જરૂરિયાત

3.6 વર્ગીકરણના પ્રકાર

3.7 વર્ગીકરણ પદ્ધતિના પ્રકાર

3.8 વર્ગીકરણના ઉપયોગી પગથિયાં

3.8.1 પ્રથમ પગથિયું

3.8.2 બીજું પગથિયું

3.8.3 ત્રીજું પગથિયું

3.8.4 ચોથું પગથિયું

3.8.5 પાંચમું પગથિયું

3.9 સારાંશ

3.10 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તર

3.11 ચાવીરૂપ શબ્દો

3.12 સંદર્ભ અને વિશેષ વાંચન


## 3.0 ઉદ્દેશો (Objectives)

આ એકમનો ઉદ્દેશ્ય બેચલર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સના અભ્યાસક્રમના 'ડ્યુઈ દશાંશ વર્ગીકરણ' અનુસાર વર્ગીકૃત કરવાના સોપાનો પ્રસ્તુત કરવાનો છે.

આપ સૌ બેચલર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફરમેશન સાયન્સ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ છો. આપ ભવિષ્યમાં કોઈપણ પ્રકારના ગ્રંથાલયમાં એક વ્યાવસાયિક તરીકે કાર્ય કરવા ઈચ્છતા હશો. ગ્રંથોનું વર્ગીકરણ ગ્રંથાલયનું એક અગત્યનું ઉપયોગી કાર્ય છે. ગ્રંથ વર્ગીકરણ કરવા માટે, આપને ગ્રંથ વર્ગીકરણ કરવાની કોઈપણ એક પદ્ધતિનો ઉપયોગ કરવાનો રહેશે. આ યુનિટમાં પ્રલેખ એટલે શું ? પુસ્તકમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે કે, જેના આધારે વર્ગીકરણ કરવા માટે મદદરૂપ નીવડે છે, તેની માહિતી તથા ડી.ડી.સી. અનુસાર કઈ રીતે વર્ગીકરણ કરવું તેનાં પગથિયાંની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલી છે. જે આપને અહીં અભ્યાસમાં અને ભવિષ્યમાં ગ્રંથાલય વ્યવસાયમાં પણ ઉપયોગી નીવડશે.

## 3.1 પ્રસ્તાવના (Introduction)

વર્ગીકરણ શબ્દ મૂળ લૅટિન 'ક્લાસિસ' થી બન્યો છે. આ શબ્દ પ્રાચીન રોમનની સંપત્તિ અને પ્રમુખતાના આધારે પ્રચલિત છ પ્રકારના નાગરિકોને એકબીજાંથી અલગ રીતે સમજવા માટે ઉપયોગમાં લેવામાં આવતો હતો. સામાન્ય અર્થમાં 'વર્ગ' એવી વસ્તુઓનો સમૂહ છે, જે સમાન ગુણ અથવા તત્ત્વના કારણે એકબીજાં સાથે સંબંધિત છે. એક મુદ્રક પુસ્તકના ટાઈપ અનુસાર, બાઈન્ડિંગ અનુસાર, પુસ્તક વિક્રેતા તેની દુર્લભતા, કિંમત અથવા આકર્ષણ-મહત્ત્વ અનુસાર અને ગ્રંથપાલ આકાર, પ્રકાશન, વર્ષ, રૂપ, લેખકનું નામ, વિષય અથવા અન્ય કોઈ પણ રીતે ક્રમબદ્ધ કરી શકે છે.

ગ્રંથપાલ 'વર્ગીકરણ' શબ્દનો પ્રયોગ કરે છે ત્યારે તેનું તાત્પર્ય પોતાની સામગ્રી જેવી કે, પુસ્તકો, હસ્તલિખિત ગ્રંથ, દસ્તાવેજ, નકશાઓ અને પ્રલેખ વગેરેની તારવણી અને ક્રમબદ્ધ કરવાની પ્રક્રિયાની છે. તેનું સૌપ્રથમ કાર્ય પુસ્તકો તથા અન્ય લેખિત વાચનસામગ્રીને વાચકો માટે એકત્રિત કરવી અને પસંદગી કરવાથી છે. તેની સફળતા એ બાબતથી છે કે સંપૂર્ણ વાચનસામગ્રી તેની કુશળતાથી ક્રમબદ્ધ રહે જે વાચકોને ઈચ્છિત વાચનસામગ્રી ઓછામાં ઓછા સમયમાં વાચકની સમક્ષ પ્રસ્તુત કરી શકે. ટૂંકમાં, ગ્રંથપાલનું અંતિમ લક્ષ્ય જ્ઞાન, માહિતી અથવા મનોરંજન વગેરેની શોધ કરવા માટે આવતાં, વાચકના સમયની બચત કરી શકે. આ ઉપલબ્ધિ માટે ગ્રંથપાલને પોતાની બધા જ પ્રકારની યોગ્યતા અને ગુણોનો ઉપયોગ કરવાનો ભરપૂર અવસર છે.

વર્ગીકરણથી અભિન્ન વસ્તુઓ એક જગ્યાએ આવે છે તથા ભિન્ન વસ્તુઓ અલગ અલગ થઈ જાય છે. જ્યારે ગ્રંથપાલ વર્ગીકરણ કરે છે ત્યારે, તેના મનમાં પુસ્તકોનો તેવો ક્રમ આવે છે. જેની કલ્પના વાચક કરે છે અથવા તે સ્વરૂપમાં મેળવવા ઈચ્છે છે. તે વર્ગ-ક્રમ ઘણા પ્રકારના હોઈ શકે છે, પુસ્તકનો આકાર, પ્રકાશન તારીખ અને વર્ષ મૂળ સ્થાન, મુદ્રક, વાચનસામગ્રી, ટાઈપ, સચિત્ર સ્વરૂપ, ભાષા, દુર્લભતા, ઉદ્દેશ્ય અથવા અન્ય ગુણની એકરુપતા. પરંતુ સામાન્ય રીતે ગ્રંથાલયમાં વર્ગીકરણનો અર્થ અથવા અભિપ્રાય, પુસ્તકોને વિષય અનુસાર વર્ગ આપવાથી છે. મોટાભાગે આપ જોઈ શકો છો કે બધાં જ પુસ્તકોને વિષય અનુસાર ક્રમબદ્ધ કરી શકાતાં નથી, વધારેમાં વધારે સાઠ ટકા પુસ્તકો વિષયક્રમમાં ગોઠવવામાં આવે છે. જો વાર્તા સાહિત્યને છોડી દઈએ તો તે હકીકતમાં પુસ્તકોની માંગણી લેખક-ક્રમથી ન હોઈ તે વિષય-ક્રમમાં જ વ્યવસ્થિત હોય છે.

## 3.2 પ્રલેખ એટલે શું ? (What is Document)

લેખિત, છાપેલ અથવા ઈલેક્ટ્રોનિક પદાર્થનો ટુકડો કે જે માહિતી અથવા પુરાવા પ્રદાન કરે છે અથવા જે સત્તાવાર રીતે Record તરીકે કામ કરે છે.

પ્રલેખ એ કોઈ વિચાર કે વિચારોને રજૂ કરવાનું માધ્યમ છે. પ્રલેખ એ કોઈ કૃતિની સરળ આપ-લે માટે, તેના વિવિધ સ્થળોએ પ્રસારણ, પ્રત્યાયન માટે તેમજ લાંબા સમય સુધી તેને જાળવી રાખવા માટે, કોઈ કૃતિની કાગળ ઉપર કે કોઈ બીજા માધ્યમમાં રજૂઆત કરે. ટૂંકમાં, એવું કહી શકાય કે કોઈ પ્રલેખ એ, લેખમાં સમાવવામાં આવેલી માહિતી છે. પ્રલેખ એ વિશાળ અર્થમાં પુસ્તક, મોનોગ્રાફ, શોધનિબંધ, લઘુશોધનિબંધ, અહેવાલ વગેરે, Micro સ્વરૂપમાં હોઈ શકે છે. પ્રલેખો, સામયિકના લેખના સ્વરૂપમાં પણ હોઈ શકે છે. જેમાં પરંપરાગત (Conventional), નવપરંપરાગત (Neo-Conventional), અપરંપરાગત (Non-Conventional), અભલેખ્ય (Meta-Documents) સ્વરૂપે પ્રલેખનું વર્ગીકરણ કરી શકાય છે.

## 3.3 પુસ્તકમાં આવતી બાબતો (Content in Book)

દરેક પુસ્તકમાં નીચે દર્શાવેલ બાબતો મોટાભાગે જોવા મળે છે :

(1) પ્રારંભિક પૃષ્ઠ (Preliminaries Pages), અર્ધ શીર્ષક (Half title of Bastard title)

(2) મુખ પૃષ્ઠ (Title Page)

(3) પ્રકાશન અધિકાર તિથિ (Imprimatur)

(4) સમર્પણ પૃષ્ઠ (Dedication Page)

(5) પ્રસ્તાવના (Preface)

(6) ભૂમિકા (Forward)

(7) વિષય સૂચિ (Contents)

(8) પુસ્તકમાં પ્રકાશિત ચિત્ર, પ્લેટ અને સારણી વગેરેની સૂચિ

(9) શુદ્ધિપત્રક (જો હોય તો)

(10) વાચનસામગ્રી (Text)

(11) ટિપ્પણી (Notes)

(12) ગ્રંથ સૂચિ (Bibliographies and the Appendices)

(13) અનુક્રમણિકા (Index or Indexes)

(14) મુદ્રણાંક (Imprint)

(15) સમાપ્ત (Finis)

(16) મજબૂત કાગળનાં પૃષ્ઠ (Stout End Paper)

(17) પુસ્તક સંબંધિત ચિત્ર અને નકશાઓ

(18) Book end Papers

(19) આવરણ જેકેટ (Dust Jacket)

## 3.4 વર્ગીકરણ એટલે શું ? (What is Classification)

વર્ગીકરણ એટલે શું ? વર્ગ એટલે જૂથ અને કરણ એટલે વૈજ્ઞાનિક રીત. વર્ગીકરણ એટલે વર્ગ પાડવાની શાસ્ત્રીય કે વૈજ્ઞાનિક રીત. સમાનતા અને અસમાનતા અનુસાર વસ્તુઓ અને વિચારોને ક્રમબદ્ધ કરવા. માર્ગરિટ માન અનુસાર ‘સમાન વસ્તુઓને એક સાથે રાખવી અથવા વધારે વિસ્તારમાં સમાનતા અને અસમાનતા અનુસાર વસ્તુઓ વ્યવસ્થિત કરવી એટલે વર્ગીકરણ.’

વર્ગીકરણ કાર્ય કોઈપણ વિષય વિશેષનાં બધાં જ પુસ્તકોને એક જ જગ્યાએ સંકલન કરવું તે છે. વિશિષ્ટ વિષયની સાથે સાથે તેની આસપાસના વિષયનાં પુસ્તકોને પણ રાખી શકાય છે. પુસ્તક સંયોજનનું આ કાર્ય પ્રત્યેક દેશમાં પોતાની જરૂરિયાત અનુસાર વિભિન્ન વર્ગીકરણ પદ્ધતિઓ અનુસાર કરવામાં આવે છે. પુસ્તક વર્ગીકરણનો સામાન્ય અર્થ—પુસ્તકના સંગ્રહવામાં આવેલ જ્ઞાનનું સમ્યક આયોજન. પુસ્તકાલયોમાં ઘણાં પ્રકારનાં પુસ્તકો ક્રમબદ્ધ રીતે આવે છે જેમ કે આકાર, લેખકનાં નામ અથવા પુસ્તકમાં વર્ણવામાં આવેલ વર્ણાનુક્રમ મુજબ. પરંતુ વૈજ્ઞાનિક વર્ગીકરણ તેને કહેવામાં આવે છે જે નિયમો અનુસાર કેવી કોઈ પદ્ધતિમાં પુસ્તક સમૂહોનું વિભાજન થાય જેનો કોઈ તર્કસંગત આધાર હોય.

ડૉ. એસ. આર. રંગનાથન અનુસાર વર્ગીકરણ એટલે "વર્ગીકરણ એવી પ્રક્રિયા છે જેના દ્વારા Documents ને એક નંબર આપવામાં આવે છે અને આ નંબર વર્ગીકરણ ભાષાના સમતુલ્ય હોય છે."

વર્ગીકરણનું પ્રથમ તથા મુખ્ય સોપાન છે વર્ગીકરણ પદ્ધતિનું નિદર્શન અથવા જેને પ્રતીક સંખ્યા (Notation) કહે છે. વર્ગીકરણ પદ્ધતિમાં પ્રત્યેક વિષયનો કોઈ નિર્દેશ અથવા પ્રતીક હોય છે.

## 3.5 પુસ્તક વર્ગીકરણની જરૂરિયાત (Need of Book Classification)

(1) જ્ઞાનનો અસીમિત વિસ્તાર

(2) વિષયોની જટિલતા

(3) સાહિત્યનાં વિવિધ સ્વરૂપો

(4) વિવિધ ભાષામાં સાહિત્ય

(5) પુસ્તકના ઉદ્દેશ્યની પૂર્તિ માટે

(6) વાચનસામગ્રીની ઓળખ પ્રદાન કરવા માટે

(7) વાચનસામગ્રીને સહાયકક્રમમાં ગોઠવણી કરવા માટે

(8) પુસ્તકાલયની સાધનસામગ્રીના ઉપયોગમાં વૃદ્ધિ કરવા માટે

(9) વાચકો અને ગ્રંથાલયના કર્મચારીઓની બચત કરવા માટે

## 3.6 વર્ગીકરણના પ્રકાર (Types of Classification)

(1) સ્વાભાવિક વર્ગીકરણ

(2) કૃત્રિમ વર્ગીકરણ

## 3.7 વર્ગીકરણ પદ્ધતિના પ્રકાર (Types of Classification System)

ડૉ. એસ. આર. રંગનાથન અનુસાર,

(1) પરિગણનાત્મક પદ્ધતિ (Enumerative Scheme)

(2) લગભગ પરિગણનાત્મક પદ્ધતિ (Almost Enumerative Scheme)

(3) લગભગ મુખકીય પદ્ધતિ (Almost Faceted Scheme)

(4) અપરિવર્તનીય મુખકીય પદ્ધતિ (Fully but Rigidly Faceted Scheme)

(5) લગભગ મુક્ત મુખકીય પદ્ધતિ (Almost Freely Facted Scheme)

(6) મુક્ત મુખકીય પદ્ધતિ (Freely Faceted Scheme)

## 3.8 વર્ગીકરણના ઉપયોગી પગથિયાં (Usefull Steps of Classification)

DDC વર્ગીકરણ મુજબ કાર્ય કરવા માટેના પાંચ પગથિયાં નીચે મુજબ છે.

પુસ્તકો સરળતાથી વાચકોને મળી રહે તે માટે અને પુસ્તકાલયની વ્યવસ્થા સુચારુ રીતે ચાલી શકે તે માટે પુસ્તકોનું વર્ગીકરણ ખૂબ જ મહત્ત્વનું કાર્ય છે. પુસ્તકોને વર્ગીકૃત કરતી વખતે નીચે દર્શાવેલ વર્ગીકરણનાં પાંચ પગથિયાંનો ઉપયોગ કરવો જોઈએ.

### 3.8.1 પ્રથમ પગથિયું (Read the Book Title and Introductory Part of Book Carefully) :

સૌથી પ્રથમ પુસ્તકના શીર્ષક અને તેની પ્રસ્તાવનાને ધ્યાનપૂર્વક વાંચો અને શીર્ષકનું વાંચન કર્યા પછી કોઈ એક મુખ્ય શબ્દની પસંદગી કરો. આ પસંદ કરેલો શબ્દ એવો હોવો જોઈએ જે તે પુસ્તકના અંદરના જ્ઞાનને માહિતગાર કરાવી શકતો હોય. એટલા માટે જ શીર્ષકને ધ્યાનથી અને વારંવાર વાંચો. કેમ કે વર્ગીકરણની સાચી દિશા શીર્ષકનું વાંચન કર્યા પછી જ આવે છે.

### 3.8.2 બીજું પગથિયું (Read the Contents of books) :

પુસ્તકની પ્રસ્તાવનાનું વાંચન કર્યા પછી પણ શંકા રહે તો પુસ્તકની અનુક્રમણિકાનું વાંચન કરવું જોઈએ, કારણ કે જે વિષય પર પુસ્તક લખવામાં આવેલું છે તે વિષયનું જ્ઞાન, વર્ગીકરણ કરનારને હોવું ખૂબ જ જરૂરી છે. પુસ્તકનું વર્ગીકરણ કરતાં પહેલાં પુસ્તકની અનુક્રમણિકા એટલે કે Content ને વાંચવી ખૂબ જ મહત્ત્વની છે.

### 3.8.3 ત્રીજું પગથિયું (Use of Realtive Index) :

Use of Relative Index નો સાચો ઉપયોગ કરવો ખૂબ જ અગત્યનો છે. જેમ કે;

**3.8.3.1** Relative Index નો ઉપયોગ કરતાં પહેલાં પુસ્તકનો એક Main Word Choose કરો જે પુસ્તકના વિષયની માહિતી આપતો હોય.

**3.8.3.2** Relative Index નો ઉપયોગ Dictionary Pattern પર હોય છે, જેની માહિતી હોવી જરૂરી છે.

**3.8.3.3** Relative Index નો ઉપયોગ કરતી વખતે Main Word સંબંધિત બધા જ Class Number Subject Wise તેની સાથે લખેલાં હોય છે, એટલા માટે વર્ગીકરણ કરનારે તે Main Word ની ઉપર-નીચે બધા જ Class Number ને ધ્યાનથી જોવાં જોઈએ.

**3.8.3.4** D.D.C. Schedule ના ઉપયોગ પહેલાં Relative Index માટે Title અને Class Number ને પણ ધ્યાનથી, જે પુસ્તકનું વર્ગીકરણ કરવાનું છે તે પુસ્તકની સાથે તુલનાત્મક અભ્યાસ કરવો જોઈએ.

### 3.8.4 ચોથું પગથિયું (Use of Tables) :

D.D.C. Schedule નો ઉપયોગ કર્યા પછી D.D.C. Tables નો ઉપયોગ કરવામાં આવે છે. તેના દ્વારા પુસ્તકના વિષયને વધારે Specify કરવામાં આવે છે, જેનાથી પુસ્તકનો વધારે ઉપયોગ વધી શકે છે.

આ પગથિયું વર્ગીકરણનું ખૂબ જ મહત્ત્વનું ઉપયોગી તથા અંતિમ પગથિયું માનવામાં આવે છે. કેમ કે જ્યારે પુસ્તકને તેનો Subject મળી જાય છે ત્યારે Classifier D.D.C. Scheduleનો પ્રયોગ કરતો હોય છે ત્યારે તે સમયે વર્ગીકરણ કરનારે એ જોવું જોઈએ કે Book Content / Book Knowledge Schedule માં કયા Classification Number ની સાથે મેળ ખાય છે. કેમ કે D.D.C. Schedule ના Sub-Division લગભગ 60 થી 70 ટકા Title ની સાથે મેળ ખાતાં હોય છે. જો Schedule Title તથા Book Title as it is ન હોય તો Schedule માં દર્શાવવામાં આવેલ સૂચના અનુસાર, આગળનો અભ્યાસ કરીને અને પુસ્તકના Subject માં સાચો Class Number આપે, જો અહીં Classifier થોડીપણ નિષ્કાળજી રાખે તો પુસ્તકને ખોટો Class Number આપે તો પુસ્તકનો સાચો ઉપયોગ થઈ શકતો નથી.

### 3.8.5 પાંચમું પગથિયું (Use of Tables) :

D.D.C. Schedule ના ઉપયોગ પછી D.D.C. Tables નો પ્રયોગ કરવામાં આવે છે. જેના દ્વારા પુસ્તકને વધારે ઊંડાણપૂર્વક Specify કરવામાં આવે છે, જેનાથી પુસ્તકનો ઉપયોગ વધારે થઈ શકે છે.

**3.8.5.1 Use of Table – 1 :** General Work, Philosophy and Theory, Encyclopedia, Dictionary અને Serial Publication પુસ્તક વગેરે માટે Table – 1 નો ઉપયોગ કરવામાં આવે છે.

Example : Study of palmistry

Palmistry = 133.6

Study = – 07 (Table 1 માંથી)

= 133.6 + 07

Class Number = 133.607

**3.8.5.2 Use of Table – 2 :** જો પુસ્તક કોઈ એક જ સ્થાનના સંબંધમાં માહિતી આપતું હોય તો તે સ્થાનને દર્શાવવા માટે Table–2 નો ઉપયોગ Schedule માં આપવામાં આવેલી સૂચના અનુસાર કરવામાં આવે છે. અને અહીં કોઈ આદેશ ન હોય તો ત્યાં Standard sub-division 09 ની સાથે જોડી દેવામાં આવે છે.

Example : U. P. Library Association

Base Number = Library Association 020.6234

Instruction = Add 'Area' notation 3-9 from table 2 to base number 020.6324

Area = U.P. 542 (T–2)

= 020.6234 + 542

Class Number = 020.623 4542

**3.8.5.3 Use of Table – 3 :** આ Table ની મદદથી ફક્ત સાહિત્ય (Literature) સંબંધિત પુસ્તકોને એકદમ સાચા Class Number આપી શકાય છે. જેમાં કવિતા, નાટક, નવલકથા, નિબંધ, ભાષણ, પત્ર, વ્યંગ્ય અને હાસ્ય વગેરેનો સમાવેશ થાય છે.

Example : English Fiction

Schedule Number = 820

Schedule base = 82

Table Number = 3

Class Number = 823

**3.8.5.4 Use of Table – 3 (Individual Language) :** આ Table નો ઉપયોગ એવાં પુસ્તકોને Classify કરતી વખતે કરવામાં આવે છે, જે પુસ્તકોમાં પ્રયોગ કરવામાં આવેલી ભાષા તથા તેની અંદરના શબ્દ બીજી ભાષા માટે લખવામાં આવે છે.

Example : Gujarati words in Marathi Language

Base Number = Marathi Language 491.46

Table 4 = Foreign Elements – 24

Table 6 = Guajrat – 9147

= 491.46 + 24 + 9147 = 491.462 49147

આ Table નો પ્રયોગ શબ્દકોશોનું વર્ગીકરણ કરવા માટે પણ કરવામાં આવે છે.

Example : Unilingual dictionary

English Dictionaries – 423

Base Number for English = 42

Dictionary (Table 4) – 3

Class Number 423

**3.8.5.5 Use of Table – 5 :** આ Table નો ઉપયોગ એવાં પુસ્તકોનું Classification કરતી વખતે કરવામાં આવે છે, જે પુસ્તકો (Race) Ethnic and National Groups વિષય ઉપર લખવામાં આવેલાં હોય. જેમ કે અંગ્રેજી ભાષા, ભારતીય અને કેનેડામાં રહેતા હોય તેવા ભારતીય વગેરે.

Example : Education of Nepalese in India

Generalities of Education = 371

Special Education = 371.9

Student exceptional because of Racial, Ethnic, National Origin = 371.97

Class Number – 371.979 149 505 4

**3.8.5.6 Use of Table – 6 :** આ Table માં વિશ્વની બધી જ મુખ્ય ભાષાઓને Classification Number આપવામાં આવેલાં છે, પરંતુ તેનો ઉપયોગ Schedule માં આપવામાં આવેલી સૂચનાઓ અનુસાર જ કરવામાં આવે છે.

Example : બાઈબલનો હિન્દી અનુવાદ

In other Languages = .53.59

Modern Version and Translation (of Bible) (Tables માંથી)

Instruction : All Languages Notation 3-9 from table 6 to base number 220.5

– 91431 Standard Hindi Table 6 માંથી

Class Number – 220.591 431

**3.8.5.7 Use of Table – 7 (Persons) :** આ Table નો ઉપયોગ એવાં પુસ્તકોના Classification કરતી વખતે કરવામાં આવે છે જે પુસ્તકોની અંદર વિશેષ પ્રકારના વ્યક્તિઓના વ્યક્તિત્વની કાર્યશૈલીનું વિવરણ આપવામાં આવેલું હોય છે. જેમાં : –Individual Persons, –Groups Persons, Persons by Racial, Ethnic, National Background, –Persons by Age, –Persons by Sex and Kinship Characteristics, –Persons by Social and Economic Charactersitics, –Persons by Physical and Mental Characteristics, –Generalities and Novices વગેરે.

**તમારી પ્રગતિ ચકાસો**

**નોંધ : i. નીચે આપેલ જગ્યામાં તમારો ઉત્તર લખો.**

**ii. એકમના અંતે આપેલ ઉત્તર સાથે તમારો ઉત્તર ચકાસો.**

**(1) પ્રલેખ એટલે શું ?**

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

(2) કોઈપણ પુસ્તકમાં કઈ કઈ બાબતોનો મોટાભાગે સમાવેશ થાય છે ?

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(3) વર્ગીકરણ એટલે શું ? સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(4) પુસ્તક વર્ગીકરણની જરૂરિયાતોને સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(5) વર્ગીકરણના પ્રકાર કયા કયા છે ?

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(6) ડૉ. એસ. આર. રંગનાથન અનુસાર વર્ગીકરણ પદ્ધતિના પ્રકાર દર્શાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**(7) D.D.C. વર્ગીકરણ મુજબ કાર્ય કરવા માટેનાં પાંચ પગથિયાંને ટૂંકમાં દર્શાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**(8) ગ્રંથ વર્ગીકરણ કરવા માટે ડૉ. એસ. આર. રંગનાથને સૂચવેલ પગથિયાની વિસ્તૃત ચર્ચા કરો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 3.9 સારાંશ (Summary)

આપણે આ એકમમાં નીચેના મુદ્દાઓનો અભ્યાસ કર્યો :

(1) પ્રલેખ એટલે શું ?

(2) પ્રલેખનું સ્વરૂપ

(3) પુસ્તકમાં આવતી બાબતો

(4) વર્ગીકરણ એટલે શું ?

(5) પુસ્તક વર્ગીકરણની જરૂરિયાત

(6) વર્ગીકરણના પ્રકાર

(7) વર્ગીકરણ પદ્ધતિના પ્રકાર

(8) વર્ગીકરણનાં ઉપયોગી પગથિયાં

(9) DDC વર્ગીકરણ મુજબ કાર્ય કરવા માટેનાં પાંચ પગથિયાં

## 3.10 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (Answer of Self-check Exercise)

**(1)** લેખિત, છાપેલ અથવા ઈલેક્ટ્રોનિક પદાર્થનો ટુકડો કે જે માહિતી અથવા પુરાવા પ્રદાન કરે છે અથવા જે સત્તાવાર રીતે Record તરીકે કામ કરે છે.

**(2)** પ્રારંભિક પૃષ્ઠ, મુખ પૃષ્ઠ, પ્રકાશન અધિકાર તિથિ, સમર્પણ પૃષ્ઠ, પ્રસ્તાવના, ભૂમિકા, વિષય સૂચિ, પુસ્તકમાં પ્રકાશિત ચિત્ર, પ્લેટ અને સારણી વગેરેની સૂચિ, શુદ્ધિપત્રક (જો હોય તો), વાચનસામગ્રી, ટિપ્પણી, ગ્રંથ સૂચિ, અનુક્રમણિકા, મુદ્રણાંક, સમાપ્ત, મજબૂત કાગળનાં પૃષ્ઠ, ગ્રંથ સંબંધિત ચિત્ર અને નકશાઓ, Book end Papers, આવરણ જેકેટ.

**(3)** વર્ગ એટલે જૂથ અને કરણ એટલે વૈજ્ઞાનિક રીત. વર્ગીકરણ એટલે વર્ગ પાડવાની શાસ્ત્રીય કે વૈજ્ઞાનિક રીત. સમાનતા અને અસમાનતા અનુસાર વસ્તુઓ અને વિચારોને ક્રમબદ્ધ કરવા. માર્ગરિટ માન અનુસાર 'સમાન વસ્તુઓને એક સાથે રાખવી અથવા વધારે વિસ્તારમાં સમાનતા અને અસમાનતા અનુસાર વસ્તુઓ વ્યવસ્થિત કરવી એટલે વર્ગીકરણ.'

**(4)** પુસ્તકનું વર્ગીકરણ કરવાથી પુસ્તક શોધનાર વ્યક્તિનો સમય બચે છે અને એક જ વિષયનાં પુસ્તકો એક જ જગ્યાએ વ્યવસ્થિત ગોઠવવાથી ઉપભોક્તાને તાત્કાલિક મળે છે. તદુપરાંત જ્ઞાનનો અસીમિત વિસ્તાર, વિષયોની જટિલતા, સાહિત્યનાં વિવિધ સ્વરૂપો, વિવિધ ભાષામાં સાહિત્ય, પુસ્તકના ઉદ્દેશ્યની પૂર્તિ માટે, વાચનસામગ્રીની ઓળખ પ્રદાન કરવા માટે, વાચનસામગ્રીને સહાયક ક્રમમાં ગોઠવણી કરવા માટે, પુસ્તકાલયની સાધનસામગ્રીના ઉપયોગમાં વૃદ્ધિ કરવા માટે અને વાચકો અને ગ્રંથાલયના કર્મચારીઓના સમયની બચત કરવા માટે પુસ્તકના વર્ગીકરણની જરૂરિયાત રહે છે.

**(5)** વર્ગીકરણના બે પ્રકાર છે : (1) સ્વાભાવિક વર્ગીકરણ અને (2) કૃત્રિમ વર્ગીકરણ.

**(6)** ડૉ. એસ. આર. રંગનાથન અનુસાર વર્ગીકરણ પદ્ધતિના 6 પ્રકાર છે : (1) પરિગણનાત્મક પદ્ધતિ, (2) લગભગ પરિગણનાત્મક પદ્ધતિ, (3) લગભગ મુખકીય પદ્ધતિ, (4) અપરિવર્તનીય મુખકીય પદ્ધતિ, (5) લગભગ મુક્ત મુખકીય પદ્ધતિ અને (6) મુક્ત મુખકીય પદ્ધતિ

**(7)** **પ્રથમ પગથિયું** (Read the Book Title and Introductory Part of Book Carefully) **બીજું પગથિયું** (Read the Contents of Books) **ત્રીજું પગથિયું** (Use of Relative Index) Use of Relative Index **નો સાચો ઉપયોગ કરવો ખૂબ જ અગત્યનો છે. ચોથું પગથિયું** (Use of Tables) D.D.C. Schedule **નો ઉપયોગ કર્યા પછી** D.D.C. Tables**નો ઉપયોગ કરવામાં આવે છે. પાંચમું પગથિયું** (Use of Tables).

**(8)** **ગ્રંથ વર્ગીકરણ કરવા માટે ડૉ. એસ. આર. રંગનાથને સૂચવેલ પગથિયાં :**

**(1)** **શૂન્ય અથવા કાચું પગથિયું :** આ પગથિયાંમાં પુસ્તકના 'ગ્રથનામ પૃષ્ઠ' ઉપર જે વિગત આપી હોય તે જ પ્રમાણે ગ્રંથનામ લખવાનું હોય છે.

**(2)** **પહેલું પગથિયું – પૂર્ણ મથાળું :** આ પગથિયાંમાં ગ્રંથનામમાં, વર્ગીકરણની દૃષ્ટિએ જરૂરી પાંચ મૂળભૂત વિશેષતા દર્શાવતા શબ્દો ઉમેરવાનાં અને બિનજરૂરી શબ્દોને દૂર કરવાનાં હોય છે.

**(3)** **બીજું પગથિયું – વિષયલક્ષી ગ્રંથનામ :** આ પગથિયાંમાં ગ્રંથનામમાંથી અવયવો, ક્રિયાપદો અને આવાં બિનજરૂરી શબ્દોને કાઢી નાખવામાં આવે છે. જેનો કોઈ અર્થ નથી.

**(4)** **ત્રીજું પગથિયું – પૃથકકૃત ગ્રંથનામ વિભાગ :** આ તબક્કે ત્રીજા પગથિયાંમાંના શબ્દોને મુખ્ય વર્ગ, વ્યક્તિત્વ, વસ્તુ, વેગ, સ્થળ, કાળ વગેરે મુખકોમાં છૂટાં પાડી તેમને ઓળખવાનાં રહે છે. અહીં મુખકો અને તેમાં રહેલાં સ્તરો અને વર્તુળોને ઓળખી જે તે સંબંધિત શબ્દની સાથે મૂકવામાં આવે છે.

**(5)** **ચોથું પગથિયું – રૂપાંતરિત ગ્રંથના :** આ પગથિયાંમાં ત્રીજા પગથિયાંમાં રચાયેલાં ગ્રંથનામને મુખકીય ક્રમમાં ગોઠવવામાં આવે છે.

(6) **પાંચમું પગથિયું :** આ પગથિયાંમાં ચોથા પગથિયાંમાં ઉપલબ્ધ ગ્રંથનામને વર્ગીકરણ પદ્ધતિના કોઠામાં આપેલા શબ્દોમાં ફેરવવાની અને તેમને મુખકદર્શક સંજ્ઞાથી ઓળખવાની જરૂર રહે છે.

(7) **છઠ્ઠું પગથિયું :** અહીં વર્ગીકરણના કોઠાની મદદથી ગ્રંથનામના મુખકીય શબ્દોને મુખદર્શક સંજ્ઞામાં અનુવાદ કરવાનો રહે છે.

(8) **સાતમું પગથિયું :** આ પગથિયાંમાં મુખદર્શક શબ્દોનાં ચિહ્નો દૂર કરી જે તે મુખક અંકને યોગ્ય સંયોજન ચિહ્ન વડે અંકિત કરી પુસ્તકનો વર્ગાંક રચવાનો રહે છે.

(9) **આઠમું પગથિયું :** આ પગથિયાંમાં ઉપર દર્શાવેલ સાત પગથિયાંમાં રચાયેલ વર્ગાંકની સત્યતા ચકાસી શકાય છે.

## 3.11 ચાવીરૂપ શબ્દો (Key Words)

- **કૃત્રિમ ભાષાઓ :** વર્ણન કરેલાં વિષયને આધારે, પ્રલેખોને ગોઠવણી માટે ગ્રંથાલય વર્ગીકરણના ઉપયોગમાં લીધેલાં પ્રતીકો.
- **ગ્રંથાંક (Book Number) :** આ અંક એવી ક્રમવાચક સંખ્યા છે, જે ગ્રંથાલયમાં એક વિષયના, અન્ય પ્રલેખોની વચ્ચે સંબંધિત પ્રલેખનું સ્થાન નક્કી કરે છે.
- **વર્ગાંક (Class Number) :** એક ક્રમવાચક સંખ્યા એટલે એક વર્ગીકરણ પદ્ધતિમાં એક વિષયને અન્ય વિષયોની વચ્ચે એક સ્થાન નક્કી કરી આપે છે.
- **સંગ્રહ સંખ્યા (Collection Number) :** સામાન્ય સંગ્રહથી ભિન્ન કોઈ અન્ય સંગ્રહને દર્શાવવા આરોપિત થતું પ્રતીક (કે જ્યાં પ્રલેખને રાખવામાં આવે છે)
- **સ્થાનાંક (Call Number) :** ગ્રંથાલયના ફલકો ઉપર પ્રલેખનું સ્થાન નક્કી કરતી ક્રમબોધક સંખ્યા સ્થાનાંકમાં વર્ગસંમક, ગ્રંથ અંક અને સંગ્રહ અંકનો સમાવેશ થાય છે. દરેક પ્રલેખ માટેની આ અંક એ અદ્વિતીય સંખ્યા છે.
- **પ્રલેખ (Document) :** વિચારોના પ્રત્યાયન માટે નિર્મિત કોઈ રેખાત્મક રિકોર્ડ, જેને લાંબા સમય સુધી સુરક્ષિત અને એક સ્થાનેથી બીજા સ્થાન સુધી પ્રત્યાયન કરી શકાય છે.
- **વર્ગકાર (Classifier) :** ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિનો ઉપયોગ કરીને પ્રલેખોને વર્ગીકૃત કરનાર વ્યક્તિ.
- **વર્ગીકરણશાસ્ત્રી (Classificationist) :** ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિની રચના કરનાર.

## 3.12 સંદર્ભ અને વિશેષ વાંચન (Reference and Further Reading)

સેયર્સ, ડબ્લ્યૂ સી. બરવિક. (અનુ. : કૃષ્ણાચાર્ય). ગ્રંથાલય વર્ગીકરણ કી ભૂમિકા. ભોપાલ : મધ્યપ્રદેશ હિન્દી ગ્રંથ અકાદમી.

ખાન, એમ. એસ. (2012). પ્રારંભિક પુસ્તકાલય વિજ્ઞાન. નયી દિલ્હી : કરન પેપરબેક્સ.

ડી.ડી.સી. 21મી આવૃત્તિ.

★ ★ ★

# એકમ 4 સાપેક્ષ અનુક્રમણિકા

**રૂપરેખા**

**4.0** ઉદ્દેશો

**4.1** પ્રસ્તાવના

**4.2** સૂચિ

**4.3** અનુક્રમણિકાના પ્રકાર

**4.4** D.D.C. ની પૂર્વ ભૂમિકા

**4.5** સાપેક્ષ અનુક્રમણિકા એટલે શું ?

**4.6** સાપેક્ષ અનુક્રમણિકાનો ઉપયોગ

**4.7** સારાંશ

**4.8** તમારી પ્રગતિ ચકાશો

**4.9** ચાવીરૂપ શબ્દો

**4.10** સંદર્ભ અને વિશેષ વાંચન

## 4.0 ઉદ્દેશો (Objectives)

આ એકમના અભ્યાસ પછી તમે નીચે દર્શાવેલ બાબતોથી સક્ષમ બનશો :

- સૂચિ એટલે શું ? તે બાબતથી માહિતગાર થશો.
- અનુક્રમણિકાના કેટલાં પ્રકાર છે, તેનાથી માહિતગાર થશો.
- વર્ગીકરણ પદ્ધતિ D.D.C. અંગે સામાન્ય માહિતી મેળવશો.
- સાપેક્ષિત અનુક્રમણિકાની સંપૂર્ણ માહિતી મેળવશો.
- વર્ગીકરણ કરનારે સાપેક્ષ સૂચિનો ઉપયોગ શા માટે કરવો જોઈએ, તેની માહિતી મેળવીને ભવિષ્યમાં વર્ગીકરણ કરવા માટેની માહિતી મેળવશો.

## 4.2 પ્રસ્તાવના (Introduction)

વર્ગીકરણ પદ્ધતિ D.D.C ની સાપેક્ષ સૂચિનો ઉપયોગ વર્ગીકરણ કરનારે કરવો પડે છે. સાપેક્ષિક અને વિષય પદ્ધતિમાં વિશિષ્ટ અનુક્રમણિકાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. વર્ગીકરણ કરનારે એ હકીકતને હંમેશાં યાદ રાખવી જોઈએ કે અનુક્રમણિકા (Index) વર્ગીકરણનું સાધન નથી, સહાયક તત્ત્વ છે. અનુક્રમણિકાની મદદથી વર્ગીકરણ કરનાર પોતાનો ઈચ્છિત વિષયનો પૂર્વનિર્મિત વર્ગાંક (Readymade Class Number) મેળવી શકે છે.

## 4.3 સૂચિ (Index)

Index શબ્દ લેટિન ભાષાના "Indicate" શબ્દમાંથી બન્યો છે. જેનો અર્થ 'નિર્દેશ' થાય છે. Index થી શું છે ? તે માહિતી નહિ, પણ તે ક્યાં છે ? ની માહિતી મળે છે. એટલે કે Index તે વર્ણાનુક્રમી અથવા વ્યવસ્થિત સૂચિ હોય છે, જેનાથી કોઈ કૃતિમાં આપવામાં આવેલાં પ્રકરણો,

નામો, શબ્દોનાં વાસ્તવિક સ્થાન, પૃષ્ઠ તથા ઉપલબ્ધ હોવાની સંપૂર્ણ માહિતી મળે છે. આ રીતે Index શબ્દનો ઉપયોગ સામાન્ય રીતે વિષય-સૂચિ, વિષય-સારણી અથવા સાહિત્યિક દર્શિકા (Literary Guide) થી હોય છે. આથી નિર્દેશસૂચિ વિષયની જાણકારી આપતી નથી પરંતુ તે ફક્ત તેનું સ્થાન સૂચવે છે. નિર્દેશિકા એક એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા દરેક લેખના વિષયવસ્તુને યોગ્ય શબ્દ વડે તેમાં નોંધવામાં આવે. આ વિષયસૂચક શબ્દોને જુદી જુદી પદ્ધતિઓ વડે વ્યવસ્થિત કરવામાં આવે છે.

## 4.3 અનુક્રમણિકાના પ્રકાર (Type of Index)

4.3.1 લેખક અનુક્રમણિકા (Author Index)

4.3.2 જોડાણ ધરાવતી અનુક્રમણિકા (Affiliation Index)

4.3.3 વિષય અનુક્રમણિકા (Subject Index)

4.3.4 મુખ્ય શબ્દ અનુક્રમણિકા (Key Word Index)

4.3.5 સૂત્ર (સિદ્ધાંત, નિયમ) અનુક્રમણિકા (Formula Index)

4.3.6 પ્રલેખ અનુક્રમણિકા (Document Index)

- 4.3.6.1 ગ્રંથ અનુક્રમણિકા (Book Index)
- 4.3.6.2 સામયિકી અનુક્રમણિકા (Periodical Index)
- 4.3.6.3 સમાચારપત્ર અનુક્રમણિકા (Newspapers Index)
- 4.3.6.4 ધારાવાહિક અનુક્રમણિકા (Serials Index)

4.3.7 અન્ય અનુક્રમણિકાઓ (Other Indexes)

- 4.3.7.1 વાંગ્મયાત્મક અનુક્રમણિકા (Bibliograpical Indexes)
- 4.3.7.2 વર્ણાનુક્રમી અનુક્રમણિકા (Alphabetical Indexes)
- 4.3.7.3 વર્ગીકૃત અનુક્રમણિકા (Classified Indexes)
- 4.3.7.4 સંચયી અનુક્રમણિકા (Cumulative Indexes)
- 4.3.7.5 ઉધ્ધરણ અનુક્રમણિકા (Citation Indexes)
- 4.3.7.6 વિશિષ્ટ અનુક્રમણિકા (Specific Indexes)
- 4.3.7.7 સાપેક્ષિક અનુક્રમણિકા (Relative Indexes)

## 4.4 D.D.C. ની પૂર્વભૂમિકા (Background of D.D.C.)

Dewey Decimal Classification Scheme ની શોધ Colon Classification Scheme પહેલાં થઈ ગઈ હતી. D.D.C.ના શોધક અમેરિકાના મેલવિલ લુઈસ ડ્યુઈ (Melvil Louis Dewey) હતા. તેમનો જન્મ 10-12-1851 ના રોજ થયો હતો અને તેમનું મૃત્યુ 1931માં થયું હતું.

### 4.4.1 Dewey Decimal Classification ની આવૃત્તિઓ :

આ વર્ગીકરણ પદ્ધતિની પ્રથમ આવૃત્તિ 1876 માં પ્રકાશિત થઈ હતી જે માત્ર 42 પૃષ્ઠોનું હતું. જેમાં 12 પૃષ્ઠોની અનુસૂચિ, 12 પૃષ્ઠોની ભૂમિકા અને 18 પૃષ્ઠોની અનુક્રમણિકા હતી. આજદિન સુધી D.D.C. ની 23 આવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ ચૂકી છે.

જેમાં જ્ઞાનજગતના નીચે દર્શાવેલ કુલ 10 ભાગ નિર્ધારિત કરવામાં આવેલ છે :

000 Computers, Information and General Works

100 Philosophy, Parapsychology and Occultism, Psychology

200 Religion

300 Social Sciences

400 Language

500 Natural Sciences and Mathematics

600 Technology (Applied Sciences)

700 The arts

800 Literature (Belles – latters) and rhethoric

900 History, Geography and auxilary disciplines

**4.4.2 Arrangement of the D.D.C. (EDITION 23) Published in mid-2011 :**

The Print version of the latest full edition of the D.D.C., Edition 23, is composed of the following major parts in four volumes :

**Volume – 1 :**

(A) New Features in Edition 23 : A brief explanation of the special features and changes in D.D.C. 22

(B) Introduction : A description of the D.D.C. and how to use it.

(C) Glossary : Short definitions of terms used in the D.D.C.

(D) Index to the Introduction and Glossary.

(E) Manual : A guide to the use of the D.D.C. that is made up primarily of extended discussions of problem areas in the application of the D.D.C. Information in the Manual is arranged by the numbers in the tables and schedules.

(F) Tables : Six numbered tables of notation that can be added to class numbers to provide greater specificity.

(G) List that compare Editions 21 and 22 : Relocation and Discontinuations; Reused Numbers.

**Volume – 2 :**

(H) D.D.C. Summaries : The top three levels of the D.D.C.

(I) Schedules : The organization of knowledge from 000–599

**Volume – 3 :**

(J) Schedules : The organization of knowledge from 600–999

**Volume – 4 :**

(K) Relative Indiex : An alphabetical list of subjects with the disciplines in which they are treated sub arranged alphabetically under each entry Entries.

**The Six tables of D.D.C. 23 Editions are :**

Table – 1 : Standard Subdivisions;

Table – 2 : Geographic Areas, Historical Periods, Biography;

Table – 3 : A–C Subdivisions for Arts, for Individual Literatures, for Specific Literary Forms;

Table – 4 : Subdivisions of Individual Languages and Language Families;

Table – 5 : Ethric and National Groups;

Table – 6 : Language.

## 4.5 સાપેક્ષિક અનુક્રમણિકા એટલે શું ? (What is Relative Index)

જ્યારે કોઈ અનુક્રમણિકા એક વિચાર સાથે સંબંધિત બધા જ શબ્દોને એકી સાથે તેની પૃષ્ઠ સંખ્યા, ક્રમિક સ્થાન સહિત ઉપલબ્ધ કરાવે છે ત્યારે તેને સાપેક્ષિક અનુક્રમણિકા કહે છે. તે વિશિષ્ટ અનુક્રમણિકાનું વિકસિત સ્વરૂપ છે. D.D.C. પદ્ધતિનું Index તેનું ઉત્તમ ઉદાહરણ છે. જેમાં વિચારો અને વિષય-શીર્ષક પણ ઉપલબ્ધ હોય છે.

સાપેક્ષ અનુક્રમણિકા (Relative Index) બધા જ વિષયોના અરસ-પરસના સંબંધોનો સંકેત આપે છે. ઓછામાં ઓછા એવા વિષયોનો જેની વર્ગીકરણ કરનારે (Classifier) પોતાના Tables માં સ્થાન આપ્યું છે. D.D.C. માં સાપેક્ષિક અને વિષય પદ્ધતિમાં વિશિષ્ટ અનુક્રમણિકાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. વિદ્યાર્થીએ એ હકીકતને હંમેશાં યાદ રાખવી જોઈએ કે અનુક્રમણિકા (Index) વર્ગીકરણનું સાધન નથી, સહાયક તત્વ છે. સાપેક્ષ સૂચિ આમ અગત્યની છે જ પણ તે વર્ગીકરણ કરતાં વધારે મહત્ત્વની છે તેવું ન માનવું જોઈએ, તેમ જ સૂચિ દ્વારા વર્ગીકરણ કરવું અત્યંત જોખમ ભરેલું કાર્ય છે. સૂચિનો ઉપયોગ વર્ગાંકની સચોટતા નક્કી કરવા અથવા જરૂરી શબ્દોનું કોઠામાં સ્થાન મેળવવા માટે જ કરવું જોઈએ.

પુસ્તકોનું સ્થાન, Schedule નો અભ્યાસ કરવાથી થાય છે, આ દષ્ટિએ પુસ્તક પોતાના જ વિષયશબ્દની સાથે જ રાખવામાં આવે છે. Index ની મદદથી વિષય-સ્થાન નક્કી કરવાથી હાસ્યાસ્પદ ક્ષતિઓ થાય છે.

## 4.6 સાપેક્ષ અનુક્રમણિકાનો ઉપયોગ (Use of Relative Index)

D.D.C. ની પ્રથમ આવૃત્તિ (1876) થી જ સાપેક્ષ અનુક્રમણિકાને મહત્ત્વ આપવામાં આવેલ છે. પ્રથમ આવૃત્તિમાં 12 પૃષ્ઠોની અનુસૂચિની સાથે 18 પૃષ્ઠોની વ્યવસ્થા કરવામાં આવેલી છે. તેની 20મી આવૃત્તિના ત્રીજા ભાગમાં વિસ્તૃત સાપેક્ષ અનુક્રમણિકા આપવામાં આવેલી છે. આ સાપેક્ષ અનુક્રમણિકામાં બધા જ વર્ગોની અનુસૂચિઓમાં ઉલ્લેખ કરવામાં આવેલ બધા જ વિષયો સાથે સંબંધિત શબ્દોને Alphabetical ક્રમમાં વ્યવસ્થિત કરીને તેમની સામે સંબંધિત વર્ગ સંખ્યા લખવામાં આવેલ છે. સાપેક્ષ અનુક્રમણિકાની મદદથી વર્ગીકરણ કરનાર કોઈ વિષય અથવા કોઈ પ્રકરણ સાથે સંબંધિત કોઈ શબ્દને પ્રકરણની નીચે Alphabetical ક્રમમાં વ્યવસ્થિત અસંખ્ય શબ્દોમાંથી શોધી શકે છે. આ રીતે અનુક્રમણિકાની મદદથી વર્ગીકરણ કરનાર પોતાનો ઈચ્છિત વિષયનો પૂર્વનિર્મિત વર્ગાંક (Readymade Class Number) મેળવી શકે છે.

કોઈપણ સારણીમાં પ્રયોજવામાં આવેલા શબ્દોના પ્રતીકને એક આડી રેખા (Hyphen) (-) દ્વારા અંકિત કરવામાં આવેલ છે. આ પરિસ્થિતિમાં વર્ગીકરણ કરનારે Notation માં ન શોધીને Indexes માં શોધવું જોઈએ.

Table – 1 ના શબ્દો માટે પ્રતીકના સ્વરૂપમાં ss

Table – 2 ના શબ્દો માટે પ્રતીકના સ્વરૂપમાં area

Table – 6 ના શબ્દો માટે પ્રતીકના સ્વરૂપમાં lang

આ જ રીતે Table–5 અને Table–7 માં પ્રયોજવામાં આવેલ શબ્દોના પણ અલગ પ્રતીક ચિહ્નોનો ઉલ્લેખ Index માં કરવામાં આવેલ છે.

Relative Index (સાપેક્ષ અનુક્રમણિકા) D.D.C. નું મહત્ત્વપૂર્ણ અંગ છે. મોટાભાગે બધી વર્ગીકરણ પદ્ધતિઓમાં કોઈને કોઈ અનુક્રમણિકા અવશ્ય હોય છે. અનુક્રમણિકા વર્ગીકરણ Tables માં આપવામાં આવેલ વર્ગોની એક Alphabetical સૂચિ હોય છે. તેની સાથે જ વર્ગ સંખ્યા પણ આપવામાં આવે છે. D.D.C. ની અનુક્રમણિકા અન્ય વર્ગીકરણ પદ્ધતિઓની અનુક્રમણિકાઓની જેમ તે અનુક્રમણિકામાં શબ્દોને Alphabetical Sequence માં આપવામાં આવેલી હોય છે. અન્ય વર્ગીકરણ પદ્ધતિઓની અનુક્રમણિકાઓ તથા D.D.C. ની અનુક્રમણિકામાં મુખ્ય તફાવત એ છે કે અન્યમાં કોઈ વિષયનું નામ હોય છે તથા તેમાં વર્ગ સંખ્યા આગળ લખેલી હોય છે પરંતુ D.D.C.માં કોઈ એક વિષયને કયાં કયાં તથા કયા કયા સંદર્ભોમાં વાંચવામાં આવે છે તે બધાને વિષયની નીચે Alphabetical રીતે લખવામાં આવે છે. તેની વર્ગ સંખ્યા આગળ આપવામાં આવેલ છે. વર્ગીકરણ Tables માં વિષયોનો ક્રમ D.D.C. માં અપનાવવામાં આવેલ વિષયક્રમ અનુસાર જ હોય છે. અનુક્રમણિકામાં વિષયોના નામની સાથે તેની વર્ગ સંખ્યા પણ આપવામાં આવેલ હોય છે. એક વિષય સાથે સંબંધિત અન્ય વિષયોને એક જ જગ્યાએ લખવાને કારણે અનુક્રમણિકા ઘણી વિસ્તૃત થઈ ગઈ છે.

Relative Index (સાપેક્ષ અનુક્રમણિકા)ની મહત્ત્વપૂર્ણ વિશેષતા એ પણ છે કે તેની અનુક્રમણિકા સાપેક્ષિક હોય છે એટલે કે આ પ્રકારની અનુક્રમણિકામાં એક જ વિષય સાથે સંબંધિત શબ્દ એક જગ્યાએ ભેગા થાય છે.

સાપેક્ષ અનુક્રમણિકા (Relative Index) D.D.C. ની મહત્ત્વપૂર્ણ વિશેષતા એ છે કે તેને વર્ગીકરણ કરતાં વધારે મહત્ત્વપૂર્ણ સ્થાન આપવામાં આવેલ છે. તેની અનુક્રમણિકામાં પ્રત્યેક અર્થપૂર્ણ શબ્દ માટે એક સંજ્ઞા આપવામાં આવે છે. સાપેક્ષ અનુક્રમણિકા (Relative Index) માં તેવા જ શબ્દોને સામેલ કરવામાં આવેલ છે જેની ગણતરી અનુસૂચિઓ (Schedule) તથા Tables માં કરવામાં આવેલ છે છતાં પણ તેને સંપૂર્ણ કહી શકાતું નથી, એટલા માટે જ કોઈ શબ્દ અનુક્રમણિકા (Index)માં ન મળે તો તેના અન્ય વિસ્તૃત શબ્દની મદદથી મેળવવા જોઈએ. સાપેક્ષ અનુક્રમણિકા (Relative Index) ને વધારે ઉપયોગી બનાવવા માટે તેમાં સારગર્ભિત શબ્દોને પણ સ્થાન આપવામાં આવેલ છે.

સાપેક્ષ અનુક્રમણિકા (Relative Index) માં એક વિશિષ્ટ વિષય માટે યોજવામાં આવેલ શબ્દ હેઠળ તેના વિભિન્ન પક્ષ, વિભાજન, વિભિન્ન મુખ્ય વર્ગોમાં તેનો ઉપયોગ વગેરેને એ રીતે વ્યવસ્થિત કરવામાં આવે છે કે વર્ગીકરણ કરનારે તે બધા જ પક્ષો તથા પેટા-વિભાજનોની એકરૂપતા તથા તેમાં સમાયેલ વિષયોનું સ્પષ્ટ જ્ઞાન થઈ જાય છે. સાપેક્ષ અનુક્રમણિકા (Relative Index)માં એક અન્ય માધ્યમ આંતરનિર્દેશી (Cross Reference) પણ છે જેના દ્વારા મોટા ભાગે નીચે દર્શાવેલ વિષયોના વર્ગાંકો સાથે સંબંધિત માહિતીઓ આપી શકાય છે :

(1) વિષય જે એક વિસ્તૃત શીર્ષક હેઠળ દર્શાવવામાં આવેલ હોય છે,

(2) વિશિષ્ટ વિષયો માટે યોજવામાં આવેલ પર્યાયવાચી શબ્દ, અને

(3) વિષય જેના ઘટક અથવા ભાગ અન્ય મુખ્ય વર્ગો અથવા પેટા-વિભાજનોમાં પણ વર્ણવામાં આવેલ હોય.

આ ભાગ હેઠળ વિષય શીર્ષકોના શબ્દ પ્રતિ શબ્દ વર્ણ વ્યવસ્થા અનુસાર વ્યવસ્થિત કરવામાં આવેલ છે. તે સિવાય તેમાં કેટલીક જગ્યાએ સંદર્ભ (Reference) પણ આપવામાં આવેલ છે. પ્રત્યેક વિષય શીર્ષકના સંદર્ભમાં તેનાં સાપેક્ષ શબ્દોને પણ સાથે જ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ કારણે જ આ અનુક્રમણિકા (Index) ને સાપેક્ષ અનુક્રમણિકા (Relative Index) કહે છે.

કોઈપણ ગ્રંથના વિષય શીર્ષકમાં સંજ્ઞા અથવા વિશેષતા બંનેનો પ્રયોગ થયો હોય તો આવાં શીર્ષકને તેની વિશેષતા અનુસાર અનુક્રમણિકા (Index) માં શોધવું પડે છે. જેમ કે Public

Administration માં Administration સંજ્ઞા અને Public વિશેષતાવાળો શબ્દ છે. તેને સીધું જ Public Administration શબ્દથી જ શોધી શકાય છે. એ જ રીતે આ પ્રકારની અનુક્રમણિકા (Index) માં જોઈતું શીર્ષક ન મળે તો તે શબ્દના પર્યાયવાચી શબ્દના સ્વરૂપમાં પણ તેને શોધી શકાય છે. દા.ત., Female Education, **See** Woman Education.

આ અનુક્રમણિકા (Index) ના એકવચન અને બહુવચન બંને જ શબ્દોને સાવધાનીપૂર્વક શોધી શકાય છે. આ અનુક્રમણિકા (Index) માં પશુ અથવા પક્ષીઓનાં નામ, રાસાયણિક નામ, ખનિજ અને શાકભાજીનાં નામ, દવાઓનાં નામ, સંસ્થાઓનાં નામ, શહેરોનાં નામ વગેરેનું સમાયોજન કરવામાં આવ્યું નથી. પરંતુ કેટલીક જગ્યાએ તેનાં શીર્ષક મળી શકે છે.

જ્યાં સુધી સંભવ હોય ત્યાં સુધી અનુક્રમણિકા (Index) નો પ્રયોગ વધારેમાં વધારે કરવો જોઈએ કારણ કે તે આ પદ્ધતિનો મહત્ત્વપૂર્ણ ભાગ છે, જેમાં વિભિન્ન વિષય શીર્ષકો, સાપેક્ષ શબ્દો અને સંદર્ભોને પણ સામેલ કરવામાં આવેલ છે તથા તેના વર્ગાંક પણ આપવામાં આવેલ છે. પરંતુ આ વર્ગાંકોને D.D.C. ના બીજા ભાગ હેઠળ ઉત્તમ રીતે તપાસી લેવા જોઈએ. જ્યાં સુધી તેની શુદ્ધતા અને પ્રાસંગિકતાનો પ્રશ્ન છે.

પુસ્તકાલય વર્ગીકરણમાં કોઈપણ વિષય (Subject) ના વર્ગાંક તૈયાર કરવા માટે સૌથી પહેલાં અનુસૂચિ (Schedule) માંથી વર્ગાંક મેળવવાના હોય છે. ત્યારબાદ જ નિયમો અનુસાર કોઈ પણ પ્રકારની સારણી (Table) નો ઉપયોગ કરી શકાય છે, પરંતુ સીધેસીધાં સારણી (Table)ની પ્રતીક સંખ્યાઓનો પ્રયોગ કરી શકાતો નથી.

અનુસૂચિ (Schedule) ની મદદથી એક વખત વિશિષ્ટ વિષય નક્કી કર્યા પછી તેનો કૃત્રિમ ભાષામાં વર્ગાંક તૈયાર કરવામાં આવે છે. ક્યારેક ક્યારેક વિષયમાં બે બાજુઓનો પણ પ્રયોગ કરવામાં આવે છે તથા તેના વર્ગાંક અલગ અલગ જગ્યાએ આપવામાં આવેલા હોય તથા તેને એકબીજાં સાથે જોડવા માટેની સૂચના આપવામાં આવેલી ન હોય તો આવતા વર્ગાંકોને વધારે મૂર્ત સ્વરૂપ આપી શકાય છે.

દા. ત., Cataloguing in University Library = 027.7

જ્યારે અનુસૂચિમાં તેનો વર્ગાંક મેળવીએ છીએ તો નીચે પ્રમાણે મળે છે :

Cataloguing = 025.3

University = 027.7

અહીં નિયમો અનુસાર પાછળથી આપવામાં આવેલી સંખ્યાને જ વર્ગાંક માનવામાં આવશે. કારણ કે તે જ પ્રતીક સંખ્યા વધારે મૂર્ત હશે. એટલે કે ઉપર આપવામાં આવેલ શીર્ષકનો વર્ગાંક નિયમો અનુસાર 027.7 જ થશે.

**તમારી પ્રગતિ ચકાસો**

**નોંધ : i. નીચે આપેલ જગ્યામાં તમારો ઉત્તર લખો.**

**ii. એકમના અંતે આપેલ ઉત્તર સાથે તમારો ઉત્તર ચકાસો.**

**(1) સૂચિ એટલે શું ? તેના પ્રકારને ટૂંકમાં વર્ણવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(2) અનુક્રમણિકાના પ્રકારને દર્શાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(3) D.D.C. માં જ્ઞાનજગતના કેટલાં ભાગ દર્શાવેલ છે ? તેને વિગતવાર દર્શાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(4) D.D.C. ની રૂપરેખા દર્શાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(5) સાપેક્ષિક અનુક્રમણિકા એટલે શું ?

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(6) D.D.C. ના સંદર્ભમાં સાપેક્ષિક અનુક્રમણિકાનો ઉપયોગ વર્ગીકરણ કરનારે કેવી રીતે કરવો જોઈએ ? તેની ચર્ચા કરો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 4.7 સારાંશ (Summary)

કોઈપણ વિષય હોય અને તે ગમે તેટલો ગહન હોય તો પણ ગ્રંથવર્ગીકરણમાં તેને ક્યાં મૂકવામાં આવ્યો છે તે સહેલાઈથી જાણવા માટે આવી સૂચિની મૂળભૂત આવશ્યકતા ખરી તથા જ્યારે કોઈ એક વિષય અને તેની સાથે સંબંધ ધરાવતાં બીજાં વિષયોને પણ એ વિષયના મુખ્ય મથાળા નીચે આવરી લેવામાં આવે ત્યારે સૂચિ સાપેક્ષ બને છે. અહીં વિષયસૂચક શબ્દ અને તેનાં સમાનાર્થી શબ્દોને પણ સમાવી લેવામાં આવે છે. આવી વિગતવાર સૂચિ ખૂબ જ ઉપયોગી નીવડે છે. ગ્રંથવર્ગીકરણ કરનાર વ્યક્તિને તે અમુક પ્રકારની તાલીમ પણ આપી શકે છે. જેમ કે સંબંધો દર્શાવીને વર્ગીકરણશાસ્ત્રીએ પદ્ધતિમાં જુદી જુદી જગ્યાએ મૂકેલ શબ્દોને આ સૂચિ એક વિશાળ મથાળા નીચે એકત્રિત કરી એ વિષયનું એક એવું ચિત્ર રજૂ કરે છે કે જેની મારફત વર્ગીકરણકારને વિષયનાં જુદાં જુદાં પાસાંઓને અથવા વિભિન્ન દૃષ્ટિબિંદુઓનો વિસ્તૃત ખ્યાલ સહજ રીતે આવી જાય છે. આ પ્રકારની સાપેક્ષ સૂચિ વર્ગીકરણ પદ્ધતિની ક્ષતિને થોડેવત્તે અંશે દૂર પણ કરે છે.

આપણે આ એકમમાં નીચેના મુદ્દાઓનો અભ્યાસ કર્યો :

(1) સૂચિ એટલે શું ? તેના પ્રકાર

(2) અનુક્રમણિકાનાં પ્રકારને દર્શાવો.

(3) D.D.C. માં જ્ઞાનજગતના કેટલા ભાગ દર્શાવેલ છે તેને વિગતવાર દર્શાવો.

(4) D.D.C. ની રૂપરેખા દર્શાવો.

(5) સાપેક્ષિક અનુક્રમણિકા એટલે શું ?

(6) D.D.C. ના સંદર્ભમાં સાપેક્ષિક અનુક્રમણિકાનો ઉપયોગ વર્ગીકરણ કરનારે કેમ કરવો જોઈએ ?

## 4.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (Answer of Self-check Exercise)

**(1)** Index શબ્દ લૅટિન ભાષાના “Indicate” શબ્દમાંથી બન્યો છે. જેનો અર્થ ‘નિર્દેશ’ થાય છે. Index થી શું છે તે માહિતી નહિં પણ ક્યાં છે ની માહિતી મળે છે. એટલે કે Index તે વર્ણાનુક્રમી અથવા વ્યવસ્થિત સૂચિ હોય છે જેનાથી કોઈ કૃતિમાં આપવામાં આવેલાં પ્રકરણો, નામો, શબ્દોનાં વાસ્તવિક સ્થાન, પૃષ્ઠ તથા ઉપલબ્ધ હોવાની સંપૂર્ણ માહિતી મળે છે.

**(2)** **અનુક્રમણિકાના પ્રકાર :**

- (1) લેખક અનુક્રમણિકા
- (2) જોડાણ ધરાવતી અનુક્રમણિકા
- (3) વિષય અનુક્રમણિકા
- (4) મુખ્ય શબ્દ અનુક્રમણિકા
- (5) સૂત્ર (સિદ્ધાંત, નિયમ) અનુક્રમણિકા
- (6) પ્રલેખ અનુક્રમણિકા
    - (અ) ગ્રંથ અનુક્રમણિકા
    - (બ) સામયિકી અનુક્રમણિકા
    - (ક) સમાચારપત્ર અનુક્રમણિકા
    - (ડ) ધારાવાહિક અનુક્રમણિકા

(7) અન્ય અનુક્રમણિકાઓ

(ક) વાંગ્મયાત્મક અનુક્રમણિકા

(ખ) વર્ણાનુક્રમી અનુક્રમણિકા

(ગ) વર્ગીકૃત અનુક્રમણિકા

(ચ) સંચયી અનુક્રમણિકા

(છ) ઉધ્ધરણ અનુક્રમણિકા

(જ) વિશિષ્ટ અનુક્રમણિકા

(ઝ) સાપેક્ષિક અનુક્રમણિકા

**(3)** 000 Computers, Information and General Works

100 Philosophy, Parapsychology and Occultism, Psychology

200 Religion

300 Social Sciences

400 Language

500 Natural Sciences and Mathematics

600 Technology (Applied Sciences)

700 The arts

800 Literature (Belles – latters) and rhethoric

900 History, Geography and auxilary disciplines

**(4)** Volume – 1

Volume – 2

Volume – 3

Volume – 4

The Six tables of D.D.C. 23 Editions are

Table – 1 : Standard Subdivisions;

Table – 2 : Geographic Areas, Historical Periods, Biography

Table – 3 : A–C Subdivisions for Arts, for Individual Literatures, for Specific Literary Forms;

Table – 4 ; Subdivisions of Individual Languages and Language Families;

Table – 5 : Ethric and National Groups;

Table – 6 : Language.

**(5)** જ્યારે કોઈ અનુક્રમણિકા એક વિચાર સાથે સંબંધિત બધા જ શબ્દોને એકી સાથે તેની પૃષ્ઠ સંખ્યા, ક્રમિક સ્થાન સહિત ઉપલબ્ધ કરાવે છે ત્યારે તેને સાપેક્ષિક અનુક્રમણિકા કહે છે. તે વિશિષ્ટ અનુક્રમણિકાનું વિકસિત સ્વરૂપ છે. D.D.C. પદ્ધતિનું Index તેનું ઉત્તમ ઉદાહરણ છે. જેમાં વિચારો અને વિષય-શીર્ષક પણ ઉપલબ્ધ હોય છે.

**(6)** અનુસૂચિ (Schedule) ની મદદથી એક વખત વિશિષ્ટ વિષય નક્કી કર્યા પછી તેનો કૃત્રિમ ભાષામાં વર્ગાંક તૈયાર કરવામાં આવે છે. ક્યારેક ક્યારેક વિષયમાં બે બાજુઓનો પણ પ્રયોગ કરવામાં આવે છે તથા તેના વર્ગાંક અલગ અલગ જગ્યાએ આપવામાં આવેલા હોય તથા તેને એકબીજા સાથે જોડવા માટેની સૂચના આપવામાં આવેલી ન હોય તો આવતાં વર્ગાંકોને વધારે મૂર્ત સ્વરૂપ આપી શકાય છે.

## 4.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

- **D.D.C. :** Dewey Decimal Classification (પ્રથમ આવૃત્તિ, 1876) જેનો ઉપયોગ ગ્રંથાલયમાં સંગ્રહિત વાચનસામગ્રીના વર્ગીકરણ કરવા માટે થાય છે.
- **સૂચિ (Index) :** Index શબ્દ લૅટિન ભાષા "Indicate" શબ્દમાંથી બન્યો છે. જેનો અર્થ 'નિર્દેશ થાય છે.
- **સાપેક્ષ અનુક્રમણિકા (Relative Index) :** Alphabetical સૂચિઓ તથા Tables માં આપેલ બધા જ શબ્દોની સૂચિને Index કહે છે, જ્યારે તેમાં એક જ વિષયની હેઠળ એક જ વિષય અને પ્રકરણ સાથે સંબંધિત, અલગ અલગ વિષયોમાં વેરાયેલા શબ્દોને એક જ જગ્યાએ એકઠા કરવામાં આવે છે અને Alphabetical રીતે વ્યવસ્થિત કરવામાં આવે છે તો તેને સાપેક્ષ અનુક્રમણિકા કહેવામાં આવે છે. તેનાથી વર્ગીકરણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં મદદ મળે છે.
- **સારણીઓ (Tables) :** ડી.ડી.સી.ની 18મી આવૃત્તિથી આ Table પ્રથમ ભાગમાં રાખવામાં આવેલ છે અને તે કુલ સાત છે અને તેને અનુસૂચિઓની સાથે જોડી શકાય છે.
- **અનુસૂચિઓ :** વિષય જગતનાં વિભાજનો, પેટા-વિભાજનો વગેરેને તેમના વર્ગો અનુસાર સૂચિ 18 ની આવૃત્તિના પ્રથમ ભાગમાં હતી. 19મી આવૃત્તિમાં જ્યારે કુલ ત્રણ ભાગ હતા તેના બીજા ભાગમાં અને 20મી તથા 21મી આવૃત્તિમાં તેને ભાગ-2 તથા ભાગ-3 માં આપવામાં આવેલ છે.
- **Notation :** વર્ગો તથા તેના પેટા વિભાગો માટે પ્રયોગમાં લેવામાં આવેલ પ્રતીકોને તે વર્ગીકરણ પદ્ધતિના અંકન (Notation) કહે છે. બે પ્રકારના હોય છે : (1) Pure Notation અને (2) Mixed Notation.
- **વર્ણાનુક્રમી અનુક્રમણિકા (Alphabetical Index) :** આપણે જાણીએ છીએ કે જ્યારે કોઈ વિષયનાં બધાં જ શબ્દો અથવા શબ્દોને શબ્દકોશ (Dictionary) ની જેમ જ વ્યવસ્થિત કરીએ છીએ ત્યારે તે ક્રમ વ્યવસ્થાને વર્ણાનુક્રમી વ્યવસ્થા કહીએ છીએ. એટલે કે જ્યારે કોઈ અનુક્રમણિકામાં શબ્દોને વર્ણાનુક્રમમાં વ્યવસ્થિત કરીએ છીએ તથા તેની સમક્ષ તે શબ્દનો ઉલ્લેખ હોવાની પૃષ્ઠ સંખ્યા પણ ઉપલબ્ધ કરાવીએ ત્યારે તે અનુક્રમણિકા વર્ણાનુક્રમી અનુક્રમણિકા કહેવાય છે.
- **વિશિષ્ટ અનુક્રમણિકા (Specific Index) :** જ્યારે કોઈ અનુક્રમણિકા એક વિચાર અથવા એક નામ માટે ફક્ત એક સંદર્ભ આપે છે ત્યારે એવી અનુક્રમણિકાને વિશિષ્ટ અનુક્રમણિકા કહે છે. આવી અનુક્રમણિકા વિસ્તૃત વિષયો માટે એક વિશિષ્ટ વિષય શીર્ષક આપે છે જે માહિતીપ્રદ હોય છે. તેમાં વિચારોની વચ્ચે આંતરસંબંધ આપવામાં આવતો નથી.

## 4.10 સંદર્ભ અને વિશેષ વાંચન (Reference and Further Reading)


શ્રીવાસ્તવ, અજયકુમાર. (2007). પુસ્તકાલય સૂચિકરણ. નયી દિલ્લી : યુનિવર્સિટી પબ્લિકેશન.

સી.લાલ.એવમ કે.કુમાર. (2001). પ્રલેખન એવમ સૂચના વિભાગ-2. નયી દિલ્લી : એસ. એસ. પબ્લિકેશન્સ.

સેયર્સ, ડબ્લ્યૂ સી. બરવિક. (અનુ. : કૃષ્ણાચાર્ય). ગ્રંથાલય વર્ગીકરણ કી ભૂમિકા. ભોપાલ : મધ્યપ્રદેશ હિન્દી ગ્રંથ અકાદમી.

ખાન, એમ.એ. (2012). પ્રારંભિક પુસ્તકાલય વિજ્ઞાન. નયી દિલ્હી : કરન પેપર બેક્સ.

બરોડિયા, નવીન (1987). માહિતી અને પ્રલેખન સેવા. અમદાવાદ : પાર્શ્વ પ્રકાશન.


★ ★ ★

# BLOCK- 2

## ગ્રંથાલય વર્ગીકરણ

## (ડ્યુઈ દશાંશ વર્ગીકરણ પદ્ધતિ

## DDC 19th Ed. Part-2)

BAOU
Education for all

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

# BLIS -104

## જ્ઞાન સંગઠન અને માહિતી વ્યવસ્થાપન : વર્ગીકરણ પ્રાયોગિક

## Knowledge Organization and Information Management : Practical

વિભાગ

# 2

ગ્રંથાલય વર્ગીકરણ (ડ્યુઈ દશાંશ વર્ગીકરણ પધ્ધતિ **DDC 19th Ed. Part-2**)

---

**એકમ-5: સારણી અને અનુસૂચિનો અભ્યાસ**

---

**એકમ-6: સહાયક સારણીઓ અને યુક્તિઓ**

---

**એકમ-7: પ્રાયોગિક વર્ગાંક**

---

**એકમ- 8: ઉદાહરણો**

---

**નિદર્શન :**

પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય    નિયામકશ્રી, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સિઝ ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સંપાદન :**

ડૉ. પ્રિયાંકી વ્યાસ    એસોસિયેટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.

ડૉ. ચેતના શાહ    ગ્રંથપાલ,  ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**વિષય સમિતિ:**

**(2020-2022)**

ડૉ. પ્રિયાંકી વ્યાસ    એસોસિયેટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

ડૉ. પ્રયત્કર કાનડીયા    એસોસિયેટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ.

ડૉ. અતુલ ભટ્ટ    એસોસિયેટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**(2017-2019)**

ડૉ. વૈશાલી ભાવસાર    ગ્રંથપાલ, આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ.

ડૉ. વૈદેહી પંડ્યા    ગ્રંથપાલ, હિંમતનગર લો કૉલેજ, હિંમતનગર.

ડૉ. યોગેશ પારેખ    ગ્રંથપાલ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**લેખન:**

ડૉ. અતુલ ભટ્ટ    એસોસિયેટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ
ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ.

**વિષય પરામર્શન:**

નવલસિંહ વાઘેલા    પૂર્વ ગ્રંથપાલ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**ભાષા પરામર્શન:**

પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી    નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કૉલેજ, મહેસાણા



**પ્રકાશક:** કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**ISBN :** 978-93-91468-37-8

**પ્રકાશન વર્ષ : 2021**



**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

| યુનિટ 5 | સારણી અને અનુસૂચિઓનો અભ્યાસ |
|---|---|

**5.1** ઉદ્દેશો

**5.2** પ્રસ્તાવના - દશાંશ વર્ગીકરણ પદ્ધતિ ૧૯મી આવૃત્તિ (Dewey Decimal Clasification 19th edition) (DDC):

5.2.1 ભાગ 1 પ્રસ્તાવના, સારાંશો

5.2.2 ભાગ 2 અનુસૂચી

5.2.3 ભાગ 3 સાપેક્ષ સૂચી

**5.3** સહાયક સારણીઓનો અભ્યાસ

5.3.1 સારણી 1: માનક પેટાવિભાગો

5.3.2 સારણી 2 : વિસ્તારો (Areas)

5.3.3 સારણી 3 : વૈયક્તિક સાહિત્યના પેટાવિભાગો

5.3.4 સારણી :4 : વૈયક્તિક ભાષાના પેટાવિભાગો

5.3.5 સારણી :5 : જાતિ, વંશ અને રાષ્ટ્રીય જૂથો

5.3.6 સારણી :6 : ભાષાઓ

5.3.7 સારણી :7 : વ્યક્તિઓ

**5.4** અનુસુચિઓનો અભ્યાસ

5.4.1 સર્વસામાન્ય (Generalities) 000

5.4.2 તત્વજ્ઞાન અને સબંધિત વિદ્યાશાખાઓ (Philosophy & related disciplines) 100

5.4.3 ધર્મ (Religion) 200

5.3.4 સામાજિક શાસ્ત્રો (Social Sciences) 300

5.4.5 ભાષાઓ (Languages) 400

5.4.6 શુદ્ધ વિજ્ઞાનો (Pure Sciences) 500

5.4.7 ટેકનોલૉજી (ઉપયુક્ત વિજ્ઞાનો) (Technology-Applied Sciences) 600

5.4.8 લલિત કળાઓ (The Arts) 700

5.4.9 સાહિત્ય (Literature) 800

5.4.10 સામાન્ય ભૂગોળ અને ઈતિહાસ (General Geography and History) 900

## 5.1 ઉદ્દેશો :

આ એકમમાં દશાંશ વર્ગીકરણ પદ્ધતિ ૧૯મી આવૃત્તિ (Dewey Decimal Clasification 19th edition) (DDC) માં દર્શાવવામાં આવેલ સહાયક સારણીઓ જે ભાગ ૧ માં દર્શાવવામાં આવેલ છે તેમજ ભાગ ૨ માં દર્શાવવામા આવેલ અનુસૂચિઓનો અભ્યાસ સામેલ કરવામાં આવેલ છે. અનુસૂચિઓનો મુખ્ય વર્ગ દર્શાવે છે જ્યારે સહાયક સારણીઓ મુખ્ય વર્ગને પૂર્ણ સ્વરૂપે દર્શાવવામાં મદદ કરે છે.

આ એકમના અભ્યાસના હેતુઓ નીચે મુજબ છે.

૧ અનુસૂચિઓમાં દર્શાવેલ મુખ્ય વર્ગોના ઉપયોગ વિશે અભ્યાસ કરીને પ્રાયોગિક વર્ગીકરણ વિષેની સમજ આપવી

૨ સાત સહાયક સારણીઓના અભ્યાસ દ્વારા પૂર્ણ વર્ગાંકની રચના અને સંયોજનનો અભ્યાસ કરવો

૩ અનુસૂચિ અને સહાયક સારણીઓના ઉપયોગથી પૂર્ણ વર્ગાંકની રચના અને સંયોજનનો અભ્યાસ કરવો

૪ વિશિષ્ટ વર્ગાંક માટે આપવામાં આવેલ નિયમોના ઉપયોગથી પૂર્ણ વર્ગાંક બનાવવાનો અભ્યાસ કરવો

## 5.2 પ્રસ્તાવના : દશાંશ વર્ગીકરણ પદ્ધતિ ૧૯મી આવૃત્તિ (Dewey Decimal Classification 19th edition) (DDC) :

આપણે આગળ કરેલ અભ્યાસ પ્રમાણે હાલ ૨૦૧૧માં Dewey Decimal Clasification ૨૩મી આવૃત્તિ પ્રકાશિત થયેલ છે. પરંતુ આપણા અભ્યાસક્રમમાં સમાવિષ્ટ દશાંશ વર્ગીકરણ પદ્ધતિની ૧૯મી આવૃત્તિ વર્ષ ૧૯૭૯માં પ્રકાશિત થયેલ છે. ડીડીસીની ૧૯મી આવૃત્તિ (1979) ના પ્રિન્ટ સંસ્કરણો (સંપૂર્ણ) (આવૃત્તિ) ત્રણ ભાગમાં પ્રકાશિત થયેલ છે. કુલ 3,385 પૃષ્ઠો (૧૯મી આવૃત્તિમાં) (પ્રારંભિક સામગ્રી સહિત)નું આયોજન કરવામાં આવ્યું છે જે નીચે પ્રમાણે અહીં દરેક ત્રણ ભાગમાં આવરી લેવામાં આવેલ પાસાઓ સંક્ષિપ્તમાં દર્શાવવામાં આવેલ છે. Dewey Decimal Clasification ની ૧૯મી આવૃત્તિ નીચે મુજબના ત્રણ ભાગમાં પ્રકાશિત થયેલ છે.

ભાગ 1 પ્રસ્તાવના અને સારણીઓ
ભાગ 2 અનુસૂચિ
ભાગ 3 સાપેક્ષ સૂચિ

ઉપરોક્ત દરેક ભાગમાં સમાવિષ્ટ વિસ્તૃત માહિતીને અહીં સંક્ષિપ્તમાં દર્શાવવામાં આવેલ છે.

### 5.2.1 ભાગ 1 પ્રસ્તાવના, સારાંશો :

પ્રથમ ભાગની શરૂઆત પ્રકાશકના નિવેદનથી થાય છે ત્યાર બાદ ડીસીઈપીસી Decimal Clasification Editorial Policy Committee દ્વારા કરવામાં આવેલ પ્રસ્તાવનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.આ ઉપરાંત પ્રાસ્તાવિક સામગ્રીમાં આ કમિટીના અધ્યક્ષ બેન્જામીન એકસ્ટર દ્વારા સંપાદક નોંધ આપવામાં આવી છે. ડીડીસીનો પરિચય 'આવૃત્તિ ૧૯માં નવી સુવિધાઓ' તથા વિશેષ લાક્ષણિકતાઓ અને પદ્ધતિની બધી જ વિગતો પર વિસ્તૃત માહિતી આપવામાં આવેલ છે. આ ઉપરાંત અહીં આ પદ્ધતિની સંરચના અને તેના ઉપયોગ માટેની જરૂરી સૂચનાઓની સમજુતી આપવામાં આવેલ છે તેમજ તેના સિદ્ધાંત અને ફિલસૂફી સહિત મેન્યુઅલ અને આગળ આવૃત્તિમાં સરળ શરતો અને ઉપયોગમાં લેવાયેલ વિવિધ શબ્દોની ગ્લૉસરી અને સિદ્ધાંતમાં શરતોનું ટૂંકું વર્ણન આપેલું છે. વાંચન સામગ્રીનું વર્ગીકરણ કરતા સમયે તે ગ્રંથના મુખ્ય તેમજ ગૌણ વિષયના વર્ગાંક નક્કી કરવા માટેનું માર્ગદર્શન આપેલું છે. ટૂંકમાં આ ભાગમાં DDCના ઉપયોગ કેવી રીતે કરી શકાય તેનું વિસ્તૃતમાં આલેખન છે જેથી DDCના ઉપયોગકર્તાએ સૌ પ્રથમ આ ભાગનું વાંચન કરવું જોઈએ જેથી આ પદ્ધતિને સહેલાઈથી સમજી શકાય અને તેનો સરળતાથી શ્રેષ્ઠ ઉપયોગ કરી શકાય. આ ઉપરાંત ભાગ ૧માં સહાયક સારણીઓનો સમાવેશ થાય છે. જે મુખ્ય

વર્ગ કે વિષય નથી બની શકતો પરંતુ અહીં નીચે દર્શાવેલ સાત સારણીઓની મદદથી વિષયને પૂર્ણ વર્ગાંક આપી શકાય છે. જેથી કહી શકાય કે આ સારણીઓ પૂર્ણ વર્ગાંક બનાવવામાં મુખ્ય વર્ગને સહાયરૂપ થાય છે.

સાત સહાયક સારણીઓનું વિભાજન નીચે મુજબ કરવામાં આવેલ છે.

1. સારણી 1 : માનક પેટાવિભાગો
2. સારણી 2 : વિસ્તારો
3. સારણી 3 : વૈયક્તિક સાહિત્યના પેટાવિભાગો
4. સારણી 4 : વૈયક્તિક ભાષાના પેટાવિભાગો
5. સારણી 5 : ભાષાઓ
6. સારણી 6 : જાતિ, વંશ અને રાષ્ટ્રીય જૂથો
7. સારણી 7 : વ્યક્તિઓ

### 5.2.2 ભાગ 2 અનુસૂચિ :

અભ્યાસમાં સમાવિષ્ટ DDC એ ગણનાક્ષમ વર્ગીકરણ પદ્ધતિ છે કે જેમાં દરેક વિષયોના તૈયાર વર્ગાંક ને કોઠાગત રીતે આપવામાં આવેલ છે. અહીં આ વિભાગમાં સમગ્ર જ્ઞાનવિશ્વના મુખ્ય વિષયો ને 10 મુખ્ય વિભાગમાં વિભાજીત કરવામાં આવેલ છે જેને આપણે મુખ્ય વર્ગ તરીકે અથવા પ્રથમ સારાંશ તરીકે ઓળખીએ છીએ અને આ દસ મુખ્ય વર્ગના દરેક વિભાગને ફરી દસ પેટા વિભાગમાં વિભાજીત કરવામાં આવ્યા છે જેને આપણે દ્વિતિય સારાંશ અથવા પેટા વિભાગ તરીકે ઓળખીએ છીએ. આ પેટા વિભાગને ફરી દસ વિભાગમાં વિભાજીત કરવામાં આવેલ છે જે તૃતીય સારાંશ તરીકે ઓળખાય છે. આ અનુસૂચિનો ઉપયોગ કરીને વિષયોનું વર્ગીકરણ કરી શકાય છે જેમાં વર્ગાંક ઓછામાં ઓછા ત્રણ અંક સાથે તૈયાર થાય છે. જો ત્રણ અંકમાં અંક ખૂટે તો તે ૦ ના ઉપયોગ દ્વારા ત્રણ અંક બનાવવામાં આવે છે.

અનુસૂચિમાં આપેલ મુખ્ય દસ વર્ગ નીચે મુજબ છે.

000 સર્વ સામાન્ય
100 તત્વજ્ઞાન અને સંબંધિત વિદ્યાશાખાઓ
200 ધર્મ
300 સામાજિક શાસ્ત્રો
400 ભાષાઓ
500 શુદ્ધ વિજ્ઞાનો
600 ટેકનોલૉજી
700 લલિત કળાઓ
800 સાહિત્ય
900 સામાન્ય ભૂગોળ અને ઈતિહાસ

આમ ઉપરોક્ત મુખ્ય દસ વર્ગોના તેમજ તેમાં આપવામાં આવેલ પેટા વિષયોના ઉપયોગ દ્વારા આગળ દર્શાવેલી સહાયક સારણીઓની મદદથી પૂર્ણ વર્ગાંક તૈયાર કરવામાં આવે છે.આ પદ્ધતિમાં વર્ગાંક ઓછામાં ઓછા ત્રણ અંકનો બને છે.

### 5.2.3 ભાગ 3 સાપેક્ષ સૂચિ

DDC ત્રીજા ભાગમાં સાપેક્ષ સૂચિ પ્રકાશિત કરવામાં આવેલ છે જે એક વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા બનાવવામાં આવેલ વર્ણાનુક્રમ સૂચિ છે. જેના ઉપયોગ દ્વારા અનુસૂચિમાં આપવામાં આવેલ મુખ્ય કે પેટા વર્ગ સુધી પહોંચી શકાય છે. આમ વર્ગીકરણ કરતા સમયે સાપેક્ષ સૂચિ ખૂબ જ ઉપયોગી છે.

## 5.3 સહાયક સારણીઓનો અભ્યાસ

અહીં આ વિભાગમાં કુલ સાત સહાયક સારણીઓ આપવામાં આવેલ છે જે ક્યારેય મુખ્ય વર્ગ નથી બનતી પરંતુ મુખ્ય વર્ગ બનાવવામાં સહાયરૂપ થાય છે. અનુસૂચિઓમાં આપેલ મુખ્ય વર્ગને આ સહાયક સારણીઓના નિયમો પ્રમાણે સંયોજનથી પૂર્ણ વર્ગાંક તૈયાર કરવામાં આવે છે. આ સહાયક સારણીઓ એટલે વિવિધ પ્રકારના વિષય અને વિદ્યાશાખામાં વારંવાર ઉપયોગમાં આવતી વિભિન્ન વિશિષ્ટ હેતુઓ દર્શાવતી સંજ્ઞાની હારમાળા. આ વિભાગમાં સાત સહાયક સારણીઓની યાદી આપી છે કે જે અનુસૂચિઓને પૂરક બને છે. ડીડીસીની અદ્યતન આવૃત્તિ ૧૯માં આગળ દર્શાવ્યા પ્રમાણે કુલ સાત સારણીઓ આપવામાં આવેલ છે. જેનો વિગતવાર અભ્યાસ નીચે આપવામાં આવેલ છે.

ડીડીસીની અદ્યતન આવૃત્તિ 19th માં 7 સારણી છે. તેમાં ઘણી સંખ્યાઓ એવી છે, જે અનુસૂચિમાં આપેલી નથી એવી સંખ્યાઓને અલગ અલગ જગ્યાએથી લઈને સહાયક સારણીઓની મદદથી ભેગી કરીને (સંયોજન કરીને) બનાવવામાં આવે છે. અમુક મહત્વની આવૃત્તિ અને સુધારાવધારા 19th આવૃત્તિમાં સમાવાયેલા છે તે સારણીઓ નીચે દર્શાવેલ છે. લઘુરેખા (—) થી દર્શાવેલ પ્રત્યેક અંકનો સ્વતંત્ર ઉપયોગ કરી શકાતો નથી. અનુસૂચિના પાયાગત અંકની સાથે સારણી-1 ના અંકને ઉમેરો સૂચના હોય (Add) ત્યારે આ લઘુરેખા (—) ને રદ કરવામાં આવે છે.

આ સારણીઓ ખંડ-1 Introduction Table માં આપવામાં આવેલી છે.

### 5.3.1 સારણી 1: માનક પેટાવિભાગો

માનક પેટાવિભાગોએ કોલન ક્લાસિફિકેશનમાં આવેલ સામાન્ય પૃથકો જેવા છે. માનક પેટાવિભાગ ઉપયોગ વર્ગાંક ને ભૌતિક અને બાહ્ય સ્વરૂપને દર્શાવવામાં આવે છે જેમ કે Dictionaries, Encyclopaedias, Periodicals, etc. અને આંતિરક સ્વરૂપ જેવા કે Presentation, Viewpoints, or Philosophy and history of a subject, જેવા પેટા વિષયોનો વર્ગાંક આ સારણીના ઉપયોગથી કરવામાં આવે છે. આ સારણીમાં આપવામાં આવેલા મુખ્ય માનક પેટા વિભાગો નીચે મુજબ છે. માનક પેટા વિભાગો ક્યારેય મુખ્ય વર્ગ નથી બનતા પરંતુ ભાગ ૨ માં આપેલા મુખ્ય વર્ગની સાથે જરૂરિયાત મુજબ જોડીને પૂર્ણ વર્ગાંક બનાવી શકાય છે. માનક પેટા વિભાગોને – ના ચિહ્ન દ્વારા પૃથક્કરણમાં દર્શાવવામાં આવેલા છે.

મુખ્ય માનક પેટાવિભાગો નીચે દર્શાવેલ છે.

-01 Philosophy and Theory
-02 Miscellany
-03 Dictionaries, encyclopaedias, concordances
-04 Special Topics of general applicability
-05 Serial Publications
-06 Organisations and Management
-07 Study and teaching
-08 History and description of the subject among groups of persons
-09 Historical and Geographical Treatment

સારણી-1 નો ઉપયોગ બે રીતે કરી શકાય છે.

(1) અનુસૂચિમાં આપેલી સૂચના અનુસાર

(2) અનુસૂચિમાં સૂચના ના આપેલી હોય ત્યારે સ્વતંત્ર રીતે

આગળ દર્શાવ્યા પ્રમાણે જ્યારે સામાન્ય પેટાવિભાગોની સંજ્ઞાનો ઉપયોગ કરવાનો હોય ત્યારે હંમેશા 3 અંક પછી દશાંશ ચિહ્નનો પ્રયોગ કરીને ઉપયોગ કરવો.

ઉદાહરણો

(1) **આખ્યા (Title) : Study and teaching of physical chemistry**

**વર્ગાંક (Class Number) :** 541.07

**પૃથક્કરણ (Analysis) :**

| | |
|---|---|
| 540 | = Chemistry and Allied Sciences |
| 541 | = Physical and theoretical Chemistry |
| -07 | = Study and teaching (SS) (Table-1) |

**સંયોજન (Synthesis) :**

541 + -07 = 541.07

(2) **આખ્યા (Title) : Formula in crystallography**

**વર્ગાંક (Class Number) :** 548.0212

**પૃથક્કરણ (Analysis) :**

| | |
|---|---|
| 540 | = Chemistry and Allied Sciences |
| 548 | = Crystallography |
| -0212 | = Formulas (Table-1) (SS) |

**સંયોજન (Synthesis) :**

548+ -0212 = 548.0212

(3) **આખ્યા (Title) : Management of Marketing in cotton textiles**

**વર્ગાંક (Class Number) :** 677.210 688

**પૃથક્કરણ (Analysis) :**

| | |
|---|---|
| 677.21 | = Cotton textiles |
| -0688 | = Management of Marketing (Table-1) (SS) |

**સંયોજન (Synthesis) :**

677.21 + -0688 = 677.210 688

(4) આખ્યા (Title) : **Synopses of Dewey Decimal Classification**

| | |
|---|---|
| **વર્ગાંક (Class Number) :** 025.431 02022 | |
| **પૃથક્કરણ (Analysis) :** | |
| 020 | = Library and Information Science |
| 025.431 | = Dewey decimal classification |
| -020 2 | = Synopses (Table-1) (SS) |
| **સંયોજન (Synthesis) :** | |
| 025.431 + -020 2 | = 025.431 02022 |

**(5)** આખ્યા (Title) : **Serial Publication of Earth Science**

| | |
|---|---|
| **વર્ગાંક (Class Number) :** 550.5 | |
| **પૃથક્કરણ (Analysis) :** | |
| 550 | = Earth Science |
| -05 | = Serial Publication (Table-1) (SS) |
| **સંયોજન (Synthesis) :** | |
| 550 + -05 | |
| 550* + -05 | = 550.5 |

**તમારી પ્રગતિ ચકાસો (Practice Example) :**

(1) નીચેની આખ્યાઓના વર્ગાંક તૈયાર કરો. (Assign class numbers to the following titles)

(A) Psychology of school children in 21st Century

(B) Classication of Crocodile

### 5.3.2 સારણી 2 : વિસ્તારો (Areas) :

આ ટેબલ બે વિભાગો દર્શાવે છે.

| 1 | 3-9 |
|---|---|
| વિસ્તારો, પ્રદેશો, જગ્યાઓ, સામાન્ય રીતે સ્થાનો | ખંડ, દેશોના વિસ્તારો વગેરે |

DDC માં 7 સારણીઓમાં સારણી-2 વિશાળ છે. આ સારણીનો ઉપયોગ સ્વતંત્ર કરવામાં આવતો નથી, પણ અનુસૂચિના અંકો સાથે કરવામાં આવે છે. આ સારણીનો વારંવાર ઉપયોગ કરવામાં આવે છે. સારણી-2 માં વિસ્તારો, પ્રદેશો, વસ્તીના જૂથો, સામાન્ય સ્થાનો (-1) કે જેમાં પ્રાકૃતિક વિશેષતાઓ, રાજકીય અને આર્થિક જૂથો સમાવિષ્ટ છે. સારણી-2 માં અનુસૂચિઓ માટે સૂચના છે કે, ઉમેરવું ("ADD TO").

ઉદાહરણો

(1) **આખ્યા (Title) :** Jainism religious sects and reform movements in USA

| |
|---|
| **વર્ગાંક (Class Number) :** 294.490 973 |
| **પૃથક્કરણ (Analysis) :** |
| 294.49 = Jainism religious sects and reform movements |
| -09 = Historical and geographical treatment (Table-1) (SS) |
| -73 = USA - (Table - 2) |
| **સંયોજન (Synthesis) :** |
| 294.49 -09 + -73 = 294.490 973 |

(2) **આખ્યા (Title) : Adult Educatiion in New Zealand**

| |
|---|
| **વર્ગાંક (Class Number) :** 374.993 |
| **પૃથક્કરણ (Analysis) :** |
| 374 = Adult Education |
| 374.91 - .99 = Geographical treatment (Add "Areas" notation 1-9 from Table 2 to base number 374.9) |
| -93 = New Zealand (Table-2) |
| **સંયોજન (Synthesis) :** |
| 374.9 + -93 = 374.993 |

(3) **આખ્યા (Title) : Geography of the Central Asia**

| |
|---|
| **વર્ગાંક (Class Number) :** 910.958 |
| **પૃથક્કરણ (Analysis) :** |
| 910 = General Geography |
| 910.93 - 99 = Discovery and exploration by specific countries (Add Area notation 3-9 from Table 2 to base number 910.9) |
| -58 = Central Asia (Table-2) |
| **સંયોજન (Synthesis) :** |
| 910.9 + -58 = 910.958 |

**તમારી પ્રગતિ ચકાસો (Practicle Example) :**

(2) નીચેની આખ્યાઓના વર્ગાંક તૈયાર કરો. (Assign class numbers to the following titles)

(A) Special Library in Maharashtra

(B) Political Condition of Pakistan

### 5.3.3 સારણી 3 : વૈયક્તિક સાહિત્યના પેટાવિભાગો

આ સારણી 3 નો ઉપયોગ ફક્ત 800 વર્ગ સાહિત્ય સાથે જ કરવામાં આવે છે. આ સારણીમાં બે ભાગ પાડવામાં આવ્યા છે : 3 અને 3 (A) સારણી 3 માં - 1 કાવ્ય, -2 નાટક, -3 નવલકથા, -4 નિબંધ, -5 ભાષણ, -6 પત્ર, -7 હાસ્ય અને વ્યંગ, - 8 વિવિધ લખાણો અને 3 (A) માં હાસ્ય વાર્તા, ભૂતની વાર્તા, દુર્ઘટના, સંવાદ, જીવન ચક્ર, ઐતિહાસિક અને રાજકીય થીમ્સ વગેરેની યાદી આપવામાં આવી છે.

ઉદાહરણો

(1) **આખ્યા (Title) : German drama by a eighteenth century author**

**વર્ગાંક (Class Number) :** 832.6

**પૃથક્કરણ (Analysis) :**

| | | |
|---|---|---|
| 83 | = | German Literature (base number) |
| -2 | = | Drama (Table-3) |
| -6 | = | Eighteenth century (table under 830) |

**સંયોજન (Synthesis) :**

83 + -2 + -6 = 832.6

**(2) આખ્યા (Title) : Catalan essays by a Golden period author**

**વર્ગાંક (Class Number) :** 849.943

**પૃથક્કરણ (Analysis) :**

| | | |
|---|---|---|
| 849.9 | = | Catalan Literatuere (Base number) |
| -4 | = | Essays (Table-3 A) |
| -3 | = | Golden period (Table under 849.9) |

**સંયોજન (Synthesis) :**

849.9 + -4 + -3 = 849.943

**(3) આખ્યા (Title) : Collections of Bihari romantics fictions**

**વર્ગાંક (Class Number) :** 891.45308508

**પૃથક્કરણ (Analysis) :**

| | | |
|---|---|---|
| 891.45 | = | Bihari Literature (Bse number) |
| -308 5 | = | Romantic fictions (Table-3) |
| -08 | = | Collections (Table 3) |

**સંયોજન (Synthesis) :**

891.45 + 3085 + 08 = 891.45308508

### તમારી પ્રગતિ ચકાસો

(3) નીચેની આખ્યાઓના વર્ગાંક તૈયાર કરો. (Assign class numbers to the following titles)

(A) Collection of Rajasthan poetry by Rural Authors

(B) Dramatic Poetry of Punjabi

## 5.3.4 સારણી : 4 : વૈયક્તિક ભાષાના પેટાવિભાગો

સારણી-4 વૈયક્તિક ભાષાના પેટાવિભાગોનો ક્યારેય સ્વતંત્ર ઉપયોગ થઈ શકતો નથી, પરંતુ જ્યાં જરૂર પડે ત્યાં અનુસૂચિમાં 410-490 હેઠળ * (ફુદડી) થી સૂચના આપેલ વૈયક્તિક ભાષાના મૂળભૂત અંકની સાથે ઉપયોગ કરી શકાય છે. ભાષાના શબ્દકોશનો વર્ગાંક તૈયાર કરવા માટે માનક પેટા વિભાગો (Standard subdivision) -03 ઉપયોગ ના કરી શકાય, તેના માટે સારણી-૩ નો પ્રયોગ કરવામાં આવે છે.

### ઉદાહરણો

(1) આખ્યા (Title) : Hindi words

| | |
|---|---|
| **વર્ગાંક (Class Number) :** 491.438 1 | |
| **પૃથક્કરણ (Analysis) :** | |
| 491.43 | = Hindi Language |
| -81 | = Words (Table 4) |
| **સંયોજન (Synthesis) :** | |
| 491.43 + -81 | = 491.438 1 |

(2) **આખ્યા (Title) :** Chamber's English Dictionary

| | |
|---|---|
| **વર્ગાંક (Class Number) :** 423.08 | |
| **પૃથક્કરણ (Analysis) :** | |
| 42 | = English (Base Number) |
| -3 | = Dictionary (Table 4) |
| -08 | = Collections (Table 3 B) |
| **સંયોજન (Synthesis) :** | |
| 42 + -3+ 0.08 | = 423.08 |

### તમારી પ્રગતિ ચકાસો (Practice Example) :

(4) નીચેની આખ્યાઓના વર્ગાંક તૈયાર કરો. (Assign class numbers to the following titles)

(A) Dictionary of Portuguese

**(B) Grammar of Gujarati language**

### 5.3.5 સારણી : 5 : જાતિ, વંશ અને રાષ્ટ્રીય જૂથો

આ સારણી ૫ માં વ્યક્તિઓનું જુથ તેમના રાષ્ટ્રો , જાતિ અને વંશ વારસાગત ઉદ્‌ભવનાનો સમાવેશ થાય છે. આ સારણીનો સ્વતંત્ર ઉપયોગ થઈ શકતો નથી, પરંતુ (જ્યાં સૂચના આપી હોય ત્યાં સારણી-1 માંથી 089 ઉમેરવું).

ઉદાહરણો

(1) **આખ્યા (Title) :** Opinions of Tibetans

**વર્ગાંક (Class Number) :** 303.387 089 954

**પૃથક્કરણ (Analysis) :**

303.387 = Opinions

-089 = racial and ethnic group (ss)
(Add to the base number -089 notation 1-9 from table-5)

-954 = Tibetans (Table 5)

**સંયોજન (Synthesis) :**

303.387 + 089 + 954 = 303.387 089 954

(2) **આખ્યા (Title) :** Fullbright Fellowship Programs for Indians

**વર્ગાંક (Class Number) :** 378.330 899 141 1

**પૃથક્કરણ (Analysis) :**

378.33 = Fellowships

-089 = Ethic and national group (SS)
(Add to the baser number -089 notation 1-9 from Table 5)

-914 11 = Indians (Table 5)

**સંયોજન (Synthesis) :**

378.33 + -89 + 914 11 = 378.330 899 141 1

(3) **આખ્યા (Title) :** Art of Punjabi in India

**વર્ગાંક (Class Number) :** 704.391 420 954

**પૃથક્કરણ (Analysis) :**

704 = Fine and decorative arts

704.03 = Treatment among specific racial, ethinic and national groups
(* Add to the base number 704.3 notation 01-99 from table 5)

-914.2 = Punjabi (Table 5)

-09 = Connecting digit (Table 1)

-54 = India (Table 2)

**સંયોજન (Synthesis) :**

704.3 + 914.2 + -09 +54 = 704.391 420 954

**તમારી પ્રગતિ ચકાસો (Practice Example) :**

**(5)** નીચેની આખ્યાઓના વર્ગાંક તૈયાર કરો. (Assign class numbers to the following titles)

(A) Psychology of Elamiltes

(B) World history of Turkic peoples

**5.3.6 સારણી : 6 : ભાષાઓ**

ભાષા સંજ્ઞા સારણી-6 નો સ્વતંત્ર ઉપયોગ થતો નથી, પણ જ્યાં સુચના આપવામાં આવી હોય ત્યાં સારણી-4 સાથે તેનો ઉપયોગ કરવામાં આવે છે. જ્યારે બે ભાષાનો શબ્દકોશનો વર્ગાંક આપવામાં આવે ત્યારે બીજી ભાષા માટે સારણી-6 નો ઉપયોગ થાય છે.

**SUMMARY**

-1 Indo-European (Indo-Germanic) languages

-2 English and Anglo-Saxon languages

-3 Germanic (Teutonic) language

-4 Romance languages

-5 Italian, Romanian, Rhaeto-Romanic

-6 Spanish and Portuguese

-7 Italic languages

-8 Hellenic languages

-9 Other languguates

ઉદાહરણો

(1) **આખ્યા (Title) :** Grahsobha : A Gujarati Monthly

**વર્ગાંક (Class Number) :** 059.914 71

**પૃથક્કરણ (Analysis) :**

| | |
|---|---|
| 050 | = General Serial publications |
| 059 | = General serial publications in other languages |
| -914 71 | = Gujarati Language (Table 6) |

**સંયોજન (Synthesis) :**

059 + -91471 = 059. 914 71

(2) **આખ્યા (Title) :** Bible inMalayalam

**વર્ગાંક (Class Number) :** 220.594 812

**પૃથક્કરણ (Analysis) :**

| | |
|---|---|
| 220 | = Bible |
| 220.5 | = Modern versions and Translations of the bible |
| 220.53-.59 | = In other languages (Add "Languages" notation 3-9 from Table-6 to Base number 220.5) |
| -94812 | = Malayalam (Table 6) |

**સંયોજન (Synthesis) :**

220.5 + 948 12 = 220.594 812

(3) **આખ્યા (Title) :** General encyclopaedia in Telugu Language

| | | |
|---|---|---|
| **વર્ગાંક (Class Number) :** 039.948 27 | | |
| **પૃથક્કરણ (Analysis) :** | | |
| 030 | = | General encyclopedic works |
| 039 | = | General encyclopaedic work in other Languages (Add 'Languages' notation 2-9 from Table 6 to Base number 039) |
| -948.27 | = | Telugu Language (Table 6) |
| **સંયોજન (Synthesis) :** | | |
| 039 + 948 27 | = | 039.948 27 |

**તમારી પ્રગતિ ચકાસો (Practice Example) :**

(4) નીચેની આખ્યાઓના વર્ગાંક તૈયાર કરો. (Assign class numbers to the following titles)

(A) Translation of Bible in Hindi

(B) Sanskrit Urdu Dictionary

### 5.3.7 સારણી : 7 : વ્યક્તિઓ

આ સારણીમાં વ્યક્તિઓના જૂથનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં વિશિષ્ટ, સામાજિક અને આર્થિક વ્યવસાય ને આવરી લેવામાં આવેલ છે. આ સારણીનો સ્વતંત્ર ઉપયોગ કરી શકાતો નથી. જ્યાં જરૂર જણાય ત્યાં માનક પેટા વિભાગ-1 ના -088 સાથે ઉમેરી શકાય છે.

**SUMMARY**

-01 Individual persons

-02 Groups of persons

-03 Persons by racial, ethnic, national background

-04 Persons by sex and kinship characteristics

-05 Persons by age

-06 Persons by social and economic characteristics

-07 Persons by physical and mental charcteristics

-08 Generalists and novices

ઉદાહરણો

(1) **આખ્યા (Title) :** Women pilots

| | |
|---|---|
| વર્ગાંક (Class Number) : 305.430 886 291 | |
| પૃથક્કરણ (Analysis) : | |
| 305.4 | = Women |
| 305.43 | = Occupations |
| -088 | = Treatment among groups of Specific Persons (Table-1) (Add 'Persons' notation 04-99 from Tabe 7) |
| 6291 | = Pilots |
| **સંયોજન (Synthesis) :** | |
| 305.43 + 088 + 6291 | = 305.430 886 291 |

(2) **આખ્યા (Title) :** Customs of Doctors

| | |
|---|---|
| **વર્ગાંક (Class Number) :** 390.461 | |
| **પૃથક્કરણ (Analysis) :** | |
| 390 | = Customs, etiquette, folklore |
| 390.4 | = Customs of people of various specific occu pations (Add "Persons" notation 09-99 from Table-7 to the base number 390.4) |
| -61 | = Doctors (Table 7) |
| **સંયોજન (Synthesis) :** | |
| 390.4 + -61 | = 390.461 |

(3) **આખ્યા (Title) :** Child artist

| | |
|---|---|
| **વર્ગાંક (Class Number) :** 704.054 | |
| **પૃથક્કરણ (Analysis) :** | |
| 704 | = Special topics in fine and decorative arts (Add 'Persons' notation 04-87 from Table 7 to base number 704) |
| -054 | = Children (Table 7) |
| **સંયોજન (Synthesis) :** | |
| 704 + -054 | = 704.054 |

**તમારી પ્રગતિ ચકાસો (Practice Example) :**

(5) નીચેની આખ્યાઓના વર્ગાંક તૈયાર કરો. (Assign class numbers to the following titles)

(A) Ethics of librarianship

(B) Statistics for students

## 5.4 અનુસૂચિઓનો અભ્યાસ

Melvil Dewey એ DDC 1876 માં પ્રથમ આવૃત્તિ બહાર પાડી. DDC એ જ્ઞાનવિશ્વના તમામ વિષયોનું વર્ગીકરણ છે. તે જ્ઞાનવિશ્વની સમગ્ર વિદ્યાશાખાને કુલ 10 (0-9) વિભાગોમાં આવરી લેવામાં આવેલ છે, શૂન્યનો (0) પણ ઉપયોગ કર્યો છે. 0 થી 9 ના વિષયોને તર્કથી ક્રમાંક આપવામાં આવેલ છે. આ વિભાગોના અંકો 001 થી 999 છે. DDC માં વિષયના વર્ગો સામાન્યથી વિશિષ્ટતાના ક્રમમાં ગોઠવવામાં આવ્યા છે. દશાંશ વર્ગીકરણ કરનાર સરળતાથી અને ઝડપથી અને સ્મૃતિસહાયક દ્વારા કરી શકે છે. વર્ગીકરણ એ વિજ્ઞાન અને કલા બન્ને છે. વર્ગીકરણ કરનારને આદર્શ સુચના છે કે : "Never classify by the title alone" (ફક્ત આખ્યાને આધારે ક્યારેય વર્ગીકરણ ન કરો).

### 5.4.1 સર્વસામાન્ય (Generalities) 000

મુખ્ય વિષય સિવાયના અન્ય તમામ વિષયોને આવરી લેવામા આવેલ છે. જેસર્વસામાન્ય (generalities) થી ઓળખાય છે. જેમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન, ગ્રંથસૂચિ (Bibliography), હસ્તપ્રત (manuscripts), દુર્લભ ગ્રંથ (Rare book), પત્રકારત્વ (journalism) જેવા અનેક વિષયોને આવરી લેવામાં આવે છે.

ઉદાહરણો

(1) **આખ્યા (Title) :** Library Relationships

**વર્ગાંક (Class Number) :** 021

**પૃથક્કરણ (Analysis) :**

| | |
|---|---|
| 020 | = Library and information Sciences |
| 021 | = Library relationships |

**સંયોજન (Synthesis) :**

= 021

(2) **આખ્યા (Title) :** Block Books

**વર્ગાંક (Class Number) :** 092

**પૃથક્કરણ (Analysis) :**

| | |
|---|---|
| 090 | = Manuscripts book rarities |
| 092 | = Block books |

**સંયોજન (Synthesis) :**

= 092

(3) **આખ્યા (Title) :** Sports Journalism

**વર્ગાંક (Class Number) :** 070.449 790

**પૃથક્કરણ (Analysis) :**

| | |
|---|---|
| 070 | = News media, Journalism & Publishing |
| 070.449 | = Specific subjects |
| | (Add 001-999 to base number 070.449) |
| 790 | = Recreational & performing arts |

**સંયોજન (Synthesis) :**

070.449 + 790 = 070.449 790

**તમારી પ્રગતિ ચકાસો (Practice Example) :**

(1) નીચેની આખ્યાઓના વર્ગાંક તૈયાર કરો. (Assign class numbers to the following titles)

(A) Lutheran Churches

(B) Moral theology

### 5.4.2 તત્વજ્ઞાન અને સબંધિત વિદ્યાશાખા (Philosophy & psychology) 100

મુખ્ય વર્ગ 100 માં બે વિષયોનો સમાવેશ થાય છે : મનોવિજ્ઞાન અને તત્વજ્ઞાન (psychology and philosophy), નીતિશાસ્ત્ર (Ethics), તર્કશાસ્ત્ર (logic), આધિભૌતિક (Metaphysics), જ્ઞાનવિશ્વ (Epistemology), પ્રાચીન (ancient), મધ્યકાલીન (medieval) અને અર્વાચીન પાશ્ચાત્ય (modern western) શાખાઓ છે. માનવીના આંતર સંબંધોને પણ વિશેષ વર્ગાંક આપવામાં આવ્યા છે.

ઉદાહરણો

(1) **આખ્યા (Title) : Vedanta Philosophy**

**વર્ગાંક (Class Number) :** 181.48

**પૃથક્કરણ (Analysis) :**

180 = Ancient, medieval & Oriental philosophy

181.48 = Vedanta

**સંયોજન (Synthesis) :**

181.48 = 181.48

(2) **આખ્યા (Title) : Unity theories**

**વર્ગાંક (Class Number) :** 111.820 1

**પૃથક્કરણ (Analysis) :**

111.82 = Unity

-01 = Philosophy & Theory (Table 1)

**સંયોજન (Synthesis) :**

111.82 + 01 = 111.820 1

**(3)** આખ્યા (Title) : **Evolutional psychology**

**વર્ગાંક (Class Number) :** 155.7

**પૃથક્કરણ (Analysis) :**

150 = Psychology

155.7 = Evolution Psychlology

**સંયોજન (Synthesis) :**

= 155.7

**તમારી પ્રગતિ ચકાસો (Practice Example) :**

**(2) નીચેની આખ્યાઓના વર્ગાંક તૈયાર કરો. (Assign class numbers to the following titles)**

(A) Ethics of family relationships

(B) Patanjali

### 5.4.3 ધર્મ (Religion) 200

જ્ઞાનવિશ્વમાં ધર્મ એ એક અગત્યનો મુખ્ય વર્ગ છે. જેમાં જ્ઞાનવિશ્વના તમામ ધર્મને વર્ગાંક આપવામાં આવ્યા છે. બાઈબલ, ઈસાઈ ધર્મ નો ઈતિહાસ, ઈસુ ખ્રિસ્તનું જીવન જેવા વિષયોના વર્ગાંક આપવામાં આવ્યા છે. જેમાં ખ્રિસ્તી ધર્મ માટે ઘણા બધા વર્ગાંક ફાળવવામાં આવ્યા છે, જ્યારે જ્ઞાનવિશ્વના અન્ય મહત્વના બધા જ ધર્મોનો સમાવેશ વર્ગ 292-299 માં સમાવેશ કરવામાં આવ્યો છે.

ઉદાહરણો

(1) **આખ્યા (Title) :** Worship in Sikhim

**વર્ગાંક (Class Number) :** 294.643

**પૃથક્કરણ (Analysis) :**

| | |
|---|---|
| 294.6 | = Sikhim |
| 294.61-69 | = (Add to base number 294.6 the numbers following 291 in 291.1 to 291.9) |
| 291.43 | = Worship |

**સંયોજન (Synthesis) :**

294.6 + 291.43 = 294.643

(2) **આખ્યા (Title) :** Sacred books of Puritanism

**વર્ગાંક (Class Number) :** 285.902

**પૃથક્કરણ (Analysis) :**

| | |
|---|---|
| 285.9 | = Puritanism |
| 02 | = Basic textual sources |

**સંયોજન (Synthesis) :**

285.9 + 02 = 285.902

(3) **આખ્યા (Title) :** Christianity religious guru

**વર્ગાંક (Class Number) : 248.892**

**પૃથક્કરણ (Analysis) :**

| | |
|---|---|
| 248 | = Christianity experience, practice, life |
| 248.892 | = Secular clergymen |

**સંયોજન (Synthesis) :**

248.892 = 248.892

**તમારી પ્રગતિ ચકાસો (Practice Example) :**

(3) નીચેની આખ્યાઓના વર્ગાંક તૈયાર કરો. (Assign class numbers to the following titles)

(A) Lutheran churches

(B) Moral theology

### 5.3.4 સામાજિક શાસ્ત્રો (Social Sciencs) 300

સામાજિક શાસ્ત્રો એ DDC પદ્ધતિનો મોટો વર્ગ કહી શકાય છે. જેમાં વિશ્વના લગભગ ઘણા બધા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે કે સમાજ શાસ્ત્ર, શિક્ષણ, રાજનીતિ, કાયદો, આંકડા શાસ્ત્ર, અર્થશાસ્ત્ર, વાણિજ્ય, જેવા મુખ્ય વર્ગોનો સમાવેશ થાય છે. આ વર્ગાંકની સાથે સારણીઓ નો મહત્તમ ઉપયોગ થાય છે.

**ઉદાહરણો**

(1) **આખ્યા (Title) :** Law of evidence in Japan

**વર્ગાંક (Class Number) :** 347.060 952

**પૃથક્કરણ (Analysis) :**

| | | |
|---|---|---|
| 347 | = | Civil Procedure and courts |
| 347.06 | = | Evidence |
| -093 - 099 | = | (Table 1)<br>(Add 'Areas' notatuib 3-9 from Table 2 to base number 09) |
| -52 | = | Japan and adjacent islands |

**સંયોજન (Synthesis) :**

347.06 + 09 + -52 = 347.060 952

(2) **આખ્યા (Title) :** Government corporations in Australia

**વર્ગાંક (Class Number) :** 351.009 209 94

**પૃથક્કરણ (Analysis) :**

| | | |
|---|---|---|
| 351.009 2 | = | Governemnt corporation (Public Enterprise) |
| -93-099 | = | Table 1<br>(Add Areas notation 3-9 from Table 2 to base number 09) |
| -94 | = | Australia (Table-2) |

**સંયોજન (Synthesis) :**

351.0092 + -09 + -94 = 351.009 209 94

(3) **આખ્યા (Title) :** Trade agreement between Japan & India

| | |
|---|---|
| **વર્ગાંક (Class Number) :** 382.952 054 | |
| **પૃથક્કરણ (Analysis) :** | |
| 382.9 | = Trade Agreement and their implications |
| - 93-99 | = By specific countries (Add Areas notation 3-9 from Table 2 to base number 382.9) |
| -52 | = Japan (Table - 2) |
| 0 | = Connecting Symbol |
| -54 | = India (Table - 2) (Local country first) |
| **સંયોજન (Synthesis) :** | |
| 382.9 + -52 + 0 + -54 | = 382.952 054 |

**તમારી પ્રગતિ ચકાસો (Practice Example) :**

(4) નીચેની આખ્યાઓના વર્ગાંક તૈયાર કરો. (Assign class numbers to the following titles)

(A) Noise Pollution

(B) Police Service in USA

### 5.4.5 ભાષાઓ (Languages) 400

આપણી ગુજરાતી ભાષામાં એક કહેવત છે કે "બાર ગામે બોલી બદલાય" એટલે કે બધા દેશની ભાષા અલગ હોય છે અને ભારત અને Russia જેવા દેશમાં તેમજ રાજ્યમાં બોલાતી ભાષા પણ અલગ અલગ હોય છે તેથી બધા ભાષાના વર્ગાંક અલગ અલગ સ્થળ બોલાતી ભાષાના આધારે આપવામાં આવ્યા છે. DDC માં ભાષાને 400 અંક પ્રદાન કરવામાં આવેલ છે. કોઈ પણ વ્યક્તિને અન્ય વ્યક્તિ સામે પોતાનો વિચાર પ્રગટ કરવો હોય તો તે ભાષા સિવાય સંભવ નથી. જ્ઞાનવિશ્વની દૃષ્ટિએ જોતા ભાષા એ મહત્વનો વિષય છે. ભાષાઓના વિવિધ સ્વરૂપો જેવા કે વ્યુત્પત્તિ (etymology), શબ્દકોશો (Dictionaries), બંધારણીય પદ્ધતિ (Structural Systems) વગેરે સારણી 4 વૈયક્તિ ભાષાના પેટાવિભાગો હેઠળની યાદીમાં છે. અનુસૂચિમાં 420-490 હેઠળની યાદીમાં વૈયક્તિક ભાષાઓને જ્યાં * (ફુદડી) થી ઓળખ આપવામાં આવી હોય તેઓને સારણી ૪ ની સંજ્ઞા લઈને વધુ સ્પષ્ટ બનાવી શકાય છે. વિશ્વની કેટલીક મુખ્ય ભાષાઓને 490 માં સમાવેશ કરવામાં આવેલ છે.

**ઉદાહરણો**

(1) **આખ્યા (Title) :** Universal Languages

| | |
|---|---|
| **વર્ગાંક (Class Number) :** 401.3 | |
| **પૃથક્કરણ (Analysis) :** | |
| 400 | = Language |
| 401.3 | = Universal Language |
| **સંયોજન (Synthesis) :** | |
| | = 401.3 |

(2) **આખ્યા (Title) :** Pronunciation of Italic languages Latin

| | | |
|---|---|---|
કોલન ક્લાસિફિકેશન વર્ગીકરણના લેખક, શિયાલી રામમૃત રંગનાથને ગણિતના શિક્ષક તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી. જો કે, 1924 માં, તેમને યુનિવર્સિટી ઓફ મદ્રાસના ગ્રંથપાલ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. 1924માં, તેઓ લંડન યુનિવર્સિટીમાં લાઈબ્રેરી વિજ્ઞાનનો અભ્યાસ કરવા લંડન ગયા હતા. ગ્રંથાલય વર્ગીકરણની હાલની યોજનાઓથી અસંતુષ્ટ, તેમના અનુભવથી તેમને એવું લાગે છે કે મૂળ સિદ્ધાંતોમાં ફેરફાર જરૂરી છે કે કયા વર્ગીકરણ યોજનાઓ સ્થપાયા. લંડનમાં રહેતા, ગ્રંથાલય વર્ગીકરણના વૈચારિક આદર્શોને સંજ્ઞાત્મક કક્ષાએ યોગ્ય સ્વરૂપ આપવા ડો. એસ. આર. રંગનાથને લંડનના સેલ્ફીઝ ડીપાર્ટમેન્ટ સ્ટોરની મુલાકાત સમયે મેકન્નો-સેટની કરામત જોવા મળી જે પ્રતીકોની મર્યાદાઓ આંબવા માટે સીસી ની આધારશીલા બની રહી. ડો. એસ. આર રંગનાથને નવી યોજના માટે એક લેઆઉટ તૈયાર કર્યું અને નમૂનાના સ્વરૂપમાં વિવિધ પાસાઓ માટે કેટલાક વિષયો બનાવ્યાં. લગભગ એક વર્ષમાં, તેઓએ કોલન ટૂલને અત્યંત ઉપયોગી શોધી કાઢ્યું. કેટલાક વિષય નિષ્ણાતોની મદદથી, કાર્યક્રમ 1927માં પૂર્ણ થયો. 1932 માં, આ યોજના છાપવા માટે તૈયાર હતી. આમ, 1933માં, કોલન વર્ગીકરણનું પ્રથમ સંસ્કરણ બહાર પાડવામાં આવ્યું હતું. અત્યાર સુધી 7 આવૃત્તિઓના છાપવા સહિત કોલોન વર્ગીકરણની 7 આવૃત્તિઓ પ્રકાશિત થઈ છે.

### 9.2.2. કોલન વર્ગીકરણ પદ્ધતિનો વિકાસઃ (Three versions of Colon Classification)

કોલન વર્ગીકરણ (સીસી) પ્રથમ આવૃત્તિ 1933 માં પ્રકાશિત થઈ હતી. અત્યાર સુધી, સીસીના સાત વર્ઝન પ્રકાશિત થયા છે. તેમની લાક્ષણિકતાઓ અનુસાર, સાત ભાગોને

ત્રણ જૂથોમાં વહેંચવામાં આવ્યા છે, જે આ પ્રમાણે છે.

**સંસ્કરણ 1 (1933-1950)** - અપરિવર્તનશીલ મુખયુક્ત વર્ગીકરણ પદ્ધતિઓ : સીસીના પહેલા, બીજા અને ત્રીજા સંસ્કરણો આ સંસ્કરણથી સંબંધિત છે. આ સંસ્કરણનાં સંસ્કરણો ફક્ત એક પાસા સૂચક બિંદુનો ઉપયોગ કરે છે જેમ કે કોલોન (:). તેથી જ તેને કોલન વર્ગીકરણ નામ મળ્યું. આ સંસ્કરણથી સંબંધિત આવૃત્તિઓએ મૂળભૂત વિષયોના ટૂંકા પ્રોગ્રામ, કેટલાક સામાન્ય લગતા અને મોટી સંખ્યામાં વિશિષ્ટ અલગ પાડ્યા છે.

અપરિવર્તનશીલ મુખયુક્ત વર્ગીકરણ પદ્ધતિમાં મૂળ વર્ગો, સામાન્ય પૃથકો તથા વિશિષ્ટ પૃથકોનો ઉલ્લેખ કરવામાં આવે છે. આ પૃથકોને જોડવા માટે સંયોજક ચિહ્નો ઉપયોગ કરવામાં આવે છે. મૂળ વિષયોના કોઠાઓના વિસ્તાર તથા નવીન પૃથકો રચવાની તેમાં વ્યવસ્થા હોવાથી વિષયોના વર્ગસમંકોની રચના પણ સરળતાથી કરી શકાય છે. આ પદ્ધતિમાં વર્ગસમંકની રચના પૂર્વરચિત ઉપસૂત્રના આધારે કરવામાં આવે છે. એ સિવાય પૂર્વનિર્ધારિત મુખક ઉપસૂત્રને કારણે નવીન સયુંકત વિષયો માટે જરૂરી મુખકોનો સમાવેશ કરી શકતો નથી. સી.સી.ની આવૃત્તિ 1 (1933), આવૃત્તિ 2 (1939), આવૃત્તિ 3 (1950) આ ઉપયુક્ત પ્રકારને સ્પષ્ટ કરે છે.

**સંસ્કરણ 2 (1950-1963)-** મુક્ત મુખયુક્ત વર્ગીકરણ પદ્ધતિઓ : સીસીનું ચોથું, પાંચમું અને છઠ્ઠું સંસ્કરણ આ સંસ્કરણથી સંબંધિત છે. આ સંસ્કરણ લગભગ મુક્તપણે બનાવેલ સંસ્કરણ તરીકે ઓળખાય છે. આ સંસ્કરણો અનુસાર પ્રત્યેક મુખક પદને મુખક સમંકમાં પરિવર્તિત કરવામાં આવે છે. અને અંતમાં મુખક સમંકોને જે તે સંયોજક ચિહ્નની મદદ વડે વર્ગસમંકમાં પરિવર્તિત કરવામાં આવે છે. આ પ્રક્રિયા દ્વારા સંયુક્ત વિષય પોતાના મુખકોને સ્વયં નિશ્ચિત કરે છે. એટલે કે આ સમગ્ર પ્રક્રિયા નીચે મુજબના ક્રમમાં થાય છે.

- મુખક વિચાર (Facet Idea)
- મુખક પદ (Facet Term)
- મુખક સમંક (Facet Number)
- વર્ગ સમંક (Class Number)

સમંકો કે મુખકોના ક્રમમાં પ્રત્યેક વસ્તુ મુક્ત છે. એટલે કે કોઈ પણ વસ્તુ પરિવર્તનશીલ નથી. આ પ્રકારની વર્ગીકરણ પદ્ધતિને મુક્ત મુખયુક્ત વર્ગીકરણ કહેવામાં આવે છે. 1952 થી 1960 સુધીનું કોલન વર્ગીકરણ પદ્ધતિનું સ્વરૂપ મુક્ત મુખયુક્ત વર્ગીકરણ પદ્ધતિનું બન્યું છે.

**સંસ્કરણ 3 (1963-1997)**- સ્વતંત્ર રીતે સંચાલિત વર્ગીકરણ પદ્ધતિઓ : સી.સી ની સાતમી આવૃત્તિ, 1987 માં પ્રકાશિત થઈ હતી, આ સંસ્કરણમાં વર્ગીકરણના ગતિશીલ સિદ્ધાંતના નિષ્કર્ષોનો સમાવેશ છે. સ્વતંત્ર મુખકીય વર્ગીકરણ પદ્ધતિ હોવાથી, મૂળ વિષય સાથેના સંયુક્ત વિષય માટે કોઈ ચુસ્ત નિયમ નથી.

### 9.2.3. કોલન વર્ગીકરણની વિવિધ આવૃત્તિઓઃ

પ્રથમ 1924 થી 1928 સુધી બનાવવામાં આવ્યું હતું અને કોલન ક્લાસિફિકેશન

*(સીસી) ની પ્રથમ આવૃત્તિ, 1933 માં મદ્રાસ લાઈબ્રેરી એસોસિયેશન દ્વારા પ્રકાશિત કરવામાં આવી હતી, તેની 7મી આવૃત્તિમાં 1987માં રજૂ કરવામાં આવી હતી. છઠ્ઠી આવૃત્તિ હજી પણ 1960 માં પ્રકાશિત સૌથી વધુ લોકપ્રિય હતી. કેટલાક સુધારા સાથે, પુનઃમુદ્રણ 1963 માં એક સાંકળમાં સમાવવામાં આવ્યું હતું. આ માર્ગદર્શિકાનો હેતુ સીસી -6 ના ઉપયોગ માટે માર્ગદર્શિકા બનવાનો છે, આ સંસ્કરણ (1963) વર્ગ ક્રમાંકની રચનાને સમજાવે છે, જેનું પ્રકાશન એશિયા પબ્લિશિંગ હાઉસ દ્વારા 1964 અને 1969 માં કરવામાં આવ્યું હતું. બોમ્બે 1989થી, આ આવૃત્તિને ઘણીવાર લાઈબ્રેરી સાયન્સના શારદા રંગનાથન એન્ડોમેન્ટ દ્વારા ફરીથી લખવામાં આવી છે.*

***સી.સી. પ્રથમ આવૃત્તિ* (1933)** - *કોલન વર્ગીકરણ પ્રથમ આવૃત્તિમાં દરેક મૂળ વર્ગમાં વિવિધ મુખકો માટે અનુસૂચિઓ પૂરી પાડવામાં આવતી હતી. કોલનનો સંયોજન માટે એક નોટેશનલ સાધન તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ પ્રતીકનો ઉપયોગ ":"* (Colon) *એ યોજનાનો એક મહત્ત્વપૂર્ણ ભાગ હતો. તેથી, આ યોજના કોલન વર્ગીકરણ નામ આપવામાં આવ્યું હતું.*

***સી. સી બીજી આવૃત્તિ* (1939) -** *આ આવૃત્તિમાં ઘણા બધા સુધારાઓનો સમાવેશ થયો છે. તેમાં મૂળભૂત શ્રેણીઓ (વ્યક્તિત્વ, પદાર્થ, વેગ, સ્થળ અને સમય)ની વિભાવના વર્ગીકરણ આધાર તરીકે સેવા આપે છે.*

***સી. સી ત્રીજી આવૃત્તિ* (1950)** - *આ આવૃત્તિ મૂળભૂત શ્રેણીઓના સંદર્ભમાં દરેક મૂળ વર્ગ માટે મુખક સૂત્ર પ્રદાન કરે છે.*

***સી. સી. ચોથી આવૃત્તિ* (1952)** - *જુદા જુદા મૂળભૂત શ્રેણીઓના વિવિધ મુખકોના સમંકો સાથે વિવિધ સંયોજક ચિહ્નનો ઉપયોગ કરવામાં આવતા હતા જેમ કે :*

- *વ્યક્તિત્વ માટે કોમા (,)*
- *પદાર્થ માટે સેમિ-કોલન (;)*
- *વેગ માટે કોલન (:)*
- *જગ્યા માટે ડોટ (.)*
- *સમય માટે ડોટ (')*

*ઉપરોક્ત સંયોજક ચિહ્નોના મુદ્દાઓની રજૂઆતને કારણે આ યોજનાનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું હતું. આ આવૃત્તિમાં વર્તુળ અને સ્તરોની વિભાવનાઓ પણ રજૂ કરવામાં આવી છે. મૂળભૂત શ્રેણીઓનો ખ્યાલ સારી રીતે ઉપયોગમાં લેવાયો હતો.*

***સી. સી પાંચમી આવૃત્તિ* (1957)** - *આ આવૃત્તિમાં નિયમો અને વિવિધ અનુસૂચિઓમાં નોંધપાત્ર ફેરફારો કર્યા છે.*

***સી. સી છઠ્ઠી આવૃત્તિ* (1960)** - *વિવિધ સમયપત્રકમાં નોંધપાત્ર ફેરફારો કરવામાં આવ્યા છે. ગ્રીક અક્ષરોના ઉપયોગને ટાળવા માટે પ્રયાસ કરવામાં આવ્યો હતો. છઠ્ઠી આવૃત્તિ 1963 માં ફરીથી છાપવામાં આવી હતી, જેમાં કેટલાક મહત્ત્વપૂર્ણ ફેરફારો હતા. મૂળભૂત શ્રેણીઓમાં સમય મુખકમાં સંયોજક ચિહ્નમાં ફેરફાર કરવામાં*

આવ્યો હતો. શરૂઆતમાં (ડોટ) (.) ની જગ્યાએ વિપરીત અલ્પવિરામ (') કરવામાં આવ્યું હતું.

**સી. સી સાતમી આવૃત્તિ (1987) -** કોલન વર્ગીકરણની સાતમી આવૃત્તિની સૂચિ એ. નિલમેઘન, એમ. એ. ગોપીનાથ અને એસ. સીયારામ દ્વારા આપવામાં આવેલ છે. વધુમાં, સામાન્ય પૃથકોની યાદી આપવામાં આવેલી છે. વર્ગ સમંકો સરળતાથી પૂરા પાડવામાં આવ્યા નથી. સી. સી સાતમી આવૃત્તિમાં કેટલાક પ્રમાણિત એકમ અનુસૂચિનો પણ સમાવેશ કરવામાં આવેલો છે, જે મેક્કાનો સેટમાં સ્ટાન્ડર્ડ ટુકડાઓ સાથે સુસંગત છે. સી.સી સાતમી આવૃત્તિના અનુસૂચિમાં કેટલાક પ્રમાણિત એકમ અનુસૂચિ છે, આ પ્રમાણભૂત ટુકડાઓ સંયોજિત કરીને, કોઈ અલગ પદાર્થો બનાવી શકે છે. પરંતુ તેનું નિર્માણ કરવું જરૂરી છે. એ જ રીતે, જુદા જુદા ક્રમચયો અને સંયોજનો દ્વારા સ્ટાન્ડર્ડ એકમ અનુસૂચિ ઉમેરીને વિવિધ વિશિષ્ટ વિષયો માટે વર્ગ સમંક બનાવી શકાય છે. સી.સી 7, એક સ્વતંત્ર પૃથકકરણીય સંયોજિત યોજના છે. કારણ કે સયુંક્ત વિષયોમાં ઘટક વિચારોના ક્રમને માર્ગદર્શક સિદ્ધાંતોને આધારે પૃથકરણ કરવામાં આવે છે. અને પૂર્વ નિર્ધારિત મુખક સૂત્રની મદદ વડે માત્ર નિર્ધારિત નથી.

**તમારી પ્રગતિ ચકાસો**

1. ***કોલન ક્લાસિફિકેશનની છઠ્ઠી આવૃત્તિમાં થયેલા ફેરફારો જણાવો.***

***નોંધઃ 1. તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.***

***2. આ યુનિટના અંતે તમારો જવાબ ચકાસો.***

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 9.3. પૃથક્કરણીય- સંયોજિત પદ્ધતિ (Separative Compounting Method)

દ્વિબિંદુ વર્ગીકરણ પદ્ધતિ એ પૃથક્કરણીય- સંયોજિત પદ્ધતિ છે આ સંદર્ભમાં જુદી જુદી ગણનાક્ષમ પદ્ધતિઓ જેમકે ડયૂઈ ડેસીમલ વર્ગીકરણ પદ્ધતિ તેમજ લાયબ્રેરી

ઓફ કોંગ્રેસ વર્ગીકરણ પદ્ધતિ કરતા આ પદ્ધતિ કંઈક જુદી પડે છે. સીસી માં વિષયના તૈયાર વર્ગ નંબરો આપવામાં આવતા નથી. આ વર્ગીકરણ પદ્ધતિમાં કેટલાક અનુસૂચિઓના પ્રમાણિત એકમો સંકળાયેલા છે. નિયમો અને સિદ્ધાંતોને આધારે જુદી જુદી અનુસૂચિના એકમોમાંથી વર્ગ નંબરોનું સંયોજન કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં મેકેનનો સેટનો ઉપયોગ કરવામાં આવ્યા છે. સીસીમાં વિષયના વર્ગ નંબરોની રચના કરવા માટે નીચે જણાવેલ બે પગથિયા આપવામાં આવ્યા છે.

1. વિષયનું વિવિધ મુખકોમાં પૃથક્કરણ અને તેને પાંચ મૂળભૂત શ્રેણીઓમાં પરિવર્તિત કરવામાં આવે છે.
2. મુખકોનું સંયોજન કરવામાં આવે છે.

નીચે જણાવેલ ઉદાહરણની મદદથી સીસીમાં વર્ગ નંબરની રચના કરવા માટે પૃથક્કરણ અને સંયોજનની પ્રક્રિયાને સમજીશું.

ઉદાહરણ:

Title: Lending of Books in Research Library in India during 2018

Class Number: 236; 43: 62. 44 'N 18

ઉપરોક્ત ગ્રંથનામ માં મુખ્ય વર્ગ " Library Science" છે. જ્યારે ગ્રંથનામમાં આપેલ જુદા જુદા મુખકોનું પૃથક્કરણ આ પ્રમાણે છે

1. Lending
2. Books
3. Research Library
4. India
5. 2018

ઉપર દર્શાવેલા મુખકો પાંચ મૂળભૂત શ્રેણીઓના આધારે જોઈએ તો પ્રથમ Lending એ વેગ મુખક, Books એ વસ્તુ મુખક, Research Library એ વ્યક્તિત્વ મુખક, India એ સ્થળ મુખક, તેમજ 2018 એ સમય કે કાળ મુખકમાં આવી શકે.

દરેક મુખકોને તેમની વધતી જતો એકાગ્રતાના આધારે ગોઠવીએ જેમ કે પાંચ મૂળભૂત શ્રેણીઓ PMEST.

પ્રથમ Library Science [M.C], Research Library [P], Books [M], Lending [E], India [S], 2018[T]

| | |
|---|---|
| Library Science | [M.C] |
| Research Library | [P] |
| Books | [M] |
| Lending | [E] |
| India | [S] |

| 2018 | [T] |
|---|---|

ઉપરોક્ત મુખકોનું સંયોજન સંયોજક ચિહ્ન દ્વારા કરીશું. જેમાંથી આપણને નીચે જણાવ્યા મુજબનો વર્ગ નંબર મળશે.

2 [M.C] 36 [P]; 43[M]: 62[E]. 44[S] ‘P18 [T]

236; 43: 62. 44 ‘P18

**નોંધઃ** ઉપરોક્ત ઉદાહરણમાં તમે જોઈ શકો છો કે વ્યક્તિત્વ મુખક ResearchLibraryનો પૃથક નંબર 36 એ મુખ્ય વર્ગ પછી સંયોજક ચિહ્ન (, ) કોમા વગર મૂકવામાં આવ્યો છે.

**તમારી પ્રગતિ ચકાસો**

2. Cataloguing of Periodicals in the Public Library in China in the year of 2017

**નોંધઃ** ***1. તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.***

***2. આ યુનિટના અંતે તમારો જવાબ ચકાસો.***

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 9.4. *કોલન ક્લાસિફિકેશનમાં સંજ્ઞાઓ* (Nouns in Colon Classification)

મૂળ વિષયોમાં સંખ્યાઓનો ઉલ્લેખ કરવા માટે કોલન વર્ગીકરણની સૂચના સિસ્ટમ નીચે મુજબ છે:

- 23 રોમન નાના મૂળાક્ષરો (a…z, I,l, o સિવાયના)
- 10 ઈન્ડો અરબી આંકડા (0-9)
- 26 રોમન મોટા મૂળાક્ષરો (A-Z)
- કૌંસ નંબરો
- સૂચક અંકો જેમાં હાયફન (-) અને તારકમંડળ (★)

Z, 0 (શૂન્ય) અથવા 9 (નવ)નો ઉપયોગ ખાલી અંક તરીકે રજૂ કરવા માટે

થાય છે જ્યારે T, V, X, અને Z ખાલી ગુણ તરીકે ઉપયોગમાં લેવાય છે, જો કે, જ્યારે તે પ્રારંભિક સંખ્યાઓના રૂપમાં હોય છે, ત્યારે તેઓ અર્થપૂર્ણ રીતે સમૃદ્ધ અંકો તરીકે માનવામાં આવે છે. અને U, W, અને Y ખાલી અંકો તરીકે સ્વીકૃત કરવામાં આવ્યા છે.

સીસી દ્વારા નક્કી કરેલા સમંકથી પૃથક એ સ્પેશીએટર તરીકે સંજ્ઞાત્મક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે જેમાં નીચે મુજબની સંજ્ઞાનો સમાવેશ થાય છેઃ

- દસ ઈન્ડો-અરબી આંકડા (0-9)
- વીસમી રોમન મોટા મૂળાક્ષરો (A-Z)
- છવ્વીસ છ રોમન નાના અક્ષરો (A-Z, I,L,O સિવાય)
- કોષ્ટક નંબરો
- સૂચક નંબરો * " •! ) & ' . ;,-= + '!

## 9.5. માળખું અને રચના (Structure & Composition)

આ પુસ્તકને ત્રણ ભાગમાં વહેચવામાં આવ્યું છે.

ભાગ 1- નિયમો

ભાગ-2 અનુસૂચિઓ

ભાગ-3 પ્રશિષ્ટ અને ધાર્મિક પુસ્તકો

### ભાગ-1

આ ભાગમાં નિયમો સાથે સંબંધિત છે, કે જેમાં વ્યાખ્યાઓ, સમજૂતીઓ અને ઉદાહરણો આપેલા છે.

પ્રકરણ 1-4 માં અનુક્રમે call number, class number, Book number અને Collection number આપેલા છે.

પ્રકરણ 5માં facet, Focus અને Devices નો ખ્યાલ રજૂ કરવામાં આવ્યો છે જેના દ્વારા Foci ની રચના વર્ગ નંબરના મુખક માટે કરી શકાય.

પ્રકરણ 6 Contractions આપેલા છે.

પ્રકરણ 7 અને 9માં વર્ગીકરણના ઉપસૂત્રો અને સહાયક ક્રમના સિદ્ધાંતો આપેલા છે.

પ્રકરણો 1-5 માં અનુક્રમે મુખ્ય વર્ગો, સામાન્ય પૃથકો, કાલ પૃથકો, સ્થળ પૃથકો અને ભાષાના પૃથકો આપેલા છે.

પ્રકરણ 6માં પાર્શ્વ સંબંધોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

પ્રકરણ 7 માં પ્રશિષ્ટ યુક્તિઓ અને તેની મદદથી Indology અને બીજી શાખાઓમાં વર્ગોનું આયોજન કરી શકાય.

ભાગના અંતે સૂચિ આપવામાં આવેલી છે.

**ભાગ-2**

આ ભાગમાં વર્ગીકરણની અનુસૂચિઓનો સમાવેશ થાય છે જે આ પ્રમાણે છે.

પ્રકરણ 1-5 અનુસૂચિઓ અનુક્રમે સામાન્ય પૃથકો, કાલ પૃથકો, સ્થળ પૃથકો અને ભાષાના પૃથકો આપેલી છે.

પ્રકરણ 6 માં પાર્શ્વ સંબંધોની અનુસૂચિઓ આપેલી છે.

બાકીના પ્રકરણોમાં વિવિધ મુખ્ય વર્ગોની અનુસૂચિઓ આપવામાં આવેલી છે.

આ ભાગમાં અંતે સૂચિ શરુ થાય તે પહેલાં કેવી રીતે સૂચિનો ઉપયોગ કરવો તેની સૂચના આપવામાં આવેલી છે.

**ભાગ-3**

આ ભાગમાં પ્રશિષ્ટ Indologyના વર્ગ નંબરોની ગણતરી પૂરી પાડવામાં આવી છે.આ ભાગમાં સૂચિ બાદ ધાર્મિક પુસ્તકો સાથે તેના ખાસ નામોની અનુસૂચિઓ પૂરી પાડવામાં આવી છે. દરેક ભાગના પૃષ્ઠ ક્રમાંક અલગ રીતે ક્રમમાં આપ્યા છે. પૃષ્ઠ નંબરો ડોટની ડાબી બાજુ ભાગ દર્શવે છે અને જમણી બાજુ તે ભાગના પૃષ્ઠ નંબર દર્શાવે છે.

પુસ્તકના પ્રારંભે, પ્રારંભિક પૃષ્ઠો પછી કેટલાક જોડાણો આપવામાં આવેલા છે જેમાં કેટલાક સુધારાઓ તથા ખોટા છાપકામ અંગેના થોડા નાના સુધારાઓ પણ આપેલા છે.

## 9.6. કોલન વર્ગીકરણની વર્ગીકૃત સૂચિ (Classified List of Colon Classification)

સીસીની સૂચિ ફક્ત પ્રાથમિક શરતોનો ઉલ્લેખ કરે છે, ક્યારેય વિષયોને સંયોજિત કરવા માટે નહીં પરંતુ કોઈ વિષયના સંબંધિત પાસાઓ માત્ર વર્ગ ક્રમાંક તરીકે પ્રદાન કરવામાં આવે છે, સીસી 6 આવૃત્તિમાં નીચેની ચાર સૂચિઓ પૂરી પાડી છે જે આ પ્રમાણે છે :

- સામાન્ય સૂચિઓ;
- ભૌગોલિક સૂચિઓ;
- કુદરતી જૂથોમાં વનસ્પતિશાસ્ત્રની અને પ્રાણીશાસ્ત્રની બે સૂચિઓ

*દરેક નોંધો શબ્દ પછી શબ્દ આપેલા સિદ્ધાંતોને આધારે ગોઠવવામાં આવે છે.*

*સુચિના પ્રારંભે કેવી રીતે તેનો ઉપયોગ કરવો તે અંગેની કેટલીક સૂચનાઓ આપવામાં આવેલી છે. અહીં એક સૂચિ માટેનું ઉદાહરણ આપવામાં આવેલું છે. આ પ્રમાણે છે:*

Bronchi G [P], K [P2], L [P], 44

*પુથક પદ* Bronchi *એ મુખ્ય વર્ગો* Biology, Zoology *અને* Medicine *ના વ્યક્તિત્વ* (Personality ) *મુખકમાં તેનો પૃથક નંબર* 44 *છે.*

*આ રીતે સૂચિનો ઉપયોગ પદ પ્રમાણે કરવામાં આવે છે આ સૂચિની ગોઠવણી અનુક્રમાંક પ્રમાણે કરવામાં આવી છે જેનો ઉપયોગ સરળતાથી કરી શકાય.*

**તમારી પ્રગતિ ચકાસો**

**3.** ***આપેલા પદ પ્રમાણે સૂચિનો ઉપયોગ કરીને વર્ગ નંબર શોધો.***

1. Gas
2. Gum
3. Oral Contract
4. Poison
5. Refugee

***નોંધઃ 1. તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.***

***2. આ યુનિટના અંતે તમારો જવાબ ચકાસો.***

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 9.7. સારાંશ (Summary)

આ યુનિટમાં, કોલન ક્લાસિફિકેશન પદ્ધતિની રજૂઆત કરવામાં આવી. પૃથક્કરણીય સંયોજિત ગુણવત્તા ધરાવતી અને સાથે મુક્ત મુખકીય પદ્ધતિ બીજી બધી પદ્ધતિઓ કરતાં અલગ છે. સીસીમાં સંજ્ઞાનો ઉપયોગ કરવાથી નવા વર્ગોનો સમાવેશ કરવાનું શક્ય બને છે. કોલન ક્લાસિફિકેશનની ઘણી બધી આવૃતિઓ સુધારાઓ સાથે પ્રકાશિત થઈ જેમાં સાતમી આવૃત્તિમાં સૂચિનો સમાવેશ કરવામાં આવ્યો નથી. આપણા દેશમાં વિવિધ ગ્રંથાલયોના ગ્રંથપાલો આ છઠ્ઠી આવૃત્તિનો ઉપયોગ કરે છે.

## 9.8. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (Answer the Self Check Exercises)

1. કોલન ક્લાસિફિકેશનની છઠ્ઠી આવૃત્તિમાં મોટા ભાગના ફેરફારો આ પ્રમાણે છે.
   1. નિયમો વિભાગમાં ફરીથી ગોઠવવામાં આવ્યા છે અને અંશત ફરીથી લખવામાં આવ્યા છે.
   2. નિયમ વિભાગમાં પ્રકરણ નંબર 6 Contractions ચેપ્ટર નંબર Canons અને ચેપ્ટર નંબર 9 Principles and Postulations ઉમેરવામાં આવ્યા છે.
   3. અનુસૂચિ વિભાગમાં અનુસૂચિ માટે સંશ્લેષ સંબંધો જેવા કે આંતર વર્ગ, મુખક, અને પંક્તિ ઉમેરવામાં આવી છે.
   4. 1963માં ફરીથી પ્રિન્ટ કરવામાં આવી અને 1960 પછી Annexure (જોડાણો) ઉમેરવામાં આવ્યા .જેમાં મોટા ભાગના સુધારાઓ થયેલા હતા.
2. પ્રથમ Library Science[M.C], Public Library [P], Periodicals [M], Cataloguing [E], China [S], 2017[T]

| | |
|---|---|
| Library Science | [M.C] |
| Public Library | [P] |
| Periodicals | [M] |
| Cataloguing | [E] |
| China | 2017 [T] |

2 [M.C] 2 [P]; 46[M]: 55[E]. 41[S] ‘P17 [T]

22; 46: 55. 41 ‘P17

3. 1. Gas B7, C2 [P), 8. E [E), 228.

E [Pl, 198. L [E], 4 [2P], 88

2. Gum E [Pl, 6893. G [P], K [P2], L [P],21411

3. Oral contract Z [P2l, 3 (P3], 21
4. Poison F [P], 594. L [E],4 [2P], 4
L [E]. 524
5. Refugee V, W [E], 44. X [E], 9J4.
Y [E], 495. Y [P], 394. Z [P2], 1354

## 9.9. *ચાવીરૂપ શબ્દો* (Key Words)

**Basic subject** ***(મૂળભૂત વિષય)*** : *જે વિષય પોતાના ઘટક તરીકે કોઈ વિચાર ધરાવતો ન હોય તેને મૂળભૂત વિષય તરીકે ઓળખવામાં આવે છે.*

**Common Isolate Idea** ***(સામાન્ય પૃથક વિચાર)*** : *એવા વિચારો કે કોઈપણ પ્રકારના વિષયો સાથે જોડી શકાય છે.*

**Complex Subject** ***(જટિલ વિષય)*** : *બે મૂળભૂત કે સંયુક્ત વિષયોના સંયોજનથી જટિલ વિષય બને છે.*

**Compound Subject** ***(સંયુક્ત વિષય)*** : *જ્યારે મૂળભૂત વિષય સાથે એક કે વધુ પૃથક વિચાર જોડાય ત્યારે તે સંયુક્ત વિષય બને છે.*

**Digit** ***(સમંક)*** : *સંજ્ઞા કક્ષાએ ઉપયોગમાં લેવાયેલ અંક*

**Facet** ***(મુખક)*** : *વિષય બંધારણના ઘટકોને મુખક તરીકે ઓળખવામાં આવે છે. જે વ્યક્તિત્વ* (Personality), *વસ્તુ* (Matter), *વેગ* (Energy), *સ્થળ* (Space) *અને કાળ* (Time) *છે.*

**Idea** ***(વિચાર)*** : *સામાન્ય વ્યક્તિઓમાં વિચારનો ઉદ્‌ભવ તે નિરીક્ષણથી, પ્રતિભાવથી, કલ્પનાથી, મૂલ્યાંકનથી કે અન્ય બોદ્ધિક પ્રક્રિયાઓથી થાય છે. આ બધી પ્રક્રિયાના પરિણામ સ્મૃતિમાં સંગ્રહિત થાય છે. અને આવા તર્કની સહાયથી વિચારોનું સર્જન થાય છે.*

**Isolate Idea** ***(પૃથક વિચાર)*** : *પૃથક વિચાર એ કોઈ વિષય નથી. પરંતુ તે એક વિષયના ઘટક સ્વરૂપ છે. જેમ કે બાળક એક પૃથક વિચાર છે. જે અનેક વિષય માટે ઘટક સ્વરૂપ બની શકે. જેમકે બાળ મનોવિજ્ઞાન, બાળ પુસ્તકાલય, બાળ કેળવણી વગેરે.*

**Special Isolate Idea** ***વિશિષ્ટ પૃથક વિચાર*** : *જે માત્ર સંયુક્ત વિષય સાથે અસ્તિત્વમાં આવે છે કે મૂળભૂત વિષયના કોઈ એક નાના સમૂહ સાથે અસ્તિત્વમાં આવે છે.*

**Subject** ***(વિષય)*** : *વિચારોના વ્યવસ્થિત સ્વરૂપને વિષય તરીકે ઓળખવામાં આવે છે. જે રસના ક્ષેત્રમાં વ્યાપકતા અને ગહનતા ધરાવે છે.*

## 9.10. સંદર્ભો અને વિશેષ વાંચન (Refernces and Further Reading)


* C.K Sharma,& Amik. K Sharma. (2007). *Library Classification.*New Delhi: Atlantic.
* P. N Kaula. (1985). *A Treatise on Colon Classification.*New Delhi: Sterling Publication.
* S. R Ranganatahan. (1990). *Colon Classification* (આવૃત્તિ - 6 Banglore: Sharda Ranganathan Endowment for Library Science.
* Satija Mohinder Pratap. (2002). *Manual of Practical Colon Classification.*New Delhi: Concept Publishing Company.
* છગન ભૈયા. (1939).ગ્રંથાલય વર્ગીકરણ પ્રવેશિકા. અમદાવાદ: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય.


*

| એકમ 10 | અનુસૂચિઓ અને પદ્ધતિઓ |
|---|---|

# (Schedules and Techniques)

## રૂપરેખા


10.0 હેતુઓ

10.1 પ્રસ્તાવના

10.2 કોલન ક્લાસિફિકેશનમાં વિષયોનું આલેખન

10.3 મૂળભૂત શ્રેણીઓ

10.4 વર્તુળ અને સ્તર

10.4.1 વર્તુળોની અભિવ્યક્તિ

10.4.2 સ્તરોની અભિવ્યક્તિ

10.5 પદ્ધતિઓ અને વિશિષ્ટતાઓ

10.5.1 પદ્ધતિઓ

10.5.2 વિશિષ્ટતાઓ

10.6 સામાન્ય પૃથકો

10.6.1 અગ્રગામી સામાન્ય પૃથકો

10.6.2 અનુગામી સામાન્ય પૃથકો

10.7 સંશ્લેષ સંબંધો

10.7.1 આંતર વર્ગ સંબંધો

10.7.2 આંતર મુખક સંબંધો

10.7.3 આંતર પક્તિ સંબંધો

10.8 યુક્તિઓ

10.8.1 કાળ યુક્તિ

10.8.2 ભૌગોલિક યુક્તિ

10.8.3 વિષય યુક્તિ

10.8.4 સ્વયં છાયા યુક્તિ

10.8.5 સ્મૃતિ સહાયકતા યુક્તિ

10.8.6 વર્ણાનુક્રમ યુક્તિ

10.10 સારાંશ

10.11 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

10.12 ચાવીરૂપ શબ્દો

10.13 સંદર્ભો અને વિશેષ વાંચન

## 10.0 હેતુઓ (Objectives):

આ યુનિટની અંદર વિષયનું વર્ગીકરણ કરવા માટે કોલન ક્લાસિફિકેશન (સી. સી.) ની કેટલીક પાયાની ટેકનીક્સ આપણે સમજીશું. આ યુનિટ વાંચ્યા પછી તમે નીચે પ્રમાણે સક્ષમ બની શકો.

- સી.સી.માં વિષયોનું આલેખન સમજી શકાશે.
- સી.સી. માં પાંચ મૂળભૂત શ્રેણીઓના ઉપયોગનું વર્ણન.
- જુદી જુદી મૂળભૂત શ્રેણીઓમાં વર્તુળ અને સ્તરની પ્રગટતાનો ખ્યાલ વિશેની સમજણ.
- સામાન્ય પૃથકો, સંશ્લેષ સંબંધ અને અલગ પ્રકારની યુક્તિઓના ઉપયોગથી વિષયોનો વર્ગાંક રચી શકાશે.

## 10.1 પ્રસ્તાવના (Introduction):

આ યુનિટ ની શરૂઆતમાં વિષયોનું આલેખન પૂરું પાડવામાં આવ્યું છે.

કોલન ક્લાસિફિકેશનની આખી પ્રક્રિયા પાંચ મૂળભૂત શ્રેણીઓ પર આધારિત છે. સી સી માં વર્ગીકરણ વિશ્લેષણ-સંયોજન પદ્ધતિ માટે પાંચ મૂળભૂત શ્રેણીઓ મુખ્યત્વે કાર્ય કરે છે જ્યારે આપણે સરળ વિષયથી સંયુક્ત વિષય તરફ જઈએ છીએ ત્યારે પાંચ મૂળભૂત શ્રેણીઓમાં વર્તુળ અને સ્તરની પ્રગટતા તેમાં જોવા મળે છે. જટિલ વિષયનું વર્ગીકરણ કરવા માટે પાશ્વ સંબંધ મહત્ત્વનો ભાગ ભજવે છે તેમ છતાં, આ બધી ટેકનિક્સમાં, આ પદ્ધતિમાં યુક્તિઓનો ઉપયોગ કોઈ પણ વિષયના મુખક ઉપર વધારે પ્રકાશ પૂરો પાડે છે. કોઈ પણ વર્ગકારને યુક્તિઓ સંપૂર્ણ સ્વાયત્તતા આપે છે. દ્વિબિંદુ વર્ગીકરણ પદ્ધતિમાં વર્ગકારને અલગ અલગ ટેકનિક્સનો સરળ અને સચોટ સમજણ આપી વિષયોનું વર્ગીકરણ કરવા માટે જટિલતાના પ્રમાણમાં વધારે સક્ષમ બનાવે છે.

## 10.2 કોલન ક્લાસિફિકેશનમાં વિષયોનું આલેખન (Mapping of Subjects in Colon Classification):

આ પદ્ધતિ વૈજ્ઞાનિક સ્વીકૃત સિદ્ધાંતો પર આધારિત છે. જ્ઞાન વિશ્વના વિષયો યોગ્ય રીતે સમાવિષ્ટ થયેલા જોવા મળે છે.આ વર્ગીકરણ પદ્ધતિ એક સ્વયં શાશ્વત પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે. ભવિષ્યમાં નવા નવા વિષયો પ્રગટ થતા જોવા મળે છે જેનું યોગ્ય સ્થાન આ પદ્ધતિમાં જોવા મળે છે. સી.સી. માં નીચે આપેલ ચાર્ટની મદદથી વિષયોનું આલેખન કરી શકાય.

**UNIVERSE OF SUBJECTS**

↓

| ↓ | ↓ | ↓ |
|---|---|---|
| Natural Science | Humanities | Social Science |
| Main Class (મુખ્ય વર્ગ) | Main Class (મુખ્ય વર્ગ) | Main Class (મુખ્ય વર્ગ) |
| Facets (મુખક) | Facets (મુખક) | Facets (મુખક) |
| Isolates (પૃથકો) | Isolates (પૃથકો) | Isolates (પૃથકો) |

Sub Isolates *(પેટા પૃથકો)* Sub Isolates *(પેટા પૃથકો)* Sub Isolates *(પેટા પૃથકો)*

ડૉ. રંગનાથન દ્વારા જ્ઞાન વિશ્વના વિષયોનું આલેખન ત્રણ ભાગમાં કર્યું છે. પ્રથમ પ્રકૃતિ વિજ્ઞાન, માનવ વિદ્યાઓ, અને સમાજિક વિજ્ઞાનનો સમાવેશ કરે છે. આ ત્રણેય શાખાઓમાં મુખ્યત્વે મુખ્ય વર્ગ, મુખકો, પૃથકો અને પેટા પૃથકોમાં વિભાજીત થયેલાં હોય છે.

## 10.3. મૂળભૂત શ્રેણીઓ (Fundamentals Categories):

ડૉ. રંગનાથનના મત પ્રમાણે પાંચ મૂળભૂત શ્રેણીઓ જેવી કે, વ્યક્તિત્વ (Personality), વસ્તુ (Matter), વેગ (Energy), સ્થળ (Space) અને કાળ (Time) જેને આપણે PMEST કહીએ છીએ. કોઈ પણ વિષનું વર્ગીકરણ કરવા માટે દરેક મુખકો સાથે સાથે બે કે બેથી વધુ મુખકો વિષયોમાં એક સાથે પ્રગટ થયેલા જોવા મળે છે. આ પાંચ મૂળભૂત શ્રેણીઓ તેના પ્રતીકો અને સંયોજક ચિહ્નન સાથે નીચે દર્શાવેલા ટેબલમાં ઘટતી જતી વ્યાપકતાનાં ક્રમમાં રજૂ કરી શકાય.

| મૂળભૂત શ્રેણીઓ | મુખક માટેના પ્રતીકો | સંયોજક ચિન્હોના નામ |
|---|---|---|
| કાળ | [T] | ઉલ્ટાવેલું અલ્પ વિરામ (' ) |
| સ્થળ | [S] | પૂર્ણ વિરામ (. ) |
| વેગ | [E] | વિસર્ગ (: ) |
| વસ્તુ | [M] | અર્ધ વિરામ (; ) |
| વ્યક્તિત્વ | [P] | અલ્પ વિરામ (, ) |

વિષયનું વર્ગીકરણ વ્યાપકતા અને ગહનતાના આધારે કરી શકાય. ઘટતી જતી ગહનતાનો ક્રમ આપણે એક ઉદાહરણની મદદથી સમજીએ.

Classification of Books in Indian National Library in 2010

| | |
|---|---|
| 2010 | [T] |
| India | [S] |
| Classification | [E] |
| Books | [M] |
| National Library | [P] |

આ પાંચ મૂળભૂત શ્રેણીઓ આ પ્રમાણે છે:

1. **વ્યક્તિત્વ (Personality) :** આ મુખક વિષયનું હાર્દ નક્કી કરે છે. જેને મુખ્ય વર્ગ કે વિષયનું એક લક્ષણ ગણી શકાય. સી.સી.માં આ મુખકને ઉદાહરણ તરીકે સમજીએ.

| | |
|---|---|
| **English** Language | P111 |
| **Hindi** Literature | O152 |

ઉપરોક્ત બંને ઉદાહરણમાં વસ્તુ વ્યક્તિત્વ મુખક તરીકે અનુક્રમે English માટે 111 અને Hindi માટે 152 દર્શાવી શકાય.

2. **વસ્તુ (Matter):**આ મુખકને વિષયનો ગુણધર્મ કે વસ્તુ કે સામગ્રી તરીકે દર્શાવવામાં આવે છે. સી.સી.માં આ મુખકને ઉદાહરણ તરીકે સમજીએ.

| | |
|---|---|
| **Reference Books in Library** | 2; **47** |
| **Paintings on wood** | NQ; **1** |

ઉપરોક્ત બંને ઉદાહરણમાં વસ્તુ મુખક તરીકે અનુક્રમે Reference Books માટે 47 અને Wood માટે 1 અને તેને સંયોજક ચિહ્ન (; ) થી જોડવામાં આવે છે.

3. **વેગ (Energy) :** આ મુખક કોઈ પણ વિષયની ક્રિયા, કાર્યક્ષમતા અને સમસ્યા નિર્દેશિત કરે છે. સી.સી.માં આ મુખકને ઉદાહરણ તરીકે સમજીએ.

| | |
|---|---|
| **Reference Services** in National Library | 213:**7** |
| **Management** of Foreign Banks | X82105: **8** |

ઉપરોક્ત બંને ઉદાહરણમાં વેગ મુખક તરીકે અનુક્રમે Reference Services માટે 7 અને Management માટે 8 અને તેને સંયોજક ચિહ્ન (:) થી જોડવામાં આવે છે.

4. **સ્થળ (Space)**: આ મુખક ભૌગોલિક ક્ષેત્ર જેમ કે દેશ, રાજ્ય, અને શહેર માટે નિર્દેશિત કરે છે. સી.સી.માં આ મુખકને ઉદાહરણ તરીકે સમજીએ.

| | |
|---|---|
| Income Tax in **India** | X724.**44** |
| Curriculum in **USA** | T:2.**73** |

ઉપરોક્ત બંને ઉદાહરણમાં સ્થળ મુખક તરીકે અનુક્રમે India માટે 44 અને USA માટે 73 અને તેને સંયોજક ચિહ્ન (. ) થી જોડવામાં આવે છે.

5. **કાળ (Time):**આ મુખકને આ5ણે સહેલાઈથી સમજી શકીએ સમય આધારિત મિલેનિયમ, દાયકાઓ અને વર્ષમાં વિભાજીત કરી શકાય. સી.સી.માં આ મુખકને ઉદાહરણ તરીકે સમજીએ.

| | |
|---|---|
| International Trade in **20$^{th}$ Century** | X:5.1'**N** |
| University Education in **1951** | T4'**N51** |

ઉપરોક્ત બંને ઉદાહરણમાં કાળ મુખક તરીકે અનુક્રમે 20$^{th}$ Century માટે N અને 11051 માટે N51 અને તેને સંયોજક ચિહ્ન (')થી જોડવામાં આવે છે.

---

### 10.4. વર્તુળ અને સ્તર (Rounds and Levels):

---

ડો. રંગનાથનને ત્યારબાદ સમજાયું કે આ પાંચ મૂળભૂત શ્રેણીઓમાંની ત્રણ (વ્યક્તિત્વ, વસ્તુ અને વેગ) એ કોઈ પણ આપેલ વિષયમાં એક કરતા વધારે વખત પ્રગટ

થઈ શકે છે. આના લીધે જે પદ્ધતિ વિકસિત થઈ જેને રંગનાથને વર્તુળ (Rounds) અને સ્તર (Level) તરીકે ઓળખાવી છે. જે વધતી જતી ગહનતાના ક્રમને જાળવી રાખે છે.

[P] [M] [E] થી પ્રથમ વર્તુળ (Round) બને છે. વેગ [E] એ વર્તુળ રચનાનું મુખ છે. જેના વડે દ્વિતીય, તૃતીય વર્તુળ રચાય છે. એટલે કે વિષયમાં [P] [M] [E] પુનઃ સંભવી શકે. પ્રથમ [E] પછી મુખકોનું દ્વિતીય વર્તુળ શરૂ થાય છે. આ જ પ્રમાણે એક જ વર્તુળમાં [P] [M] પુનઃ સંભવી શકે છે. જેને સ્તર (Level) તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે [S] [T] માત્ર છેલ્લાં વર્તુળમાં જ આવી શકે છે.

### 10.4.1. વર્તુળોની અભિવ્યક્તિ (Manifestation of Rounds):

વર્તુળએ વિષયના મુખકીય પૃથક્કરણમાં મૂળભૂત શ્રેણીઓનો ચક્રીય પુનરાવર્તન સૂચવે છે. રંગનાથન એવું ધારે છે કે [P] [M] [E] શ્રેણીઓ વર્ગાંકમાં એક કરતા વધારે વખત પ્રગટ થયેલાં જોવા મળે છે. ખાસ કરીને વેગ [E]માં પુનરાવર્તન જોવા મળે છે. આ વેગનું બીજી અને ત્રીજી વાર પ્રગટતાને બીજો અને ત્રીજો વર્તુળ વેગ (Second and Third Rounds of Energy [2E] and [3E]) તરીકે ઓળખવામાં આવે છે. જેમ કે L- Medicine માં રોગ (Diseases) એક વર્તુળમાં અને ઉપચાર (Treatment) બીજા વર્તુળમાં જોવા મળે છે. ઉદાહરણ તરીકે,

**Title:**Treatment of disease by Inject method

**Class Number:**L: 4:616

Where,

Main Class: **L- Medicine**

L[P]: **[E]**[2P]: **[2E][3P]**

L [Organ]: [Problem] [Cause]: [Handling]

L [-]: [Disease] [-]: [Inject Method]

L [-]: [4] [-]: [616]

**L: 4:616**

ઉપરોક્ત ઉદાહરણમાં વેગનો પ્રથમ અને બીજો વર્તુળ તેમજ વ્યક્તિત્વમાં ત્રીજો વર્તુળ જોવા મળે છે.

**તમારી પ્રગતિ ચકાસો**

1. **નીચે આપેલ ટાઈટલનાં વર્ગ સંખ્યાની રચના કરો:**

a. Title: Treatment of eye disease

b. Title: Treatment of lungs disease

નોંધ: 1. તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.

2. તમારો જવાબ યુનિટના અંતમાં આપેલ જવાબ સાથે ચકાસો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

### 10.4.2. સ્તરોની અભિવ્યક્તિ (Manifestation of Levels):

સંપૂર્ણ વ્યક્તિત્વનો ખ્યાલ વિવિધ સ્તરોમાં ફેલાયેલો છે. આ સ્તરોને [P], [P2], [P3], [P4] તરીકે ઓળખવામાં આવે છે. ડો. રંગનાથનના મત પ્રમાણે વ્યક્તિત્વની અભિવ્યક્તિ કોઈ પણ વિષયની અંદર બે કે બેથી વધારે વખત જોવા મળે છે. આ પ્રકારની એક જ વર્તુળમાં પુનરાવર્તિત અભિવ્યક્તિને સ્તર (Level) તરીકે ઓળખવામાં આવે છે. આ મૂળભૂત શ્રેણીમાં વ્યક્તિત્વના સ્તરોએ સંપૂર્ણ ભાગ, હિસ્સો, અંગ અને ઘટક તરીકે નિર્દેશિત કરે છે.

**વ્યક્તિત્વના સ્તરો :**

| | | | | |
|---|---|---|---|---|
| Main Class | [P] | [P2] | [P3] | [P4] |
| O-Literature | Language | Form | Author | His work |

જેમાં, Language એ વ્યક્તિત્વનું પ્રથમ સ્તર

From એ વ્યક્તિત્વનું બીજું સ્તર

Author એ વ્યક્તિત્વનું ત્રીજું સ્તર

His wrok એ વ્યક્તિત્વનું ચોથું સ્તર

ઉદાહરણ તરીકે,

**Title:**Saket- Maithili by Sharam Gupta (Born in 1884, 6th Book)

**Class Number :** O152, 1M84, 6

Where,

Main Class: **O- Literature**

O **[P], [P2][P3], [P4]**

O [Language], [Form] [Author], [Work]

O [Hindi], [Poetry] [1884], [6th Work]

O [152], [1][M84], [6]

O152, 1M84, 6

**તમારી પ્રગતિ ચકાસો**

**2.** ***નીચે આપેલ ટાઈટલનાં વર્ગ સંખ્યાની રચના કરો :***

a. Othello by Shakespeare (Born in 1564)

b. Godan by Premchand (Born in 1880)

***નોંધઃ*** **1. *તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.***

**2. *તમારો જવાબ યુનિટના અંતમાં આપેલ જવાબ સાથે ચકાસો.***

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## 10.5. *પદ્ધતિઓ અને વિશિષ્ટતાઓ* (Systems and Specials):

જ્ઞાનવિશ્વના કેટલાંક ક્ષેત્રો એવાં છે કે જેની અંતર્ગત મુખ્ય વર્ગોમાં કેટલીક એવી પદ્ધતિઓ અને વિશિષ્ટતાઓ પ્રચલિત હોય છે. જેને એક વર્ગનું સ્વરૂપ આપી શકાય છે. એટલું જ નહીં પરંતુ તેની ઉપર વિપુલ પ્રમાણમાં સાહિત્ય પણ પ્રગટ થાય છે એટલે કે તેમને મુખ્ય વર્ગ તરીકે સ્થાન આપવાનું ન્યાયસંગત બની રહે છે.

### 10.5.1. *પદ્ધતિઓ* (Systems):

પરિસ્થિતિ વાતાવરણ અને પ્રકૃતિ માનવ વિચાર શક્તિ પર મહત્તમ અસર ઉપજાવતા પરિબળો છે પરિણામે અલગ-અલગ પરિસ્થિતિમાં જુદી-જુદી વિચારધારાઓ આકાર પામે છે આ પ્રમાણે અસ્તિત્વમાં આવેલ વિચારધારા ક્રમિક વિકાસ અને કાળ ક્રમે એક નિશ્ચિત પદ્ધતિનું સ્વરૂપ ધારણ કરે છે જેમ કે અર્થશાસ્ત્રમાં સમાજવાદી અર્થશાસ્ત્ર, સહકારી અર્થશાસ્ત્ર.

L – Medicineમાં પદ્ધતિઓ આ પ્રમાણે જોવા મળે છે.

LB Ayurveda

LC Sidhha

LD Unani

LL Homeopathy

LM Naturopathy

વર્ગ તરીકે જોઈએ તો, પદ્ધતિએ વિસ્તૃત સામાન્ય વર્ગ તરીકે ઓખવામાં આવે છે. કાળક્રમના પૃથકો સામાન્ય વર્ગની સાથે જોડાય ત્યારે પદ્ધતિમાં વિસ્તૃત મુખકનું નિર્માણ થાય છે. જેને આપણે આ પ્રમાણે સમજીએ.

Basic Class + Amplified Class= Amplified basic Class= Idea Plane

સામાન્ય વર્ગ+ વિસ્તૃત વર્ગ = વિસ્તૃત સામાન્ય વર્ગ= વિચાર સ્તર

Basic Class+ Amplified Isolate number= Amplified Basic Class (Notational Plane)

સામાન્ય વર્ગ + વિસ્તૃત પૃથક નંબર = વિસ્તૃત સામાન્ય વર્ગ= સંજ્ઞાત્મક સ્તર

ઉદાહરણ તરીકે,

**LB**- Amplified Basic Class- વિસ્તૃત સામાન્ય વર્ગ

L **(B) -** Amplified Facet- વિસ્તૃત મુખક

ઉદાહરણ તરીકે,

Title: Naturopathy treatment

Class Number: LM: 4: 6

Where,

Main Class: **L- Medicine**

L **[System],** [P]: [E] [2P]: [2E][3P]

L **[System],** [Organ]: [Problem] [Cause]: [Handling]

L **[Naturopathy],** [-]: [Disease] [-]: [Treatment]

L **[LM],** [-]: [4] [-]: [6]

**LM:** 4: 6

સી.સી.માં આ પદ્ધતિઓ અને મુખ્ય વર્ગની સાથે વ્યક્તિત્વ સ્વરૂપમાં સ્થાન આપવામાં આવેલ છે.

**10.5.2. વિશિષ્ટતાઓ (Specials):**

આધુનિક સમયમાં અનેક વિષયોના જુદા જુદા ક્ષેત્રોમાં વિશેષ અધ્યયન અને સંશોધન પ્રચલિત છે પરિણામે તેમાં વિશિષ્ટીકરણ થતું જાય છે જેમ કે, L – Medicine અને C- Physics માં વિશિષ્ટતાઓ જોવા મળે છે.

| | | |
|---|---|---|
| L9A | Specials | C9A- Specials |
| L9B | Embryo | C9B1- Molecular ray |
| L9C | Child | C10B2- Atom |
| L9D | Adolescent | |
| L9E | Old Age | |

સી.સી.માં વિશિષ્ટતાઓ દર્શાવવા માટે વિશેષ જોગવાઈ કરવામાં આવી છે.

વિશિષ્ટતા સાથેના વર્ગ નંબર રચવા માટે નીચે જણાવેલ સૂચનાઓને અનુસરવાનું રહે છે.

1. મુખ્ય વર્ગના વ્યક્તિત્વના પ્રથમ સ્તરના સ્વરૂપમાં પ્રયોગ થાય છે

2. વિશિષ્ટતાનું સ્થાન પદ્ધતિ પછી આવે છે.

ઉદાહરણ તરીકે,

Title: Export of Small Scale Industry

Class Number: X9B, 8 (A): 545

Where,

Main Class: **X- Economics**

X **[Specials],** [P]: [E] [2P]

X **[Specials],** [Business]: [Problem]

X **[Small Scale],** [Industry]: [Export]

X **[X9B],** [8 (A)]: [545]

**X9B**, 8 (A): 545

Systems and specials બંને ઉદાહરણ તરીકે,

**Title:** Homoeopathy treatment of digestive organs of children

**Class Number :** LL, 9C, 2: 4: 6

Where,

Main Class: **L- Medicine**

L **[System], [Special],**[P]: [E], [2P]: [2E][3P]

L **[System], [Special],**[Organ]: [Problem] [Cause]: [Handling]

L **[Homoeopathy], [Child],** [Digestive Organ]: [Disease] [-]: [Treatment]

L **[LL], [L9C],** [2]: [4] [-]: [6]

**LL, 9C,** 2: 4: 6

જેમાં, LL -Homoeopathy જે પદ્ધતિ તરીકે અને L9C- children જે વિશિષ્ટતા તરીકે જોવા મળે છે.

**તમારી પ્રગતિ ચકાસો**

**3. નીચે આપેલ ટાઈટલનાં વર્ગ સંખ્યાની રચના કરોઃ**

a.Ayurvedic Cure

b. Gynecology according to Siddha System

નોંધઃ **1. તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.**

**2. તમારો જવાબ યુનિટના અંતમાં આપેલ જવાબ સાથે ચકાસો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 10.6 સામાન્ય પૃથકો (Common Isolates):

સામાન્ય પૃથકની વ્યાખ્યા આપતા ડો. રંગનાથન જણાવે છે કે, 'બધા જ કે બહુસંખ્યક વર્ગોના પક્ષોમાંથી કોઈ પણ વિષય સાથે જે સંલગ્ન થઈ શકતા હોય, જેના

અલગ સમંકથી એક જ પ્રકારનો અર્થ સ્પષ્ટ થતો હોય કે એક જ પ્રકારની કલ્પના વ્યક્ત થતી હોય તથા જે વર્ગ સમંકમાં હમેશ એક જ પ્રકારનું કાર્ય કરતા હોય તેને સામાન્ય પૃથક કહેવામાં આવે છે.

સામાન્ય પૃથકો બે પ્રકારના હોય છેઃ

**10.6.1. અગ્રગામી સામાન્ય પૃથકો (Anteriroizing Common Isolates (ACI)**

જે સામાન્ય પૃથકો વર્ગાંકમાં કોઈ પણ પ્રકારના સંયોજક ચિહ્ન વગર લાગે છે તેને ACI તરીકે ઓળખવામાં આવે છે. વળી, ACI જે વર્ગાંકને લાગ્યા હોય તે વર્ગાંકનું સ્થાન મૂળ વર્ગાંકની પહેલા આવે છે. જેમ કે કોલન ક્લાસિફિકેશન માં v- Histroy અને 2- Library Science છે. અહીં, 2v એટલે કે Histroy of Library Science.

**ACI ના ત્રણ પેટા પ્રકારો છેઃ**

**10.6.1.1. સ્થળ પહેલાં આવતા સામાન્ય પૃથકો (Applicable befroe space facet )**

સ્થાન મુખક પહેલા આવતા સામાન્ય પૃથકો જેવા કે,

| Number | Term | Facet Formula |
|---|---|---|
| a | Bibliography | a [T] |
| c | Concordance | |
| d | Table | |
| e | Formula | |
| f | Atlas | f [T] |
| k | Cyclopedia | k [P], [P2] |
| m | Periodicals | m [P], [P2] |
| n | Serials | n [P], [P2] |
| p | Conference proceedings | p[P], [P2] |
| v | History | v [S], [T] |
| w | Biography | |
| | General | w [S], [T] |
| | Individual | w [P] |
| | Autobiography | w [P], 1 |
| | Ana | w [P], 2 |
| | Letters | w [P], 4 |

| | | |
|---|---|---|
| x | Works<br>General<br>Individual | <br>x [S], [T]<br>x [P} |
| y1 | Programme of Instruction | Same as for w |
| y2 | Syllabus | " |
| y3 | Symposia | " |
| y4 | Scope | " |
| y7 | Case study | " |
| y8 | Digest | " |

ઉદાહરણ તરીકે,

Title: Biography of Dr. S. R. Ranganathan (Birth 1892)

Class Number: 2**w**M92

Where,

**Main Class: 2- Library Science**

2 [P]; [M]: [E] [2P][ACI].[S][T]

2 [Library];[Material]: [Problem].[ACI]. [Space][Time]

2 [-]; [-]. [-][Biography]. [-][1892]

2 [-]; [-][w] [-][M92]

2wM92

**તમારી પ્રગતિ ચકાસો**

**4.** *નીચે આપેલ ટાઈટલનાં વર્ગ સંખ્યાની રચના કરો:*

a. Dictionary of Library Science

b. Dictionary of Library Classification

c. Dictionary of Colon Classification

d. Bibliography on Shakespeare brought up to 1981

e. Geographical Atlas (1970)

f. Herald of Library Science, India 1962+

નોંધ: **1. તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.**

**2. તમારો જવાબ યુનિટના અંતમાં આપેલ જવાબ સાથે ચકાસો.**

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

**10.6.1.2. સ્થળ પછી આવતા પૃથકો (Applicable After Space Facet)**

સ્થાન મુખક પછી આવતા સામાન્ય પૃથકો જેવા કે,

| Number | Term | Facet Formula |
|---|---|---|
| r | Administrative report | s[T] |
| s | Statistics (if periodicals) | |

ઉદાહરણ તરીકે,

**Title:** Indian Railway Report, 1972

**Class Number:** X415.44 r N72

Where,
Main Class: **X- Economics**
X [P]: [E] [2P]. [S][ACI][T]
X [Business]: [Problem]. [S][ACI] [T]
X [Railway]: [-]. [India] [Report][1972]
X [415]: [-].[44][ r][N72]
**X415.44 r N72**

**તમારી પ્રગતિ ચકાસો**

**5.** *નીચે આપેલ ટાઈટલનાં વર્ગ સંખ્યાની રચના કરો:*

a. India's Population Statistics of 1981

b. Indian Economics Tables started in 1970

*નોંધ:* **1.** *તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.*

**2.** *તમારો જવાબ યુનિટના અંતમાં આપેલ જવાબ સાથે ચકાસો.*

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

### 10.6.1.3. *સમય મુખક પછી આવતા સામાન્ય પૃથકો* (Applicable After time facet)

| | | | |
|---|---|---|---|
| s | Statistics (if stray) | v | Source material |
| t | Commission report | v5 | Literature |
| t4 | Survey | v6 | Traditions |
| t5 | Plan | v7 | Archaeology,etc (as in V History) |
| t6 | Ideal | v8 | Archive (as in V History) |

*ઉદાહરણ તરીકે,*

**Title:** Report on the Advisory committee on Libraries (India, 1957)
**Class Number:**2.44N57t

Where,

Main Class: 2- Library Science

2 [P]; [M]:[E] [2P]. [S][T][ACI]

2 [Library]; [Material]: [Problem]. [Space] [Time] [ACI]

2 [-]; [-].[India] [1957] [Commission report]

2 [-]; [-]. [44] [N57] [t]

2.44N57

**તમારી પ્રગતિ ચકાસોઃ**

**6.** *નીચે આપેલ ટાઈટલનાં વર્ગાંક સંખ્યાની રચના કરોઃ*

a. Title: Survey of Public Libraries in Gujarat, 1972

b. Title: Survey of Agriculture Libraries in India, 19810

*નોંધઃ* **1.** *તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.*

**2.** *તમારો જવાબ યુનિટના અંતમાં આપેલ જવાબ સાથે ચકાસો.*

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

### 10.6.2. અનુગામી સામાન્ય પૃથકો (Posteriroizing Common Isolates (PCI)

અનુગામી સામાન્ય પૃથકોનાં નીચે મુજબના બે પેટા પ્રકારો છે. તેમજ તેનો પ્રયોગ જે તે સંયોજક ચિહ્ન સાથે કરવામાં આવે છે અને જેને PCI લાગ્યા હોય તેનું સ્થાન મૂળ વિષય પછી આવે છે.

#### 10.6.2.1. વ્યક્તિત્વ કક્ષાએ આવતા અનુગામી સામાન્ય પૃથકો (Personality - PCI)

જેમાં, [CI], [P], [P2]:[E]

| | | | |
|---|---|---|---|
| b | Profession | f2 | Observational |
| d | Institution | f3 | Experimenting |
| e | Educational | f4 | Discussional |
| e2 | Lower | f7 | Yogic |
| e4 | Higher | g | Learned society |
| f | Investigating | h | Industrial body |
| | | k | Commercial body |
| | | w | Administrative Dept. of Government |

Title: Medical Profession in India
Class Number: Lb. 44

Where,

Main Class: **L- Medicine**

L [PCI], [P]: [E][2P]: [2E][3P].[S]

L [PCI], [Organ]: [Problem][Cause]: [Handling]. [Space], [PCI]

L [Profession], [-]: [-][-]: [-]. [India]

L [b], [-]: [-][-]: [-], [44]

Lb. 44

**તમારી પ્રગતિ ચકાસોઃ**

7. *નીચે આપેલ ટાઈટલનાં વર્ગાંક સંખ્યાની રચના કરોઃ*

a. Profession of Homeopathy in India

b. Institution of Bankers in India (11901)

નોંધઃ **1.** *તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.*

**2.** *તમારો જવાબ યુનિટના અંતમાં આપેલ જવાબ સાથે ચકાસો.*

................................................................

................................................................

................................................................

................................................................

................................................................

................................................................

................................................................

................................................................

................................................................

................................................................

................................................................

................................................................

................................................................

**10.6.2.2.** *વેગ કક્ષાએ આવતા અનુગામી સામાન્ય પૃથકો (***Energy-PCI)**

| | | | |
|---|---|---|---|
| b1 | Calculating | f3 | Experiment |
| b2 | Designing | f4 | Discussion |
| b6 | Measuring | g | Criticism |
| el | Weighing | p | Drafting |
| f | Investigation | r | Reporting |
| f2 | Observation | u | Surveying |

*ઉદાહરણ તરીકે,*

Title: Literary Criticism
Class Number: O: g

Where,

Main Class: O- Literature

O [P], [P2] [P3], [P4]: [PCI]

O [Language], [Form] [Author], [work]: [PCI]

O [-], [-] [-], [-]: [Criticism]

O [-], [-] [-], [-]: [g]

O: g

**તમારી પ્રગતિ ચકાસો**

**8.** *નીચે આપેલ ટાઈટલનાં વર્ગાંક નંબરની રચના કરોઃ*

a. Experiments on the velocity of Ultra violate light

b. Research in Colon Classification

c. Survey for Cycle Exports

*નોંધઃ* **1.** *તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.*

**2.** *તમારો જવાબ યુનિટના અંતમાં આપેલ જવાબ સાથે ચકાસો.*

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

સામાન્ય પૃથાકોના આ પ્રકારો અને તેનું કાર્ય જોતાં કોલન ક્લાસિફિકેશનની આ પાંચ વિશેષતાઓ પૈકીની Space Isolate અને Time Isolateની વિશેષતાઓનો ઉપયોગ પણ સામાન્ય પૃથકની જેમ જ કરવામાં આવે છે.

કોલન ક્લાસિફિકેશનમાં ઉપર જણાવ્યા મુજબ પાંચ પ્રકારના સામાન્ય પૃથકો આપ્યા છે. તેમજ તે માટે નાના મૂળાક્ષરો તથા અંકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## 10.7. *સંશ્લેષ સંબંધ* (Phase Relation):

આધુનિક વિજ્ઞાન યુગમાં માનવીની અભિરુચિઓ તથા કાર્ય પદ્ધતિનો વિકાસ ખૂબ જ ઝડપથી થઈ રહ્યો છે આજે એ આવશ્યક નથી રહ્યું કે રસાયણશાસ્ત્રી માત્ર રસાયણશાસ્ત્રનાં સિદ્ધાંતોમાં રસ દાખવે. વિષયોના અન્યોન્ય સંબંધો તથા આધારોને કારણે કોઈ પણ વિશેષજ્ઞ પાસે તેના વિષયને આનુસંગિક અન્ય વિષયની માહિતી હોવાનું પણ આવશ્યક બન્યું છે આમ માંગની જટિલતાઓ અને વિષયો અન્યોન્ય આધારિત બનવાના કારણે અનેક સયુંકત વિષયોની રચના અસ્તિત્વમાં આવે છે. આ સયુંકત વિષયો બે કે બેથી વધુ વિષયોના પારસ્પરિક સંબંધો પર આધારિત હોય છે. ડો. રંગનાથને સી.સી.માં આ સંભવિત પારસ્પરિક સંબંધોનું સ્પષ્ટ વિવેચન કરી તેના વર્ગાંક રચવા માટે વિશિષ્ટ સિદ્ધાંતો રજૂ કર્યા છે જેને સંશ્લેષ સંબંધો કે વિષયાંગ સંબંધો તરીકે ઓળખવામાં આવે છે.

કોલન ક્લાસિફિકેશનમાં વિષયોના પાંચ પ્રકારો તેમજ ત્રણ કક્ષાઓ ધરાવે છે

1. સામાન્ય સંબંધ
2. દ્રષ્ટિકોણ સંબંધ
3. તુલનાત્મક સંબંધ
4. વિભેદાત્મક સંબંધ
5. પ્રભાવાત્મક સંબંધ

**1. સામાન્ય સંબંધ**

આલેખાયેલ આ બંને વિષયોનું જ્યારે સમાન મહત્ત્વ હોય એટલે કે કોઈપણ વિષય વધારે કે ઓછો મહત્ત્વનો ન હોય ત્યારે તે બંને વચ્ચેનો સંબંધ સામાન્ય સંબંધ કહેવાય

**2. દ્રષ્ટિકોણ સંબંધ**

બે વિષયોમાંથી એક મુખ્ય વિષય હોય અને બીજો એ વિષયના દ્રષ્ટિકોણને સ્પષ્ટ કરતો હોય એટલે કે કોઈ વિશેષ વિવેચન કોઈ વિશિષ્ટ કે ઉદ્દેશ્યથી કરવામાં આવે તે દ્રષ્ટિકોણ સંબંધ છે

**3. તુલનાત્મક સંબંધ**

કોઈ બે વર્ગોની તુલના દર્શાવતો સંબંધ તે તુલનાત્મક સંબંધ કહેવાય.

**4. વિભેદાત્મક સંબંધ**

કોઈ બે વિષયમાં માત્ર ભેદ કે અંતર દર્શાવવામાં આવેલ હોય તે બે ભેદ છે

**5. પ્રભાવાત્મક સંબંધ**

જ્યારે બે વિષયોમાંથી એક વિષયનો પ્રભાવ અન્ય વિષય ઉપર દર્શાવવામાં આવ્યો હોય ત્યારે તે પ્રભાવાત્મક સંબંધ છે.

આ પાંચ પ્રકારના સંબંધો મુખ્ય વર્ગો, મુખકો અને પંક્તિઓમાં હોય છે

1. અંતર વર્ગ સબંધ
2. અંતર મુખક સંબંધ
3. અંતર પંક્તિ સંબંધ

કોલન ક્લાસિફિકેશનની છઠ્ઠી આવૃત્તિમાં આ સંબંધો દર્શાવવા માટે નીચે મુજબના પ્રતીકોનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

**આંતર વર્ગ, આંતર મુખક અને આંતર પક્તિ વચ્ચેનાં સંબંધો**

| Intra-Array | Intra-Facet | Phase | Nature of Relation |
|---|---|---|---|
| t | j | a | General (સામાન્ય) |
| u | k | b | Bias (દ્રષ્ટિકોણ) |
| v | m | c | Comparison (તુલનાત્મક) |
| w | n | d | Difference વિભેદાત્મક) |
| y | r | g | Influencing પ્રભાવાત્મક) |

**10.7.1. અંતર વર્ગ સંબંધ (Intra Phase Relation)**

આ પ્રકારના સંબંધમાં બે કે બેથી વધુ મુખ્ય વર્ગો વચ્ચેનો સબંધ અપેક્ષિત થતો હોય છે.

ઉદાહરણ તરીકે,

A. General relation: Political Science and Economics W**0a**X

B. Bias relation: Economics for Politicians W**0b**X

C. Comparison relation: Political Science compare to Economics W**0c**X

D. Difference relation: Difference between Political Science and Economics W**0d**X

E. Influencing relation: Influence of Economics on Political Science W**0g**X

**10.7.2. અંતર મુખક સંબંધ (Intra Facet Relation)**

જ્યારે કોઈ પણ વિષયના એક મુખ્ય વર્ગના મુખકના પૃથકો વચ્ચેના સબંધ પ્રસ્થાપિત થતો હોય છે તેવા સંબંધોને આંતર મુખક સંબંધો કહેવામાં આવે છે.

ઉદાહરણ તરીકે,

A. General relation: Trends in Morphology and Physiology G: 20j3

B. Bias relation: Physiology for Pathologist G: 30k4

C. Comparison relation: Morphology Compared to Physiology G: 20m3

D. Difference relation: Difference between Morphology and Physiology G: 20n3

E. Influencing relation: Influence of Morphology on Physiology G: 30r2

**10.7.3. અંતર પંક્તિ સંબંધ (Intra- Array Relation):**

જ્યારે એકજ મુખકના બે અંક પંક્તિય સંબંધો હોય ત્યારે તે આંતર પંક્તિ સબંધ તરીકે ઓળખવામાં આવે છે.

ઉદાહરણ તરીકે,

A. General relation: Relation between district and city libraries 221**0t**22

B. Bias relation: Lok Sabha bais to Rajya Sabha V32 **0v** 1

C. Comparison relation: Comparison between rural and urban folk Y31**0v**3

D. Difference relation: Difference between education for deaf and blind T67**0w**8

E. Influencing relation: Influence of Tamil on Malayalam Literature O32**0y**1

બે વિષયો, મુખકો, અને પંક્તિ વચ્ચેનાં ઉપરોક્ત સંબંધો '0' (શૂન્ય) સંયોજક ચિહ્ન વડે દર્શાવવામાં આવે છે. સંશ્લેષ સંબંધ ધરાવતા વિષયો, મુખકો કે પંક્તિને જોડવા માટે નીચે મુજબના ક્રમને અનુસરવામાં આવે છે.

1. સામાન્ય, તુલનાત્મક, અને વિભેદાત્મક સંબંધોઃ જે વિષય કોઠામાં પ્રથમ આપવામાં આવેલ હોય તેને પ્રથમ સ્થાન આપવામાં આવે છે.

2. દ્રષ્ટિકોણ સંબંધઃ કોઈ પણ દ્રષ્ટિકોણ અથવા ઉદ્દેશ્યથી જે વિષયનું આલેખન થયું હોય તે વિષયને પ્રથમ સ્થાન આપવામાં આવે છે.

3. પ્રભાવાત્મક સંબંધઃ પ્રભાવિત વિષયને પ્રભાવ વર્ગથી પ્રથમ સ્થાન આપવામાં આવે છે.

## તમારી પ્રગતિ ચકાસો

**10. નીચે આપેલ ટાઈટલનાં વર્ગાંક નંબરની રચના કરોઃ**

a. Relation between Botany and Zoology

b. Statistics for Physics

c. Economic relation between India and France

d. Hinduism compare with Buddhism

e. Difference between character and temperament

f. Influence of rural folk on urban folk

**નોંધઃ 1. તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.**

**2. તમારો જવાબ યુનિટના અંતમાં આપેલ જવાબ સાથે ચકાસો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

## 10.8. યુક્તિઓ (Devices)

દ્વિબિંદુ વર્ગીકરણ પદ્ધતિ એ વર્ગનું નિર્માણ કરવા માટે ચોક્કસ પ્રમાણ અને નિયમો પૂરા પાડે છે એસ. આર રંગનાથન વધારે બનાવી છે યુક્તિઓની મદદથી સ્વાગત જોવા મળે છે આ યુક્તિઓનો ઉપયોગ કરવા માટે પ્રયોજવામાં આવે છે તે આ પ્રમાણે છે

1. કાળ યુક્તિ
2. ભૌગોલિક યુક્તિ
3. વિષય યુક્તિ
4. સ્વયમ છાયા યુક્તિ
5. સ્મૃતિ સહાયકતા યુક્તિ
6. વર્ણાનુક્રમ યુક્તિ

### 10.8.1. કાળ યુક્તિ

વિષયનાં વર્ગમાં કાળની વિશેષતા દ્વારા પણ સૂક્ષ્મતા પ્રાપ્ત કરી શકાય છે. આ કાળ યુક્તિમાં યોગ્ય કાળ પૃથકના નંબરનો ઉપયોગ કરી વર્ગનું વધુ પેટા વિભાજન કરી શકાય તે સમાયેલું છે. જે કાળ વિભાજન કરવામાં કાર્યક્ષમ બનાવે છે. આ યુક્તિનો પ્રયોગ વિસ્તૃત રીતે કરવામાં આવ્યો છે.

યુક્તિ તરીકે કાળ પૃથક સંજ્ઞાનો પ્રયોગ કરતી વખતે તેના સંયોજક ચિહ્નની આવશક્યતા રહેતી નથી.

ઉદાહરણ તરીકે,

Title: Shakespeare's Hamlet

Class Number: O111, 2J64, 51

Title: Kalidas

Class Number: O15, 2D40

Title: Bernard Shaw (Born in 1856)

Class Number: O111, 2M56

### 10.8.2. ભૌગોલિક યુક્તિઃ

વિષય વિસ્તાર માટે ભૌગોલિક પૃથકોની લેવામાં આવેલ સહાયને ભૌગોલિક

યુક્તિ તરીકે ઓળખવામાં આવે છે. દરેક ભૌગોલિક પંક્તિના વર્ગમાં સમાંતર ક્રમ સુનિશ્ચિત થયેલા હોય છે. જે આપણને મદદરૂપ બને છે.

યુક્તિ તરીકે, સ્થળ પૃથક સંજ્ઞાનો પ્રયોગ કરતી વખતે સંયોજક ચિહ્નની આવશ્યક્તા રહેતી નથી.

ઉદાહરણ તરીકે,

Title: Function of Indian Prime Minister up to 1960-

Class Number: V44, 21: 3' N7

Title: Commercial Banks in India

Class Number: X 625.44

### 10.8.3. વિષય યુક્તિ

વિષય યુક્તિનો ઉપયોગ કોઈ પણ મુખ્ય વર્ગમાં અન્ય વિષયના વર્ગાંકનંબરનો ઉપયોગ કરવામાં આવે તેને વિષય યુક્તિ તરીકે ઓળખવામાં આવે છે. આ યુક્તિના સંકલિત વર્ગોએ કોઈ પણ પંક્તિમાં સમાવિષ્ટ થયેલા જોવા મળે છે. આ યુક્તિના વર્ગો સામાન્ય રીતે અનુસૂચિમાં અથવા તો નિયમોમાં નિર્દેશિત થયેલા હોય છે.

ઉદાહરણ તરીકે,

Title: Calculating Machine તૈયાર વર્ગાંક આપેલ છે.

Class Number: M (B1)

અહીં,

M: Useful Arts

B1: Mathematics

વિષય યુક્તિ દર્શાવવા માટે () કૌંસની અંદર વિષયનો નંબર મૂકવામાં આવે છે.

Title: Teaching Algebra at Secondary level

Class Number: T2:3 (B1)

### 10.8.4. સ્વયં છાયા યુક્તિ

સ્વયં છાયા એ કોઈ એક વસ્તુને બીજી વસ્તુ પર લાદવામાં આવે અથવા તો મૂકવામાં આવે તેને સ્વયં છાયા યુક્તિ કહેવામાં આવે છે.

સ્વયં છાયા યુક્તિમાં બે વસ્તુઓ સમાયેલી છે:

i. મુખકની અંદરનો એક નંબર એ જ મુખકના બીજા નંબર સાથે જોડાયેલો હોય
ii. સાથે તેના હેતુ માટે વિશિષ્ટ સંયોજક ચિહ્ન પસંદ કરવામાં આવે છે

બે મુખકો શિડ્યુલમાં અલગ અલગ રીતે રજૂ થયેલા હોય અને બંને મુખકોને જોડવા માટે સંયોજક ચિહ્ન (-) હાઈફન દ્વારા જોડી રજૂ કરવામાં આવે છે

ઉદાહરણ તરીકે,

Title: Urban Youth

Class Number: Y12-33

Title: Veins of Arms

Class Number: L36-163

### 10.8.5. સ્મૃતિ સહાયક યુક્તિ

આધુનિક વર્ગીકરણ પદ્ધતિમાં સ્મૃતિસહાયક સંજ્ઞાનું મહત્ત્વ સ્પષ્ટ કરતાં બર્વિક સેયર્સ જણાવે છે કે આધુનિક વર્ગીકરણમાં સર્વ સામાન્ય ગુણ તે સંજ્ઞાની સ્મરણ સહાયકતા છે. સંજ્ઞાની સ્મરણ સહાયકતા વર્ગકાર (Classifier) માટે અત્યંત મહત્ત્વની છે. તેને વારંવાર કોઠાઓ કે સૂચિનાં પાનાં ફેરવવાનાં રહેતાં નથી.

સી.સી. માં ભાવાત્મક સ્મૃતિ સહાયકતાનો ઉપયોગ વિપુલ પ્રમાણમાં કરવામાં આવ્યો છે. જેમ કે,

અંક 1 માટે એકતા, પરમેશ્વર, વડો, અધિકારી, વિશ્વ, વિકાસક્રમમાં પ્રથમ વગેરે

| | |
|---|---|
| બાળમનોવિજ્ઞાન | S1 |
| વિશ્વઈતિહાસ | V1 |
| અંક 2 માટે સમતલ, આકાર, રચના, બંધારણ વગેરે | |
| ભારતીય બંધારણ | V2:2 |
| માનવશરીર રચના | L:2 |
| અંક 3 માટે સ્થળ, ઘનાકાર, પૃથક્કરણ વગેરે | |
| ઘનભૂમિતિ | B633 |
| જીવ- ઈન્દ્રિય વિજ્ઞાન | G:3 |
| અંક 4 માટે ઉષ્ણતા, નિદાન, રોગ, પરિવહન વગેરે | |
| વનસ્પતિ રોગો | I:4 |
| માનવ રોગો | L:4 |
| અંક 5 માટે વેગ, પ્રકાશ, જળ, સ્ત્રી વગેરે | |
| સ્ત્રી સમાજ | Y15 |
| સ્ત્રી કેળવણી | T55 |
| અંક 6 માટે સૂક્ષ્મ, ગૂઢ, અસામાન્ય વગેરે | |
| અસામાન્ય મનોવિજ્ઞાન | S6 |

| | |
|---|---|
| અસામાન્ય માટે કેળવણી | T6 |
| અંક 7 માટે વ્યક્તિત્વ, હિસાબ, મૂલ્ય વગેરે | |
| માનવ વ્યક્તિત્વ | T:7 |
| વનસ્પતિ વ્યક્તિત્વ | I:7 |
| અંક 8 માટે પ્રવાસ, વ્યવસ્થા વગેરે | |
| ગ્રંથાલય વ્યવસ્થા | 2:8 |
| શૈક્ષણિક વ્યવસ્થા | T:8 |

### 10.8.6. વર્ણાનુક્રમ યુક્તિ

જો કોઈ પંક્તિમાં કેન્દ્રબિંદુ અને સ્પષ્ટ કરવા અનુવર્ણક્રમ યુક્તિનો પ્રયોગ કરવામાં આવે તો અસીમિત સંખ્યામાં પંક્તિઓ મેળવી શકાય. આ યુક્તિમાં પૃથકના પેટા વિભાજન અથવા તો કોઈ તત્વનાં મોટા કેપિટલ મૂળાક્ષરો જેમાં પ્રથમ મૂળાક્ષર અથવા પ્રથમ બે કે ત્રણ મૂળાક્ષરોનો ઉપયોગ સમાયેલો છે. આ યુક્તિમાં જે યોગ્ય નામો અમલમાં લેવામાં આવ્યા છે તે નામો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સ્વીકારવામાં આવ્યા હોય છે.

ઉદાહરણ તરીકે,

Title: Hero Cycle

Class Number: D5125H

Title: Basmati Rice

Class number: J381B

Title: Dasehari Mango

Class Number: J3751D

Title: Travel of Udaipur

Class Number: U447183U

આ પ્રમાણે વિવિધ યુક્તિઓના પ્રયોજનથી વર્ગકારને સ્વાયત્તતા આપીને તત્કાલીન સમસ્યાઓનું સમાધાન તેના યોગ્ય સ્વરૂપમાં હલ કરી શકે છે.

## 10.9 સારાંશ (Summary)

આ યુનિટની અંદર અનુસૂચિઓ અને કેટલીક પદ્ધતિઓ પ્રસ્તુત કરવામાં આવી છે.

આ યુનિટમાં નીચે જણાવ્યા પ્રમાણેના મુખ્ય મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી છે.

1. સીસી માં વર્ગ નંબરની રચનાની સાથે વિષયમાં આવેલ પાંચ મૂળભૂત શ્રેણીઓ તેમજ વર્તુળ અને સ્તરોનું નિર્દેશન કરવામાં આવ્યું છે.

2. બે પ્રકારના સામાન્ય પૃથકો જે ACI અને PCI ની ઉદાહરણો સહિત સમજૂતી આપવામાં આવી છે.
3. વિશિષ્ટતાઓ અને પદ્ધતિઓની સમજણ વિવિધ ઉદાહરણો સાથે આપવામાં આવી છે.
4. જટિલ વિષયોના વર્ગીકરણ માટે સંશ્લેષ સંબંધો વધારે મહત્ત્વના છે.ત્રણ પ્રકારના સંશ્લેષ સંબંધો કે જેમાં આંતર વર્ગ, મુખક અને પક્તિનો સમાવેશ કરવામાં આવ્યો છે.
5. વર્ગકારની સ્વાયત્તા માટે સીસીમાં વિવિધ યુક્તિઓ આપવામાં આવેલી છે જે યુક્તિઓને પણ ઉદાહરણો સહિત સમજાવી છે.

## 10.10 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (Answer the Self Check Exercise)

**1. a. Title:** Treatment of eye disease

**Class Number:** L185: 4:6

Where,

Main Class: **L- Medicine**

L [P]: **[E]** [2P]: **[2E][3P]**

L [Organ]: [Problem] [Cause]: [Handling]

L [Eye]: [Disease] [-]: [Treatment]

L [185]: [4] [-]: [6]

**L185: 4:6**

**b. Title:** Treatment of lung disease

**Class Number:** L45:4:6

Where,

Main Class: **L- Medicine**

L [P]: **[E]** [2P]: **[2E][3P]**

L [Organ]: [Problem] [Cause]: [Handling]

L [Lungs]: [Disease] [-]: [Treatment]

L [45]: [4] [-]: [616]

**L45: 4:6**

2. a. **Title:** Othello by Shakespeare (Born in 1564)

**Class Number:** O111, 2J64

Where,

Main Class: **O- Literature**

O **[P], [P2] [P3], [P4]**

O [Language], [Form] [Author], [Work]

O [English], [Drama] [1564], [-]

O [111], [2][J64], [-]

O111, 2J64

b. **Title:** Godan byPremchand (Born in 1880)

**Class Number:**O152, 3M8

Where,

Main Class: **O- Literature**

O **[P], [P2] [P3], [P4]**

O [Language}, [Form] [Author], [Work]

O [Hindi], [Fiction] [1880], [-]

O [152], [3][M8], [-]

O 152, 3M8

3. a. Title: Ayurvedic Cure

**Class Number:** LB: 4: 6

Where,

Main Class: **L- Medicine**

L **[System], [Special],** [P]: [E] [2P]: [2E][3P]

L **[System], [Special],** [Organ]: [Problem] [Cause]: [Handling]

L **[Ayurveda], [-],** [-]: [Disease] [-]: [Treatment]

L **[LB], [-],** [-]: [4] [-]: [6]

**LB**: 4: 6

b. Title: Gynecology according to Siddha System

**Class Number:** LC, 9F, 4: 6

Where,

Main Class: **L- Medicine**

L **[System], [Special],** [P]: [E] [2P]: [2E][3P]

L **[System], [Special],** [Organ]: [Problem] [Cause]: [Handling]

L **[Siddha], [Female],** [-]: [Disease] [-]: [Treatment]

L **[LC], [L9F],** [-]: [4] [-]: [6]

**LC, 9F**: 4: 6

| | | |
|---|---|---|
| 4 | a. Dictionary of Library Science | 2**k** |
| | b. Dictionary of Library Classification | 2:51**k** |
| | c. Dictionary of Colon Classification | 2: 51N3**k** |
| | d. Bibliography on Shakespeare brought up to 1981 | O111, 2J64**a**N81 |
| | e. Geographical Atlas (1970) | U**f**N7 |
| | f. Herald of Library Science, India 1962+ | 2**m**44, N62 |

5. a.**Title:**India's Population Statistics of 1981

**Class Number:** Y:5.44sN81

Where,

Main Class: **Y- Sociology**

Y [P]: [E] [2P]: [2E] [3P]. [S][ACI][T]

Y [Group]: [Problem]: [Secondary Problem] [ACI] [T]

Y[-]: [Population]: [-] [India] [Statistics][1981]

Y[-]: [5]: [-]. [44] [ s][N81]

**Y: 5.44sN81**

b. Indian Economics Tables started in 1970

Class Number: X.44**d**N7

Where,

Main Class: **X- Economics**

X [P]: [E] [2P]. [S][ACI][T}

X [Business]: [Problem]. [S][ACI] [T]

X [-]: [-]. [India] [Table][1970]

X [-]: [-]. [44] [d][N7]

**X.44dN7**

**6.** a. Title: Survey of Public Libraries in Gujarat, 11072

Class Number: 22.443661 N72t4

Where,

Main Class: 2- Library Science

2 [P]; [M]: [E] [2P]. [S] [T][ACI]

2 [Library]; [Material]: [Problem]. [Space] [Time] [ACI]

2 [Public Library]; [-] :[-] .[Gujarat] [1972][ Survey]

2 [2]; [-] :[-]. [443661] [N72] [t4]

22.44361N72t4

b. Title: Survey of Agriculture Libraries in India, 1981

Class Number: 24(J).44N81t4

Where,

Main Class: 2- Library Science

2 [P]; [M]: [E] [2P]. [S] [T][ACI]

2 [Library]; [Material]: [Problem]. [Space] [Time] [ACI]

2 [Special Agriculture]; [-]. [India] [1981][Survey]

2 [4 (J)]; [-]. [44] [N81] [t4]

24(J).44 N81t4

**7.** **a.** Title: Profession of Homeopathy in India

Class Number: LL.44b

Where,

Main Class: **L- Medicine**

L [P]: [E], [2P]: [2E][3P].[S], [PCI]

L [System], [Organ]: [Problem], [Cause]: [Handling]. [Space], [PCI]

L [Homeopathy][-]: [-], [-]: [-]. [India], [Profession]

L [LL], [-]: [-], [-]: [-]. [44], [b]

LL.44b

b. Title: Institution of Bankers in India (1901)

Class Number: X62.44,dN01

Where,

Main Class: **X- Economics**

X [P]: [E] [2P]. [S][PCI][T]

X [Business]: [Problem]. [S],[PCI] [T]

X [Bank]: [-]. [India], [Institution] [11001]

X [62]: [-]. [44] [d][N01]

X62.44,dN01

8. a. Title: Experiments on the velocity of Ultra violate light

Class Number: C52: 21:f3

Where,

Main Class: C- Physics

C5: Light, Radiation

C5 [P]: [E] [2P]: [PCI]

C5 [Wave Length], [Problem]: [PCI]

C5 [Ultra Violet]: [Velocity]: [Experiment]

C5 [2]: [21]: [f3]

C52: 21: f3

b. Title: Research in Colon Classification
Class Number: 2: 51N3: f

Where,

Main Class: 2- Library Science

2 [P]; [M]: [E] [2P]: [PCI]

2 [Library]; [Material]: [Problem] [T]: [PCI]

2 [-]; [-] :[Classification] [11030]: [Research (Investigation)]

2 [-]; [-]:[51] [N3]: [f]

2: 51N3: f

c. Title: Survey for Cycle Exports
Class Number: X8 (D5125): 545: U

Where,

Main Class: **X- Economics**

X [P]: [E] [2P]: [PCI]

X [Business]: [Problem]: [PCI]

X [Industry (Cycle)]: [Exports]: [Survey]

X [8 (D5125)]: [525]: [u]

X8 (D5125):545: U

10. a. Title: Relation between Botany and Zoology
    Class Number: I**0a**K
  b. Statistics for Physics
    Class Number: B28**0b**C
  c. Title: Economic relation between India and France
    Class Number: X.44**0j**73
  d. Title: Hinduism compare with Buddhism
    Class Number: Q2**0m**4
  e. Title: Difference between character and temperament
    Class Number: S: 74**0w**5
  f. Title: Influence of rural folk on urban folk
    Class Number: Y31**0y**3

## 10.11 ચાવીરૂપ શબ્દો (Key Words)

**Common Isolate** *(સામાન્ય પૃથકો)* : આ પૃથક છે જે બધા જ મુખ્ય વર્ગોમાં સામાન્ય રીતે જોવા મળે છે.

**Facet** *(મુખક)* : એક મૂળભૂત શ્રેણીઓના આધારે પૃથકોમાં જૂથ તરીકે ઓળખાય છે.

**Isolate Idea** *(પૃથક વિચાર)* : પાંચ મૂળભૂત શ્રેણીઓમાંનું એક કે જેમાં એક એકમ તરીકે વિચારનું નિદર્શન કરે છે.

**Phase Relation** *(સંશ્લેષ સંબંધ)* : આંતર વર્ગ, મુખક અને પંક્તિ વચ્ચેના સંબંધ

## 10.12 સંદર્ભો અને વિશેષ વાંચન


* Kaula, P. N. (1985). *A Treatise on Colon Classification.* New Delhi: Sterling Publication.
* Pratap, S. M. (2002). *Manual of Practical Colon Classification.* New Delhi: Concept Publishing Company.
* Ranganatahan, S. R. (1960). *Colon Classification* (6th ed.). Banglore: Sharda Ranganathan Endowment for Library Science.
* Sharma, C., & Sharma, A. K. (2007). *Library Classification.* New Delhi: Atlantic.


*

| એકમ 11 | વર્ગીકરણના પગથિયાં |
|---|---|

<u>રૂપરેખા</u>

11.0. હેતુઓ

11.1. પ્રસ્તાવના

11.2. ત્રણ સ્તરોના કાર્ય

11.2.1. વિચાર સ્તર

11.2.2. શાબ્દિક સ્તર

11.2.3. સંજ્ઞાત્મક સ્તર

11.3. આઠ-પગથિયાં પદ્ધતિ

11.4. ઉદાહરણોનો ઉકેલ

11.5. સારાંશ

11.6. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

11.7. ચાવીરૂપ શબ્દો

11.8. સંદર્ભો અને વિશેષ વાંચન

## 11.0. હેતુઓ (Objectives):

આપણે યુનિટ 8 અને 9માં દ્વિબિંદુ વર્ગીકરણ પદ્ધતિ વિષેનું માળખું તેમજ અનુસૂચિઓ તથા નિયમો અંગે ચર્ચા કરી. આ યુનિટમાં ડો. એસ. આર. રંગનાથન દ્વારા આપવામાં આવેલા વર્ગીકરણના આઠ પગથિયાંઓની ચર્ચા કરીશું. જે આઠ પગથિયાંઓનો તાર્કિક રીતે ઉપયોગ કોઈ પણ પુસ્તક કે પ્રલેખનું વર્ગીકરણ કરવા માટે થાય છે.

આ યુનિટ વાંચ્યા પછી તમે નીચે મુજબ સક્ષમ બની શકશો:

- પુસ્તક કે પ્રલેખનું વર્ગીકરણ કરવા માટે ત્રણ સ્તરના કાર્યોની સમજૂતી
- પુસ્તક કે પ્રલેખનું વર્ગીકરણ કરવા માટે ડો. એસ. આર. રંગનાથન દ્વારા આપવામાં આવેલા વર્ગીકરણના આઠ પગથિયાંની પદ્ધતિનું વર્ણન સમજશો.
- દરેક તબક્કે વિષયોનું વર્ગીકરણ કરતા સર્જાતી ગૂંચવણ માટે આ આઠ-પગથિયાં પદ્ધતિની મદદ.

## 11.1. પ્રસ્તાવના (Introduction):

દ્વિબિંદુ વર્ગીકરણ પદ્ધતિમાં વિવિધ ટેકનીક્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ યુનિટની અંદર ડો. એસ. આર. રંગનાથન દ્વારા આપવામાં આવેલા ત્રણ સ્તરોના

કામથી તમે પરિચિત થઈ શકશો. જેમ કે વિચાર સ્તર, શાબ્દિક સ્તર, અને સંજ્ઞાત્મક સ્તર. અને સાથે ત્રણ સ્તરોના કામમાં જુદા જુદા આઠ પગથિયાંની પદ્ધતિ પણ હાથ ધરવામાં આવી છે. કોઈ પણ પુસ્તક કે પ્રલેખનું વર્ગીકરણ પદ્ધતિસર થાય તે માટે આ આઠ- પગથિયાં પદ્ધતિની સમજણ ડો. રંગનાથને કરી છે. જેની મદદથી વર્ગીકરણની પ્રક્રિયા વધુ સરળ બને છે. આ યુનિટમાં વિવિધ ઉદાહરણોના ઉકેલ આપવામાં આવ્યા છે જેનાથી વર્ગીકરણની સંપૂર્ણ પ્રક્રિયા સમજવામાં મદદરૂપ બનશે.

## 11.2. *ત્રણ સ્તરોના કાર્ય* (3 Level Function)

*ડૉ. એસ. આર. રંગનાથને આપેલ વર્ગીકરણ પદ્ધતિ એ* Idea *(વિચાર),* Verbal *(શાબ્દિક) અને* Notational *(સંજ્ઞાત્મક)માંથી પસાર થઈ છે. જેમાં પ્રથમ વિષયનું પૃથક્કરણ કરવામાં આવે છે એટલે કે વર્ગોનું નિર્માણ કરવામાં આવે છે આ પ્રક્રિયાને વિચાર સ્તરમાં લઈ શકાય. ત્યારબાદ પછીનું પગથિયું છે વિષયની ઓળખ જેમાં વિષયોને રજૂ કરવા માટે જુદા જુદા શબ્દોનું જૂથ અને એ શબ્દોને ગોઠવી તેને મુખક સૂત્ર અનુસાર અનુક્રમ આપી દરેક પૃથક પદોને ગોઠવવામાં આવે છે તેને શાબ્દિક સ્તર કહેવાય છે. છેલ્લા ગ્રુપ વિષયને ઓળખ્યા બાદ જુદા-જુદા પૃથક પદોને યોગ્ય સંજ્ઞામાં રુપાંતર કર્યા પછી સંયોજક ચિહ્નો વડે જોડી દેવામાં આવે છે મૂળ વિષયો અને પૃથક પદોને સંયોજિત કરી વર્ગ સમંક આપવામાં આવે છે તેને સંજ્ઞાત્મક સ્તર કહેવામાં આવે છે.*

*આ પુસ્તક ત્રણ સંયોજિત પ્રક્રિયા સીસીની નીચે પ્રમાણે ત્રણ સ્તરોમાં વહેંચાયેલો છે*

- ***વિચાર સ્તર* (Idea plane)** *: વિષયનું પૃથકરણ*
- ***શાબ્દિક સ્તર* (Verbal plane)***: મૂળ વિષયની ઓળખ અને પદો અને તેની ફરીથી ગોઠવણી*
- ***સંજ્ઞાત્મક સ્તર* (Notational plane)***: મૂળ વિષયના પૃથક પદોનું સંજ્ઞામાં રૂપાંતરિત કરી તે સંજ્ઞાના ને સંયોજક ચિન્હો વડે સંયોજિત કરવી*

### 11.2.1. *વિચાર સ્તર* (Idea Plane)

*ગ્રંથાલય વર્ગીકરણ પદ્ધતિમાં પ્રથમ તો જ્ઞાન વિશ્વના વિષયોની ગણતરી કરવામાં આવે છે જે* Idea *વિચારથી થાય છે વિચાર સ્તર* (Idea plane) *એ એક અદ્રશ્ય સ્તર* (Invisible Plane) *તરીકે ઓળખવામાં આવે છે. વિચારો એ ભાષાના માધ્યમથી બદલાય જાય છે.*

*વિચાર સ્તરમાં વિષયના કોઈ પણ પ્રલેખ કે પુસ્તકનું પૃથક્કરણ કરવામાં આવે છે પ્રથમ કાર્ય વિચાર સ્તરનું એ છે કે મૂળભૂત વિષયને ઓળખવું. જ્ઞાન વિશ્વ વિષયોનું પૃથ્થકરણ અને તેનો અભ્યાસ વિચાર સ્તરમાં સમાયેલો છે. તેમાં પુસ્તકો કે પ્રલેખો એ સહાયક ક્રમમાં ગોઠવાયેલા હોય છે અને આ ગોઠવણી જ ગ્રંથાલય માટે સૌથી વધુ અગત્યની છે. વિચાર સ્તરમાં માત્ર જાણીતા વિષયોનું પૃથક્કરણ કરવાનું નથી પરંતુ તેમાં ઉમેરાયેલા નવા વિષયો હાલના વિષયો સાથે કોઈ પણ પ્રકારની અડચણ વિના પદ્ધતિમાં સમાવવામાં આવે છે અને તેનું ઘણું મહત્ત્વનું છે.*

વિચાર સ્તરમાં નીચે પ્રમાણેના તબક્કાઓ જોવા મળે છે

1. તારવવામાં આવેલા સૂચિત પદોના ટુકડા કરવા.
2. વિષયના નામની સંપૂર્ણ સ્પષ્ટતા
3. મુખકોનું પૃથક્કરણ
   - સમય અને સ્થળ અભિવ્યક્તિ
   - વેગન અભિવ્યક્તિ
   - પદાર્થ અભિવ્યક્તિ
   - વ્યક્તિત્વ અભિવ્યક્તિ અને છેલ્લે

**4. પૃથક્કૃત કરેલ મુખકોને સંયોજિત કરવા.**

ઉપરોક્ત આપેલા પગથિયાંઓ તબક્કાઓથી ઉદાહરણ ને સરળતાથી સમજી શકાય.

**ઉદાહરણ**

**Title: Cataloguing of books in research libraries in India in 1955**

Step 1: Circulation, newspaper, Research Libraries, India, 1955

Step 2: Circulation, newspaper, Research Libraries (Library Science), India, 1955

Step 3:

| | |
|---|---|
| Library Science | Basic Class |
| India | Space facet |
| 1955 | Time facet |
| Cataloguing | Energy facet |
| Books | Matter facet |
| Research libraries | Personality facet |

Step 4: Library Science [Basic Class], Research Libraries [P], Books [M], Cataloguing [E]

**નોંધ:** Step 2 માં પ્રલેખના વિષયનો વિચાર રજૂ કરવામાં આવ્યો છે. મુખ્ય વર્ગ Library Science ને કૌસમાં ()માં મુકવામાં આવ્યો છે.

**Step 4 માં આપેલ મુખક સુત્ર પ્રમાણે 2 [P]; [M]: [E] [2P] (જુઓ સીસી પાન નંબર 2.30)**

**11.2.2. શાબ્દિક સ્તર (Verbal plane)**

શાબ્દિક સ્તર એ વર્ગીકરણ પ્રક્રિયાનું બીજું પગથિયું કહેવાય છે. શાબ્દિક સ્તરનું કાર્ય વિચારોને શબ્દો કે પદોમાં દર્શાવવાનું છે. આ પગથિયાંમાં કુદરતી ભાષા

અથવા તો ટેક્નિકલ શબ્દાવલીમાં પ્રમાણિત કરેલા શબ્દોમાં રૂપાંતરિત કરવામાં આવ્યા છે આ કાર્યમાં તેના ખ્યાલોની અભિવ્યક્તિ વર્ગીકરણની અનુસૂચિમાં પૂરી પાડવામાં આવતા ટેકનિક્લ શબ્દાવલિ અથવા તો કુદરતી ભાષામાં સમાયેલા હોય છે તેમ છતાં શાબ્દિક સ્તરમાં કેટલાક કારણોને લીધે સમસ્યાઓ રહેતી હોય છે.

- સામાન્ય શબ્દોના અર્થ અને અસ્પષ્ટતા
- સમાનાર્થી શબ્દોની અસર
- નવા શબ્દોનું સર્જન સતત થતું રહે છે જેના લીધે તેનું ચલણ જાળવી રાખવામાં મુશ્કેલી

**Example:**

Step 5: Library Science [BC], Books [M], Cataloguing [E], India [S], 1955 [T]

**11.2.3. સંજ્ઞાત્મક સ્તર (Notational plan)**

વર્ગીકરણનો છેલ્લો તબક્કો જે સંજ્ઞાત્મક સ્તરથી થતો જોવા મળે છે. મૂળ વિષય અને પૃથક વિચારને રજૂ કરવા સામાન્ય નંબરનો ઉપયોગ કરવામાં આવે છે આ પદ્ધતિમાં સામાન્ય નંબરો જે વર્ગોને રજૂ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે તેને સંજ્ઞાત્મક પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે. આ તબક્કો આપણે નોટેશનલનો પ્લેન તરીકે ઓળખાય છે.

સંજ્ઞા દ્વારા પદોને બદલવા આ સંજ્ઞાના ચોક્કસ મતલબ હોય છે અર્થ હોય છે સામાન્ય અંકોની આ કુત્રિમ ભાષા જેમાં પ્રલેખો ને ગોઠવવામાં મદદરૂપ બને છે. સંજ્ઞાએ નંબરોનું સ્તર છે જેમાં નંબરો દ્વારા ખ્યાલોને રજૂ કરવામાં આવે છે.

**Example:**

| | | | |
|---|---|---|---|
| Step 6: | Library Science | [M.C] | = 2 |
| | Research Libraries | [P] | = 36 |
| | Books | [M] | = 43 |
| | Cataloguing | [E] | =55 |
| | India | [S] | = 44 |
| | 1955 | [T] | = N55 |

Step 7: Synthesis

Facet Formula= 2[P]; [M]: [E][2P]

| | | | | | |
|---|---|---|---|---|---|
| 2 | 36 | ; 43 | :55 | .44 | ‘N55 |
| [B.C] | [P] | [M] | [E] | [S] | [T] |

એટલે કે વર્ગ સમંક (વર્ગ નંબર) આ પ્રમાણે બનશે.

**236; 43: 55. 44 ‘N55**

**તમારી પ્રગતિ ચકાસો**

1. ત્રણ સ્તરોના કાર્ય વચ્ચેનો સ્તર સંબંધ જણાવો.

નોંધઃ 1. તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.

2. આ યુનિટના અંતે તમારો જવાબ ચકાસો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

---

## 11.3. *આઠ પગથિયાં પદ્ધતિ* (Eight Step Method)

---

*વર્ગીકરણના આ સામાન્ય સિદ્ધાંતોને આધારે વર્ગીકરણને આપણે આદર કરીએ છીએ કે કોઈ પણ પ્રલેખના વર્ગ નંબરમાં ચોક્કસ વિષય અંકિત થયેલો હોય છે. કુદરતી ભાષામાંથી વર્ગીકૃત ભાષામાં કરવામાં આવેલું ભાષાંતર છે. ડો. રંગનાથન દ્વારા સૂચવવામાં આવેલ આ આઠ ક્રમિક પગથિયાંઓ કે જેમાં ભાષાંતર સમાયેલું છે આ આઠ-પગથિયાં પદ્ધતિ ગ્રંથાલય વર્ગીકરણના સિદ્ધાંતો હેઠળ તેની વિચારણા કરવામાં આવી છે આ પદ્ધતિથીને અનુસરવાથી શિખાવ માણસ વર્ગીકરણ શીખવા માટેની કળાનો એક સારો અનુભવ મેળવી શકે છે વર્ગીકરણ પ્રક્રિયાને જુદાજુદા 0 થી 8 પગથિયાંઓમાં વહેંચવામાં આવ્યું છે જે આ પ્રમાણે છે.*

| | |
|---|---|
| સ્ટેપ શૂન્ય | (0) Raw title *(કાચુ શીર્ષક/ગ્રંથનામ)* |
| સ્ટેપ એક | *(1)* Expressive title *અર્થપૂર્ણ શીર્ષક/ગ્રંથનામ* |
| સ્ટેપ બીજું | *(2)* Kernel title *શીર્ષક/ગ્રંથનામના હાર્દ પદો અથવા તો હાર્ડ શીર્ષક કે ગ્રંથનામ* |
| સ્ટેપ ત્રીજુ | *(3)* Analysed title *પૃથક્કરણ શીર્ષક/ગ્રંથનામ* |
| સ્ટેપ ચોથુ | *(4)* Transformed title *રૂપાંતરિત શીર્ષક/ગ્રંથનામ* |
| સ્ટેપ પાંચમુ | *(5)* Title in standard terms *શીર્ષક/ ગ્રંથનામમાં પ્રમાણિત પદો* |
| સ્ટેપ છઠ્ઠુ | *(6)* Title in focal numbers *શીર્ષક/ગ્રંથનામના ફોકલ નંબરો* |
| સ્ટેપ સાતમું | *(7)* Synthesised of class number *વર્ગ નંબરનું સંયોજન* |
| સ્ટેપ આઠમું | *(8)* Verification by reverse translation *ચકાસણી* |

*ઉપરોક્ત પગથિયાંમાં જે શૂન્યથી ચાર પગથિયાં છે જે વિચાર સ્તરથી સંબંધિત છે. પાંચમું પગથિયુ જે શાબ્દિક સ્તરથી સંબંધિત છે. અને પગથિયા નંબર છથી સાત જે સંજ્ઞાનાત્મક સ્તરથી સંબંધિત છે.*

**Step 0 Raw title** *: કાચું શીર્ષક /ગ્રંથનામ વિચાર સ્તરના કાર્ય સાથે સંબંધિત શીર્ષક કે ગ્રંથનામ જોવા મળે છે એ લેખના જરૂરી અથવા તેના પાન નંબર ઉપર જે શીર્ષક/ગ્રંથનામ હોય છે.*

**Step 1 Expressive title** *: અર્થપૂર્ણ શીર્ષક/ ગ્રંથનામ આ પગથિયાંમાં આપણે ગ્રંથ નામ ઓર વિષયને સમાવવામાં ન આવ્યો હોય તો તેને ઉમેરીશું ગ્રંથ નામ પાન ઉપર આપવામાં આવેલ શીર્ષકમાં બધા જ મુકો ને આવરી લેવામાં આવ્યા છે જે પ્રલેખના વિષયનું ગ્રંથ નામ કે શિક્ષક તરીકે અર્થપૂર્ણ શીર્ષક તરીકે ઓળખાવી શકાય જો અર્થપૂર્ણ શીર્ષક સંપૂર્ણ રીતે વ્યક્ત થતું ન હોય તો તેને મૂળ વિષય અથવા તો પૃથક પદોને ઉમેરવા જોઈએ જો અમુક કિસ્સામાં કાચુ શીર્ષક કે ગ્રંથ નામમાં અમુક શબ્દો ઉત્પન્ન કરવા પડતા હોય તો ત્યાર બાદ તેમાં મૂળભૂત ઘટક શબ્દોમાંથી તેને બદલવા જોઈએ.*

**Step 2 Kernel title** *: આ પગથિયામાં એવા પદો શીર્ષક/ ગ્રંથનામનું હાર્દ વિચાર સૂચવે છે એનો મતલબ ઘણા બધા એવા શબ્દો ગૌણ અને સહાયક શબ્દો જેવા કે* of, in, fro *શબ્દો ને દૂર કરવામાં આવે છે હાર્દ ધરાવતા પદો એટલે કે એવા પદો કે જેમાં ગૌણ કે સહાયક શબ્દો હોતા નથી. ગૌણ કે સહાયક શબ્દો સિવાયનું શીર્ષક અને હાર્દ શીર્ષક તરીકે ઓળખવામાં આવે છે.*

**Step 3 Analysed title** *: પૃથક્કરણ શીર્ષક / ગ્રંથનામ આ પગથિયામાં વિષયને* BC *લેબલ કરવામાં આવે છે દરેક પૃથક પદ શબ્દ અને નક્કી કરાયેલા એક સંક્ષિપ્ત રૂપ કે જેની અભિવ્યક્તિ આ પાંચ મૂળભૂત શ્રેણીઓ* (PMEST) *માં પૃથક પદને રજૂ કરવામાં આવે છે સાથે-સાથે વર્તુળ અને સ્તરના સંક્ષિપ્ત રૂપોને પણ ધ્યાનમાં લેવામાં આવે છે. સંક્ષિપ્ત રૂપો જેમકે વ્યક્તિગત મુખક માટે* P *(સ્તરો માટે* P1, P2,

P3 અને વર્તુળ માટે 2P) વસ્તુ મુખક માટે M વેગ મુખક માટે E (વર્તુળ માટે 2E) સ્થળ મુખક માટે S અને સમય મુખક માટે વગેરે સંક્ષિપ્ત રૂપો મૂકવામાં આવે છે.

**Step 4 Transformed title** : રૂપાંતરિત શીર્ષક/ ગ્રંથનામ આ ચોથા પગથિયામાં એ સહાયક ક્રમના સર્વ સામાન્ય સિદ્ધાંત અનુસાર હાર્દ પદો સાથે સંબંધિત કેટલાક સંક્ષિપ્ત રૂપોને ફરીથી ગોઠવવામાં આવે છે

**Step 5 Title in Standard terms** : શીર્ષક / ગ્રંથનામ પ્રમાણભૂત પદો આ પાંચમાં પગથિયાંમાં હાર્દ પદોને પ્રમાણિત શબ્દોમાં રૂપાંતરિત કરવામાં આવે છે જેના માટે વર્ગીકરણ પદ્ધતિના અનુસૂચિનો ઉપયોગ પણ કરવામાં આવે છે આ એક એવું પગથિયું છે કે તે શાબ્દિક સ્તર સાથે સંબંધિત છે.

**Step 6 Title in focal numbers** : શીર્ષક/ગ્રંથનામમાં ફોકલ નંબરો વર્ગીકરણ પદ્ધતિની અનુસૂચિમાં આપેલ સંબંધિત નંબરો કે જે મૂળ વિષય અથવા તો તેની સાથે ઉપયોગમાં લેવાતા પૃથક પદોને નંબર સાથે બદલવામાં આવે છે.

**Step 7 Synthesised class number** : ફોકલ નંબરમાંથી વર્ગ નંબરમાં આવેલ દરેક લેબલો અને પૂર્ણ વિરામ અને દૂર કરવામાં આવે છે. યોગ્ય સંયોજક ચિહ્નો જે વર્ગીકરણ પદ્ધતિમાં સૂચિત કરવામાં આવેલા છે તેની મદદથી દરેક પૃથક નંબરો ને સંયોજિત કરવામાં આવે છે.

**Step 8 Verification by reverse translation** : વિપરીત ભાષાંતર દ્વારા ચકાસણી: આ પગથિયાંમાં ક્રમવાચક ભાષામાંથી કુદરતી ભાષામાં ભાષાંતર સમાયેલું છે જે સંજ્ઞાત્મક સ્તરમાંથી શાબ્દિક સ્તરમાં જોવા મળે છે.

ચકાસણી દ્વારા સી સીમાં વર્ગ નંબરનું વિસ્તરણ આપણે તપાસી શકીએ. સાકળમાં શોધાતા મથાળાઓની કડીનો ઉપયોગથી વર્ગ નિર્દેશી નોંધ સાંકળ પ્રક્રિયા દ્વારા રચી શકાય.

આ ઉપરોક્ત પગથિયાંઓને ઉદાહરણના રૂપમાં જોઈએ તો

ઉદાહરણ તરીકે

Title: Feeding of Cattles in India

Step 0 Raw title: Feeding of Cattles in India

Step 1 Full title: Feeding of Cattles in India (Animal Husbandry)

Step 2 Kernel title: Feeding, Cattles, India, Animal Husbandry

Step 3 Analysed title: Feeding [E] Cattles [P] India [S] Animal Husbandry [BC]

Step 4 Transformed title: Animal Husbandry [BC] Cattles [P] Feeding [E]

Step 5 Title in standard terms: Animal Husbandry [BC] Cattle [P] Feeding [E] India [S]

Step 6 Titles in focal numbers: (Notational plane)

KZ [BC] 2 [P] 1[E] 44 [S]

Step 7 Synthesized class number

KZ 2:1. 44

Step 8 Verification by reverse translation

KZ is Basic class

2 is Personality facet

1 is Energy facet

44 is Space facet

આનો અર્થ એ થાય કે "Feeding of Cattles in India"

---

## 11.4. ઉદાહરણોનો ઉકેલ (Solution of Example)

---

**1. Title: Newspaper Selection in University Libraries in India**

Step 0 Raw title: Newspaper selection in University Libraries in India

Step 1 Full title: Newspaper selection in University Libraries (Library Science) in India

Step 2 Kernel title: Newspaper, Selection, University Libraries, India, Library Science

Step 3 Analysed title: Newspaper [M] Selection [E] University Libraries [P] India [S] Library Science [BC]

Step 4 Transformed title: Library Science [BC] University Libraries [P] Newspaper [M] Selection [E]

Step 5 Title in standard terms: Library Science [BC] University [P] Newspaper [M] Selection [E] India [S]

Step 6 Titles in focal numbers: (Notational plane)

2 [BC] 34 [P] 45 [M] 81[E] 44[S]

Step 7 Synthesised class number

**234; 45: 81.44**

Step 8 Verification by reverse translation

2 is Basic class

34 is Personality facet

45 is Matter facet

81 is Energy facet

44 is Space facet

આનો અર્થ એ થાય કે "Newspaper Selection of University library in India"

**2. Title: Maintenance work in libraries for the blind in India**

Step 0 Raw title: Maintenance work in libraries for the blind in India

Step 1 Full title: Maintenance work in libraries for the blind (Library Science) in India

Step 2 Kernel title: Maintenance work, Blind library, Library Science, India

Step 3 Analysed title: Maintenance work [E] Blind library [P] Library Science [BC] India [S]

Step 4 Transformed title: Library Science [BC] Blind [P] Maintenance work [E]

Step 5 Title in standard terms: Library Science [BC] Blind [P] Maintenance [E] India [S]

Step 6 Titles in focal numbers: (Notational plane)

2 [BC] 68 [P] 88 [E] 44 [S]

Step 7 Synthesised class number

**268: 88.44**

Step 8 Verification by reverse translation

2 is Basic class

68 is Personality facet

88 is Energy facet

44 is Space facet

આનો અર્થ એ થાય કે "Maintenance work in libraries for the blind in India"

**3. Title: Maintenance of Television**

Step 0 Raw title: Maintenance of Television

Step 1 Full title: Maintenance of Television, Electronics (Engineering)

Step 2 Kernel title: Maintenance, Television, Electronics, Engineering

Step 3 Analyzed title: Maintenance [E] Television [P2] Electronics [P] Engineering [BC]

Step 4 Transformed title: Engineering [BC] Electronics [P] Television [P2] Maintenance [E]

Step 5 Title in standard terms: Engineering [BC] Electronics [P] Television [P2] Maintenance [E]

Step 6 Titles in focal numbers: (Notational plane)

D [BC] 65 [P] 45 [P2] 82 [E]

Step 7 Synthesized class numbers

**D65, 45: 82**

Step 8 Verification by reverse translation

D is Basic class

65 is Personality facet

45 is Personality second level

82 is Energy facet

*આનો અર્થ એ થાય કે* "Maintenance of Television"

**તમારી પ્રગતિ ચકાસો**

**2.** ***નીચે આપેલ ટાઈટલના વર્ગાંકની રચના કરો.***

1. Harvesting of Wheat crops in Gujarat during 2018
2. Rainfall in Japan brought up to 1999's
3. Anger of Children

***નોંધઃ*** **1.** ***તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.***

**2.** ***આ યુનિટના અંતે તમારો જવાબ ચકાસો.***

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

.............................................................

.............................................................

.............................................................

### 11.5. સારાંશ (Summary)

આ યુનિટમાં તમે વર્ગીકરણની પ્રક્રિયા વિશે પરિચિત થયા જે ત્રણ પ્રકારના સ્તરોના કાર્ય સાથે હાથ ધરવામાં આવેલ છે. વર્ગીકરણની સંપૂર્ણ પ્રક્રિયા એ આઠ પગથિયાં પદ્ધતિ ઉપર આધાર રાખે છે. આ આઠ પગથિયાં પદ્ધતિને ત્રણ ભાગમાં ત્રણ સ્તરોના કાર્યથી વહેચવામાં આવેલ છે. આ ત્રણ સ્તરો જેવા કે વિચાર, શાબ્દિક અને સંજ્ઞાત્મક જેની સમજણ ડો. રંગનાથન દ્વારા કરવામાં આવી છે. આ આઠ પગથિયાં પદ્ધતિની મદદથી કાચુ ગ્રંથનામ,સંપૂર્ણ ગ્રંથનામ, હાર્દ ગ્રંથનામ, પૃથ્થકરણીય ગ્રંથનામ, રૂપાંતરિત ગ્રંથનામ, ગ્રંથનામમાં પ્રમાણભૂત પદો, ગ્રંથનામમાં ફોકલ નંબરો અને છેલ્લે વર્ગ નંબર, જેનાથી કોઈ પણ વર્ગકાર સરળથી જટિલ વિષયનું વર્ગીકરણ પદ્ધતિસર રીતે કરી શકે.

### 11.6. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (Answer the Self Check Exercise)

**1.1 ત્રણ સ્તરનાં કાર્ય વચ્ચેનો આંતર સંબંધ**

| | | |
|---|---|---|
| વિચાર સ્તર | = | વર્ગ (જૂથનું નિર્માણ) |
| શાબ્દિક સ્તર | = | વિષય નામ નક્કી કરવા |
| સંજ્ઞાનાત્મક સ્તર | = | વર્ગ નંબરથી વિષયના વર્ગ નક્કી કરવા |

ત્રણ સ્તર વચ્ચેનો આ સંબંધ જેમ કે

વર્ગ = વિષય = વર્ગ નંબર

**2.1. Title: Harvesting of Wheat crops in Gujarat during 2018**

Step 0 Raw title: Harvesting of Wheat crops in Gujarat during 2018

Step 1 Full title: Harvesting of Wheat crops (Agriculture) in Gujarat during 2018

Step 2 Kernel title: Harvesting, Wheat crops, Agriculture, Gujarat, 2018

Step 3 Analysed title: Harvesting [E] Wheat crops [P] Agriculture [BC] Gujarat [S] 2018[T]

Step 4 Transformed title: Agriculture [BC] Wheat crops [P] Harvesting [E]

Step 5 Title in standard terms: Agriculture [BC] Wheat [P] Harvesting [E] Gujarat [S] 2018 [T]

Step 6 Title in focal numbers: (Notational plane)

J [BC] 382 [P] 7 [E] 4436 [S] Q18 [P] T

Step 7 Synthesised class number

**J382: 7.4436; P18**

Step 8 Verification by reverse translation

J is Basic class

382 is Personality facet

7 is Energy facet

4436 is Space facet

P18 is Time facet

આનો અર્થ એ થાય કે "Harvesting of Wheat crops in Gujarat during 2018"

**2. Title: Rainfall in Japan brought up to 1999's**

Step 0 Raw title: Rainfall in Japan brought up to 1999's

Step 1 Full title: Rainfall in Japan (Geography) brought up to 1999's

Step 2 Kernel title: Rainfall, Japan, Geography, 1999

Step 3 Analysed title: Rainfall [P] Japan [S] Geography [BC] 1999 [T]

Step 4 Transformed title: Geography [BC] Rainfall [P] Japan [S] 1999 [T]

Step 5 Title in standard terms: Geography [BC] Rainfall [P] Japan [S] 1999 [T]

Step 6 Title in focal numbers: (Notational plane)

U [BC] 2855 [P] 42 [S] N99 [T]

Step 7 Synthesized class number

**U2855. 42. N99**

Step 8 Verification by reverse translation

U is Basic class

2855 is Personality facet

42 is Space facet

N99 is Time facet

આનો અર્થ એ થાય કે "Rainfall in Japan brought up to 1999's"

**3. Title: Anger of Children**

Step 0 Raw title: Anger of Children

Step 1 Full title: Anger of Children (Psychology)

Step 2 Kernel title: Anger, Children, Psychology

Step 3 Analysed title: Anger [E] Children [P] Psychology [BC]

Step 4 Transformed title: Psychology [BC] Children [P] Anger [E]

Step 5 Title in standard terms: Psychology [BC] Pre-adolescent [P] Anger [E]

Step 6 Title in focal numbers: (Notational plane)

S [BC] 15 [P] 524 [E]

Step 7 Synthesised class number

**S15: 524**

Step 8 Verification by reverse translation

S is Basic class

15 is Personality facet

524 is Energy facet

આનો અર્થ એ થાય કે "Anger of Children"

## 11.7. ચાવીરૂપ શબ્દો (Key Words)

**Focal Number** *(ફોકલ નંબર):* પૃથક વિચાર અથવા મૂળ વિષયની સંજ્ઞાની રજૂઆત

**Kernel Title** *(હાર્દ ગ્રંથનામ) :* ગ્રંથનામ સિવાયના ગૌણ કે સહાયક નામો જેવા કે નામ કે શબ્દયોગી અવ્યય, સંધિ તેમજ આર્ટીકલ્સ

## 11.8. સંદર્ભો અને વિશેષ વાંચન (Refernces and Further Reading)


* Ranganatahan, S. R. (1989). *Prolegomena to Library Classificarion.* Banglore: Sarada Ranganathan Endowment for Library Science.

* Ranganathan, S. R. (1990). *Colon Classification.* Bangalore: Sarada Ranganathan Endowment for Library Science.

* Sharma C. K, S. A. (2007). *Library Classification.* New Delhi: Atlantic.

* છગન ભૈયા (1938). ગ્રંથાલય વર્ગીકરણ પ્રવેશિકા. અમદાવાદ: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય.


★

| એકમ 12 | જૈવિક વિજ્ઞાન (Biological Sciences) |
| --- | --- |

**રૂપરેખા**

**12.0** *હેતુઓ*

**12.1** *પ્રસ્તાવના*

**12.2** *જીવવિજ્ઞાન*

**12.3** *વનસ્પતિશાસ્ત્ર*

**12.4** *પ્રાણીશાસ્ત્ર*

**12.5** *ભૂસ્તર વિજ્ઞાન*

**12.6** *કૃષિ વિજ્ઞાન*

**12.7** *ચિકિત્સા વિજ્ઞાન*

**12.8** *સારાંશ*

**12.9** *તમારી પ્રગતિ ચકાસો*

**12.10** *ચાવીરૂપ શબ્દો*

**12.11** *સંદર્ભો અને વિશેષ વાંચન*

## 12.0 *હેતુઓ* (Objectives):

*આ યુનિટમાં આપણે અનુસૂચિના કેટલાક જૈવિક વિજ્ઞાનના મુખ્ય વર્ગો પ્રસ્તુત કરીશું. આ યુનિટ વાંચ્યા પછી તમે નીચે પ્રમાણે સક્ષમ બની શકો.*

- *આ યુનિટમાં દરેક મુખ્ય વર્ગોના મુખકોના સૂત્રોની સમજણ માટેની ચર્ચા કરવામાં આવી છે.*
- *આ મુખ્ય વર્ગો સાથે સંબંધિત વિષયોના પુસ્તકો માટે વર્ગાંકની રચના કરવી.*

## 12.1 *પ્રસ્તાવના* (Introduction):

*જૈવિક વિજ્ઞાનના જૂથ સાથે સંબંધિત કેટલાક મુખ્ય વર્ગોની ચર્ચા આ યુનિટમાં કરવામાં આવી છે. કેટલાક મુખ્ય વર્ગોમાં કેટલીક વસ્તુઓ સમાન જોવા મળે છે. જીવવિજ્ઞાન, વનસ્પતિ શાસ્ત્ર અને પ્રાણીશાસ્ત્રમાં મુખક* [E] *માં સમાનતા જોવા મળે છે. ઘણા પૃથકોની ગણના મુખ્ય વર્ગ ચિકિત્સા વિજ્ઞાનમાં ખાસ કરીને* '4' Disease [E] *મુખકમાં અને* '4' Pathology [2E] *મુખકમાં તેનો ઉપયોગ જ્યાં સૂચના આપવામાં આવી હોય ત્યાં કરવામાં આવે છે.*

મુખ્ય વર્ગ કૃષિવિજ્ઞાનમાં આપણે વિવિધ મુખકોનો ખ્યાલ સમજવાનો પ્રયાસ કરીશું.

મુખ્ય વર્ગ ચિકિત્સા વિજ્ઞાનમાં આપણે સ્વયં છાયા યુક્તિનો તેમજ પદ્ધતિ અને વિશિષ્ટતાઓને સમજવાનો પ્રયાસ કરીશું.

## 12.2 જીવવિજ્ઞાન (Biology)

જીવવિજ્ઞાન એ વિજ્ઞાનની શાખા છે. જેમાં જીવંત વસ્તુઓનો અભ્યાસ કરવામાં આવે છે. જ્યારે plants, animal અને human beingનો સંયુક્ત અભ્યાસ કરવામાં આવે ત્યારે મુખ્ય વર્ગ જીવવિજ્ઞાનનો ઉપયોગ કરવામાં આવે છે.

મુખ્ય વર્ગ જીવવિજ્ઞાન માટેના મુખકોનું સૂત્ર આ પ્રમાણે છે.

G [P]: [E] [2P]

Foci in [P] = Organ and special grouping

Foci in [E] [2P] = Problem

મુખક [P] માં માત્ર Organ ના નંબરો '1', '91', '95'અનુસૂચિમાં તેની ગણના કરવામાં આવી છે. Organ નંબર '1' માટે general account of life તરીકે અને બાકીમાં વિભાજનો L- Medicine અને I- Botany માં એકસરખા જોવા મળે છે.

ઉદાહરણ તરીકે,

Title: Microscopically anatomy

Class Number: G11: 19

Where,

Main Class: G- Biology

G [P]: [E] [2P]

G [Organ and special grouping]: [Problem]

G [sell]: [Microscopically Anatomy]

G [11]: [19]

G11: 19

ઉદાહરણ

Title: Chemical Examination of Cell Membrane

Class Number: G111: 403

Where,

Main Class: G- Biology

G [P]: [E] [2P]

G [Organ and special grouping]: [Problem]

G [Cell Membrane]: [Chemical Examination]

G [111]: [403]

G111: 403

*નોંધ :* **403** *સમંક એ* **L Medecine***ના* **[2] [3P]** *મુખકમાંથી લેવામાં આવ્યો છે.*

## તમારી પ્રગતિ ચકાસો

1. *નીચે આપેલ ટાઈટલનાં વર્ગાંકની રચના કરોઃ*

   a. **List of Rivers in India**

   b. **Cell metabolism**

   *નોંધઃ* 1. *તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.*

   2. *તમારો જવાબ યુનિટના અંતમાં આપેલ જવાબ સાથે ચકાસો.*

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

## 12.3 વનસ્પતિશાસ્ત્ર (Botany)

વનસ્પતિશાસ્ત્ર એ એક એવો વિષય છે કે જેમાં છોડને ઉછેરવા સંબંધિત વૈજ્ઞાનિક અભ્યાસ કરવામાં આવે છે.

વનસ્પતિશાસ્ત્ર મુખ્ય વર્ગના મુખકોનું સૂત્ર આ પ્રમાણે છે.

I [P], [P2]: [E] [2P]

જ્યાં,

Foci in [P] = Natural Group

Foci in [P2] = Organ

Foci in [E][2P] = Problem

મુખક [P] [P2] ની ગણના કરવામાં આવી છે. મુખક [P]માં "Natural group' કે જેમાં પૃથક નંબર '1' માટે Cryptolamla,'2' માટે Thallophyta,'3' માટે Bryophyta, '4' માટે Pteridophyta, '5' માટે Phaneropmia (floweringplant), '6' માટે Gymnospem, '7' માટે Monocotyledon, '8' માટે Dlcotyledon પેટાવિભાજન કરવામાં આવ્યું છે.

પૃથક નંબર '95' માટે Ecological groups માં વિભાજનો નીચે પ્રમાણે ઉમેરાઓ જોવા મળે છે.

952 Creeper

953 Climber

9597 Insectivorous plant

મુખક [P2]માં Organ ના functional system '2' થી '8' પૃથક નંબરો L-Medicine[P] મુખકમાંથી જ્યારે જરૂર જણાય ત્યારે ઉપયોગમાં લેવામાં આવે છે.

મુખક [E] [2P]ના પૃથક નંબરો એ મુખ્ય વર્ગ G- Biology જેવા સરખા છે. જેમાં '8' Pale botany તેની સાથે ઉમેરવામાં આવ્યું છે.

મુખ્ય વર્ગ I- Botanyમાં અનુસૂચિના અંતે 'Index to Natural Groups' માં પૃથક નંબરો આપવામાં આવ્યા છે જે તમને તેનું સ્થાન મુકરર કરવા માટે મદદરૂપ બનશે.

ઉદાહરણ તરીકે,

Title: Morphology of flowers

Class Number: I5, 16: 2

Where,

Main Class I- Botany

I [P], [P2]: [E] [2P]

I [Natural group], [Organ]: [Problem]

I [Flowering Plants], [Flower]: [Morphology]

I [5], [16]: [2]

I5, 16: 2

## તમારી પ્રગતિ ચકાસો

2. *નીચે આપેલ ટાઈટલનાં વર્ગાંક નંબરની રચના કરોઃ*

**a. Title: Physiology of Leaves**

**b. Physiology of Root hair of flowering plant**

*નોંધઃ* **1.** *તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.*

**2.** *તમારો જવાબ યુનિટના અંતમાં આપેલ જવાબ સાથે ચકાસો.*

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 12.4 *પ્રાણીશાસ્ત્ર* (Zoology)

*પ્રાણીશાસ્ત્ર એ વિવિધ પ્રકારના પ્રાણીઓ ક્યાં અને કેવી રીતે રહે છે એ અંગેનો વૈજ્ઞાનિક અભ્યાસ છે.*

*મુખ્ય વર્ગ* K–Zoology *ના મુખકોનું સૂત્ર આ પ્રમાણે છે.*

K [P]: [E] [2P]

*જ્યાં,*

Foci in [P] = Natural Group

Foci in [E] [2P] = Problem

*મુખક* [P]*ની અનુસૂચિમાં ગણના કરવામાં આવેલી છે. વિભાગ* 2 *થી* 8 *એ પ્રાણીઓના* Natural Group *તરીકે તેનો ઉપયોગ થાય છે.*

K –Zoology *માટે અનુસૂચિના અંતે* Natural Group *માટે સૂચિ આપવામાં આવી છે જે અનુસૂચિમાં* Natural Group *ના પૃથકોનું સ્થાન મુકરર કરવામાં ઉપયોગી નીવડે છે*

*મુખક* [E] [2P] *ના પૃથકો જે મુખ્ય વર્ગ* G- Biology*ના પૃથકોની જેમ સરખા છે. વધુમાં બે પૃથકો નીચે પ્રમાણે આપવામાં આવ્યા છે.*

591 Relation to young ones

595 Courting

*ઉદાહરણ તરીકે,*

Title: Physiology of Crocodilia

Class Number: K946: 3

Where,

Main Class: K- Zoology

K [P]: [E] [2P]

K [Natural Group]: [Problem]

K [Crocodilia]: [Physiology]

K [946]: [3]

K946: 3

*નોંધ:* Physiology ‘3’ G- Biology[E] *મુખકમાંથી લેવામાં આવેલ છે.*

**તમારી પ્રગતિ ચકાસો**

3. *નીચે આપેલ ટાઈટલનાં વર્ગાંક નંબરની રચના કરો:*

**a. Natural History of Amphibia**

**b. Genetic Study of Primates**

*નોંધ:* **1.** *તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.*

**2.** *તમારો જવાબ યુનિટના અંતમાં આપેલ જવાબ સાથે ચકાસો.*

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## 12.5 ભૂસ્તર વિજ્ઞાન (Geology)

*ભૂસ્તર વિજ્ઞાનમાં મટીરીયલ્સ જેવા કે* Rocks, Soil *વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે. કે જે પૃથ્વી બનાવવામાં તેમજ દુનિયાના ઈતિહાસમાં ફેરફારો કરવા માટે થાય છે.*

*મુખ્ય વર્ગ* H- Geology*માં કેટલાક વિભાજનો આ પ્રમાણે છે.*

H1 Mineralogy

H2 Petrology

H6 Paleontology

H7 Economic Geology

H8 Cosmic Hypotheses

મુખ્ય વર્ગ H- Geologyમાં મુખકોનું સૂત્ર આ પ્રમાણે છે :

H [P]: [E] [2P]

જ્યાં,

Foci in [P] = Substance

Foci in [E] [2P] = Problem

ઉદાહરણ તરીકે,

Title: Genesis of diamond

Class Number: H191: 16

Where,

Main Class: H- Geology

H1 Mineralogy

H1 [P]: [E] [2P]

H1 [Substance]: [Problem]

H1 [Diamond]: [Genesis]

H1 [19]: [16]

H191: 16

ઉદાહરણ

Title: Platinum ores of South Africa

Class Number: H71879. 62

Where,

Main Class: H- Geology

H7 Economic Geology

H7 [P]: [E] [2P]. [S]

H7 [Substance]: [Problem]. [Space]

H7 [Platinum]: [-]. [South Africa]

H7 [1879]: [-]. [62]

H71879. 62

નોંધ: Platinum (1879) E- Chemistryમાંથી લેવામાં આવેલ છે.

**તમારી પ્રગતિ ચકાસોઃ**

4. *નીચે આપેલ ટાઈટલનાં વર્ગ નંબરની રચના કરોઃ*

a. Volcanoes of France

b. Title: Earthquake of Japan

***નોંધઃ*** 1. *તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.*

2. *તમારો જવાબ યુનિટના અંતમાં આપેલ જવાબ સાથે ચકાસો.*

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## 12.6 *કૃષિવિજ્ઞાન* (Agriculture)

*કૃષિ વિજ્ઞાન એક કળા છે અથવા તો ખેતી કરવા માટેની સૂઝવાળી પદ્ધતિ છે. ખાસ કરીને તેમાં પાકને ઉછેરવામાં આવે છે. કૃષિ વિજ્ઞાનમાં* economic plant, plantation *અને* harvesting *વગેરે સંબંધિત અભ્યાસ કરવામાં આવે છે.*

*મુખ્ય વર્ગ* J- Agriculture *માં મુખકોનું સૂત્ર આ પ્રમાણે છે.*

J [P], [P2]: [E] [2P]: [2E] [3P]

જ્યાં,

Foci in [P] = Plant

Foci in [P2] = Organ

Foci in [E] [2P] = Problem

i. Nature for 1 soil of [E]

ii. Substance for 2 Manure of [E]

iii. Substance for 3 Propagation of [E]

iv. Cause for 4 Disease of [E]

v. Material for 7 harvesting of [E]

Foci in [2E] [3P] = Operation

મુખક [P] Plant number ને ચાર ભાગમાં વિભાજીત કરવામાં આવ્યું છે. જેમાં પ્રથમ અંક Utility number, બીજો અંક Part name અને ત્રીજો અંક Genus number અથવા તો special number રજૂ કરે છે. જો ત્રીજો અંક Genus number રજૂ કરતો હોય તો ચોથો અંક તેની species રજૂ કરશે. Plant numberના પછીના અંકો cultivar રજૂ કરે છે.

ઉદાહરણ તરીકે,

Parimal Rice

Class number: /381P

Where,

3= Utility Number

8= Part Name

1= Genus Number

P= Cultivar (Cultivar number વર્ણાનુક્રમ યુક્તિ દ્વારા મેળવવામાં આવ્યો છે.)

Foci [E] અનુસૂચિની અંદર ગણના કરવામાં આવી છે. Foci in [E]ના કેટલાક પૃથકો માટે, Foci [2P] અને [2E] [E]ની અલગ અલગ અવગણના કરવામાં આવે છે, જેન 'નિવેદક' મુખક તરીકે ઓળખવામાં આવે છે.

પૃથક નંબર '1' Soil માટે મુખક [2E]ની ગણના કરવામાં આવી છે.

ઉદાહરણ તરીકે,

Title: Tillage of Soil for Wheat Cultivation

Class Number: J382: 1: 2

| |
|---|
| Where, |
| **Main Class: J- Agriculture** |
| J [P], [P2]: [E] [2P]: [2E] [3P] |
| J [Plant], [Organ]: [Problem]: [Operations] |
| J [Wheat], [-]: [Soil]: [Tillage] |
| J [382], [-]: [1]: [2] |
| J382: 1: 2 |

પૃથક નંબર '2' Manureના મુખક [E] માટે મુખક [2P] અને [2E]ની ગણના કરવામાં આવી છે.

ઉદાહરણ તરીકે,

Title: Application of Municipal Refuse for Carrot Cultivation

Class Number: J333: 23: 3

| |
|---|
| Where, |
| **Main Class: J- Agriculture** |
| J [P], [P2]: [E] [2P]: [2E] [3P] |
| J [Plant], [Organ]: [Problem]: [Operations] |
| J [Carrot], [-]: [Manure and Municipal refuse]: [Application] |
| J [333], [-]: [23]: [3] |
| J333: 23: 3 |

પૃથક '3' Propagation માટેના [E] મુખકમાં [2P] માટે તેની જોગવાઈ કરવામાં આવી છે. જે મુખક [2E] એ પંક્તિ વિભાગના મુખક [P] ના જેમ સરખી છે.

ઉદાહરણ તરીકે,

Title: Showing of bulb for Lily Propagation

Class Number: J16911: 3: 3

| |
|---|
| Where, |
| **Main Class: J- Agriculture** |
| J [P], [P2]: [E] [2P]: [2E] [3P] |
| J [Plant], [Organ]: [Problem]: [Operations] |
| J [Lily], [-]: [Propagation]: [Showing] |
| J [16911], [-]: [3]: [3] |
| J16911: 3: 3 |

પૃથક '4' Disease [E] મુખકમાં, મુખક [2P] અને [2E] એ L- Medicine મુખકોની જેમ સરખું છે.

ઉદાહરણ તરીકે,

Title: Preservation of Bacterial Disease of Grape Plants

Class Number: J374: 424: 5

Where,

**Main Class: J- Agriculture**

J [P], [P2]: [E] [2P]: [2E] [3P]

J [Plant], [Organ]: [Problem]: [Operations]

J [Grape], [-]: [Bacterial Disease]: [Preservation]

J [374], [-]: [424]: [5]

J374: 424: 5

**નોંધ:** મુખક [E][2P] 4 માટે Diseases અને 24 માટે bacterial છે.

પૃથક '7' Harvesting [E] મુખક માટે, મુખક [2P] એ પંક્તિ વિભાગના મુખક [P] ની જેમ સરખી છે. મુખક [2E] [3P]ની ગણના કરવામાં આવી છે.

ઉદાહરણ તરીકે,

Title: Harvesting of wheat in Punjab during summer of 2018

Class Number: J382: 7. 4436 'P18

Where,

**Main Class: J- Agriculture**

J [P], [P2]: [E] [2P]: [2E] [3P]. [S] '[T]

J [Plant], [Organ]: [Problem]: [Operations]. [Space] '[Time]

J [Wheat], [-]: [Harvesting]: [-]. [Punjab] '[2018]

J [382], [-]: [7]: [-]. [4436] '[P18]

J382: 7. 4436 'P18

**તમારી પ્રગતિ ચકાસો:**

**5.** ***નીચે આપેલ ટાઈટલનાં વર્ગાંક નંબરની રચના કરો:***

a. Fungus Disease of Wheat Crops

b. Threshing of Corn Seed

**નોંધઃ 1. તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.**

**2. તમારો જવાબ યુનિટના અંતમાં આપેલ જવાબ સાથે ચકાસો.**

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## 12.7 ચિકિત્સા વિજ્ઞાન (Medicine)

ચિકિત્સા વિજ્ઞાન એ માનવ જાતના રોગોને સમજવાનું અને તેની સારવાર માટેનું વિજ્ઞાન છે.

મુખ્ય વર્ગ L- Medicine ના મુખકોનું સૂત્ર આ પ્રમાણે છે.

L [P]: [E] [2P]: [2E] [3P]

જ્યાં,

Foci in [P] = Organ

Foci in [E] = Problem

Foci in [2P] = Cause

Foci in [E] [2P] = Handling

મુખક [E] માં પૃથક નંબર '4' Disease માટે અને [2E] [3P] ની જોગવાઈ કરવામાં આવી છે. જે Handling તરીકે વપરાય છે.

Organ ના મુખક [P]માં પૃથક નંબર '1' એ માનવ શરીરના પ્રાદેશિક વિભાજન તરીકે સમર્પિત થયેલો છે. જ્યારે Organ number 2 થી 8 કાર્યાત્મક વિભાજન તરીકે સમર્પિત થયેલા છે. આ બંને વિભાજનોના પૃથક નંબરોને Super Imposition Device (SID) સ્વયં છાયા યુક્તિ વડે જોડવામાં આવે છે.

ઉદાહરણ તરીકે,

